ઉમ્મહાતુલ મુઅમિનીન

# અઝવાજે અંબિયા

## અલયહિસ્સલામ

અંબિયા અલયહિસ્સલામની
પાકિઝા બીબીઓની જીવનઝરમર

કિંમત
રૂા. ૨૫-૦૦

: પ્રકાશક :
બઝ્મે રૂકનુદ્દીન નકશબંદી મુજદ્દિદી
ભઠીયાર ગલી નાકા, ત્રણદરવાજા
અહમદાબાદ-૩૮૦૦૦૧ (ભારત)

७८६ : ९२

# અઝવાજે અંબિયા
# અલયહિસ્સલામ

* નબીઓ (અલયહિસ્સલામ) ની પુનિત પત્નિઓ *
(ટૂંક જીવનઝરમર)

: પ્રકાશક :

બઝમે રૂકનુદ્દીન નકશબંદી મુજદ્દિદી
ભઠીયારગલીના નાકે, ત્રણ દરવાજા,
અહમદાબાદ - ૩૮૦૦૦૧,
ભારત.

પુસ્તકનુ નામ : અઝવાજે અંબિયા

સંકલન કર્તા : હાજી ઈસ્માઈલ કુંડા
(અનવારૂલ ઉલુમમાંથી સાભાર)

પૃષ્ઠ સંખ્યા : ૧૬૦

આવૃતિ : પ્રથમ.
જાન્યુઆરી, સન - ૧૯૯૬
શઅબાનુલ મુકર્રમ, હિજરી, ૧૪૧૬

કિંમત : રૂા. ૨૫-૦૦ (ટપાલ ખર્ચ અલગ)

કોમ્પુટર કમ્પોઝીંગ : ટેકસ્ટ ઈમેજ ટે.નં. ૫૫૦૦૧૧૬
૨૦૪, રિલીફ શોપિંગ સેન્ટર,
જનરલ પોસ્ટ ઓફીસ પાસે,
અહમદાબાદ.

મુદ્રક : નિતિન ઓફસેટ, ટે.નં. ૫૬૨૪૧૪૨
૮, પુનાજી એસ્ટેટ, ધોબીઘાટ, દુધેશ્વર.
અહમદાબાદ.

**PUBLISHER :**

BAZME RAKNUDDIN NAQSHBANDI MUJADDIDI.
BHATHIAR GALI CORNER, THREE GATE,
AHMEDABAD-380001.
INDIA.

# અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડો

— અલકુર્આન

---

બઝમે રૂકનુદ્દીન નકશબંદી મુજદ્દિદી

ભઠીયારગલી નાકા, ત્રણ દરવાજા,

અહમદાબાદ - ૩૮૦ ૦૦૧

# પ્રકાશક ના બે બોલ

## બિસ્મીલ્લા હિર્રહમા નીર્રહીમ

તમામ પ્રશંસા, ઈબાદત અને હમ્દોસના અલ્લાહ અજ્જ વ જલ્લને માટે જે ખુબજ મહેરબાન છે. તમામ અદબોએહતરામ, મોહબ્બત તથા અકીદત અલ્લાહ તબારકવ તઆલાના પ્યારા હબીબ અમારા આકા હુઝુરે અકરમ નબીયે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને માટે તથા તમામ અદબો અહતરામ, તમામ ખુલ્ફાએ રાશેદીન, સહાબાએ કિરામ, તાબેઇન તથા તબેતાબેઇન રીદવાનુલ્લાહે અલયહિમ અજમઇન અને તમામ શોહદાએઇસ્લામ, સાલેહીન અને આલીમુકામ અવલિયા અલ્લાહ (રહમતૂલ્લાહ અલયહ)ને માટે – જેમનો વસીલો કયામતના દિવસે અમારી નજાત નું કારણ હશે. ઇન્શા અલ્લાહ.

બઝમે રૂકનુદીન નકશબંદી મુજદ્દિદી તરફથી આ છવ્વીસમું પ્રકાશન અઝવાજે અંબિયા (અલયહિસ્સલામ) – નબી (અલયહિસ્સલામ) ની પુનિત પત્નિઓ – ગુજરાતી ભાષામાં આપના હાથોમાં છે.

જનાબ હાજીઇસ્માઈલ કુન્ડા સાહેબે તરજુમા અને તફસીર વાળા કુરઆનેશરીફ, હદીસ શરીફ અને દીની પુસ્તકોમાંથી આજીવન સતત વાંચન કરીને તેનું સંકલન કરી "અનવારૂલ ઉલુમ" નામે પુસ્તક સને ૧૯૮૩માં સંસ્થા મારફત છપાવેલ – જેણે ખુબ જ ચાહના મેળવેલ. તે પુસ્તકમાંથી "અઝવાજે અંબિયા"નું પ્રકરણ લઈને વાંચકોની જાણ ખાતર છપાવેલ છે.

"અઝવાજે અંબિયા" વિશે દુર્લભ માહિતી ધરાવતું આ પુસ્તક ખરેખર અદિતિય છે. આશા છે કે દીની શોખ ધરાવતા વાંચકોને જરૂર ગમશે.

આ પુસ્તકની છપાઈનું કામ અમારી સંસ્થાના સેક્રેટરી જનાબ ડૉ. મોહંમદ સાદિક યુ. કુરૈશી નકશબંદી મુજદ્દિદી સાહેબે નિખાલસતાથી પોતાની જાત દેખરેખ હેઠળ કરી આપ્યું છે.

અમારી સંસ્થા ઘણા વર્ષોથી બુઝુર્ગાનેદીન તથા અવલિયા અલ્લાહની રૂહાની કલમો વડે લખાયેલ ઉચ્ચકોટીના ઉર્દૂ, ફારસી, અરબી પુસ્તકોનું ગુજરાતી અનુવાદ અથવા લિપિયાંતર સતત પ્રગટ કરી રહી છે. આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે, સંસ્થા દ્વારા પ્રકાશિત પુસ્તકો ખરીદ કરીને, પુસ્તક પ્રકાશનના કામમાં નિરંતર મદદ કરો. જેથી વધુ ને વધુ નાયાબ (અલભ્ય) પુસ્તકો ગુજરાતી ભાષામાં છપાઈ શકે અને આપ સૌ સુધી નિયમિત પહોંચતા રહે.

અંતમાં, અલ્લાહતઆલાથી મારી દુઆ છે કે અમારી સંસ્થાને તથા આ પુસ્તકના પ્રકાશનમાં મદદ કરનાર તમામને પોતાના ફઝલથી માલામાલ કરે અને મર્હૂમ હાજીઇસ્માઈલ કુન્ડા સાહેબની કબ્રશરીફને પોતાના નૂર અને રહેમતથી ભરી દે તથા જન્નતુલ ફિરદૌસમાં બુલંદ મકામ અતા કરે. આમીન.

અમને સૌને સિરાતે મુસ્તકીમ પર ચાલવાની નેક તૌફિક આપે. આમીન.

અહકર,
હાજી ઉસ્માનભાઈ હસનભાઈ કુરેશી,
નકશબંદી, મુજદ્દિદી
સદર,
બઝમે રૂકનુદ્દીન નકશબંદી મુજદ્દિદી
અહમદાબાદ.

તા. ૧૬-૦૧-૯૬
૨૪, શાબાનુલમુકર્રમ,
હિ.૧૪૧૬

# અનુક્રમણિકા


| | | | પેજ નં. |
|---|---|---|---|
| ૧. | હઝરત હવ્વા | (રદિયલ્લાહો અન્હા) | ૧૩ |
| ૨. | હઝરત હરૂઝહ | (") | ૨૨ |
| ૩. | હઝરત મખવાએલા | (") | ૨૩ |
| ૪. | હઝરત હીદાનતા | (") | ૨૪ |
| ૫. | વાહેલા | | ૨૬ |
| ૬. | હઝરત અમરૂરહ | (રદિયલ્લાહો અન્હા) | ૨૯ |
| ૭. | હઝરત સહારહ | (") | ૩૦ |
| ૮. | હઝરત હાજરહ | (") | ૩૮ |
| ૯. | હઝરત કતૂરા | (") | ૫૦ |
| ૧૦. | હઝરત હજુરા | (") | ૫૧ |
| ૧૧. | વાએલા | | ૫૨ |
| ૧૨. | હઝરત અમારહ | (") | ૫૮ |
| ૧૩. | હઝરત સૈયદા બિન્તેમદાદ | (") | ૬૨ |
| ૧૪. | હઝરત રફકા | (") | ૬૬ |
| ૧૫. | હઝરત રાહેલ વાલીયા | (") | ૭૪ |
| ૧૬. | હઝરત આસનાત | (") | ૮૦ |
| ૧૭. | હઝરત ઝુલેખા | (") | ૮૨ |

| | | |
|---|---|---|
| ૧૮. હઝરત રહેમત | (રદિયલ્લાહો અન્હા) | ૯૨ |
| ૧૯. હઝરત સફૂરા | (") | ૯૮ |
| ૨૦. હઝરત અલયસબાઅ | (") | ૧૦૪ |
| ૨૧. હઝરત મીકલ બિન્તે તાલૂત | (") | ૧૦૬ |
| ૨૨. હઝરત અબીજીલ | (") | ૧૧૩ |
| ૨૩. હઝરત તસબઅ | (") | ૧૨૦ |
| ૨૪. બિન્તે ફિરઓન | | ૧૨૭ |
| ૨૫. જરાદહ | | ૧૨૯ |
| ૨૬. હઝરત બિલ્કીસ | (રદિયલ્લાહો અન્હા) | ૧૩૩ |
| ૨૭. હઝરત અલયસબાત | (") | ૧૪૬ |
| ૨૮. હઝરત હન્ના | (") | ૧૪૯ |


* * *

# નબીયે આખિરૂઝમાં હુઝુરે અકરમ નબીયે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની અઝવાજે મુતાહહેરાત

## (ઉમ્મહાતુલ મો'મેનીન)

આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સૌથી પ્રથમ નિકાહ હઝરત ખદીજા (રદિયલ્લાહો અન્હા)થી થયા હતા. તે સમયે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઉંમર શરીફ ૨૫ વરસની અને હઝરત ખદીજા (રદિયલ્લાહો અન્હા)ની ઉંમર ૪૦ વરસની હતી. હઝરત ખદીજા (રદિયલ્લાહો અન્હા)ના એ પહેલાં બે નિકાહ થઈ ચુક્યા હતા. આં હઝરત સલ્લલ્લાહો અલયહે વસલ્લમને નુબવ્વત મળી તે પહેલાં સુધી હઝરત ખદીજા (રદિયલ્લાહો અન્હા) 'તાહેરા'ના લકબથી ઓળખાતા હતા.

હઝરત ખદીજા (રદિયલ્લાહો અન્હા)ને સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી છ સંતાનો થયા. બે પુત્રો (તેઓ બાળ વયમાં જ જન્નત નશીન થયાં) ચાર સાહબ ઝાદીઓ (૧) હઝરત ફાતેમા ઝોહરા (રદિયલ્લાહો અન્હા) (૨) હઝરત ઝયનબ (રદિયલ્લાહો અન્હા) (૩) હઝરત રૂકૈયા (રદિયલ્લાહો અન્હા) અને (૪) હઝરત કુલસુમ (રદિયલ્લાહો અન્હા). હઝરત ખદીજા (રદિયલ્લાહો અન્હા) સાથે આપનું જીવન વ્યવહાર ૨૫ વરસ સુધી ચાલ્યું. તે દરમ્યાન આપે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) બીજા નિકાહ કર્યા નથી. ઇમાન લાવનાર ઓરતોમાં હઝરત ખદીજા (રદિયલ્લાહો અન્હા) સૌથી પહેલા જ હતા.

* * *

## નબીયે આખિરૂઝમાં હુઝુરે અકરમ્ નબીયે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની અઝવાજે મુતાહહેરાતના મુબારક નામો

### ઉમ્મહાતુલ મોઅમેનીન (ઉમ્મતની માતાઓ)

| | | |
|---|---|---|
| (૧) | હઝરત ખદીજા | રદિયલ્લાહો અન્હા |
| (૨) | હઝરત સોદા બિન્તે ઝમઅહ | " " |
| (૩) | હઝરત આયશા સિદ્દિકા | " " |
| (૪) | હઝરત હફશા | " " |
| (૫) | હઝરત ઝયનબ (ઉમ્મુલ મસાકીન) | " " |
| (૬) | હઝરત ઉમ્મે સલમા | " " |
| (૭) | હઝરત ઝયનબ | " " |
| (૮) | હઝરત જુવેરિયાહ | " " |
| (૯) | હઝરત ઉમ્મે હબીબા | " " |
| (૧૦) | હઝરત મયમુનાહ | " " |
| (૧૧) | હઝરત સફીયા | " " |

* * *

બિસ્મીલ્લાહિર્રહમાનીર્રહીમ

# * અઝવાજે અંબિયા *

## (નબીયોની પુનિત પત્નીઓ)

કુરઆને શરીફમાં જે અંબિયાઓનું નામ સાથે વર્ણન આવ્યું છે તેમની સંખ્યાં ત્રીસ (૩૦)ની છે. આ અંબિયા અને રસુલોની અઝવાજ મુતાહેરાત (પુનિત પત્નીઓ)ના નામ મેળવવામાં પારાવાર મુશ્કેલી છે. ખુબ ખુબ કોશિશ કર્યા છતાં તેમ બની શક્યું નથી. છતાં જે નામો મળ્યા છે તે લખાયાં છે. નબીની ઝૌજ (બીબી)ની અઝમત નબી કે રસુલની અઝમત જેટલી આવશ્યક છે અને તેના ઉપર ઈમાન લાવવું દરેક મુસલમાન માટે ફર્ઝ છે. તેવીજ રીતે તેમની અઝવાજની ઈઝઝત અને હુરમત પણ અમારા માટે જરૂરી છે; શર્ત એ કે તે પોતાના શૌહરના ખિલાફ કે મુનાફિક ન હોય; જેવી રીતે હઝરત લુત અલયહિસ્સલામ, હઝરત નુહ અલયહિસ્સલામ વગેરેની બીબીઓ હતી.

નબીઓની નેક બીબીયો મોમિનો માટે કાબિલે તાઅઝીમ અને ઉમ્મહાત એટલે કે માતાઓ બરાબર છે. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

**'અનનબીઓ ઔલા બિલ મોઅમેનીન મિન અન્ફોસેહિમ વ અઝવાજુન ઉમ્મહાતોહિમ.'**

**તરજુમો :** નબીની સાથે ઈમાનવાળાઓને પોતાની જાનથી વધારે લગાવ (મોહબ્બત) છે અને તેમની બીબીઓ તેમની માતાઓ છે.'

| | નામે અંબિયા અલયહિસ્સલામ | | અસ્માએ અઝવાજ | અઝવાજની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | હઝરત આદમ | અલયહિસ્સલામ | હઝરત હવ્વા | ૧ |
| ૨ | હઝરત શીશ | " | હઝરત હરૂઝા અને હઝરત મખવાએલા | ૨ |
| ૩ | હઝરત ઈદરીસ | " | હઝરત હદાનતા | ૧ |
| ૪ | હઝરત નુહ | " | હઝરત વાહેબા, અમરૂરહ | ૨ |
| ૫ | હઝરત હુદ | " | — | - |
| ૬ | હઝરત સાલેહ | " | — | - |
| ૭ | હઝરત ઈબ્રાહીમ | " | હઝરત સારાહ, હઝરત હાજરા, હઝરત કતુરા, હઝરત હજુરા | ૪ |
| ૮ | હઝરત લુત | " | હઝરત વાએલા | ૧ |
| ૯ | હઝરત ઈસ્માઈલ | " | હઝરત અમરા, હઝરત સૈયદા અથવા યાખફા | ૨ |
| ૧૦ | હઝરત ઇસ્હાક | " | હઝરત રબકા | ૧ |
| ૧૧ | હઝરત યાઅકુબ | " | હઝરત રાહીલ હઝરત લય્યા | ૨ |
| ૧૨ | હઝરત યુસુફ | " | હઝરત આસનાત, હઝરત ઝુલેખા (રાઈલ) | ૧ |
| ૧૩ | હઝરત ઐયુબ | " | હઝરત રહેમતા | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | હઝરત શોએબ | અલયહિસ્સલામ | અફસોસ તેમની બીબીનું નામ બાવજુદ તલાશમા મળી શકેલ નથી. | |
| ૧૫ | હઝરત મુસાબિન ઇમરાન | " | હઝરત સફુરા બિન્તે શીશ | ૧ |
| ૧૬ | હઝરત હારૂન | " | હઝરત અલયસબઅ | ૧ |
| ૧૭ | હઝરત ઈલ્યાસ | " | એમની બીબીઓના નામ કોઈ પણ તવારીખમાં મળી શક્યા નથી. | |
| ૧૮ | હઝરત અલયસઅ | " | " | |
| ૧૯ | હઝરત યુનુસ | " | " | |
| ૨૦ | હઝરત ઝિલકિફલ | " | " | |
| ૨૧ | હઝરત દાઉદ | " | હઝરત મીકલ, અબીજીલ, બશબઅ, અખાનુઅમ, હજીયત, મહકમહ, અબીતાલ, અજલતા. | ૮ |
| ૨૩ | હઝરત સુલયમાન | " | બિન્ને ફિરઓન, જરાદહ, બિલકીસ. | ૩ |
| ૨૪ | હઝરત ઝકરિયા | " | અલયસાબાઅ અથવા ઈશબાઅ | ૧ |
| ૨૫ | હઝરત યાહયા | " | નિકાહ કર્યા નથી. | |
| ૨૬ | હઝરત ઈસા | " | નિકાહ કર્યા નથી. | |

* * *

# હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)
# (ઝવજએ હઝરત આદમ અલયહિસ્સલામ)

હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા) હઝરત આદમ અલયહિસ્સલામના ઝવજહ (બીવી-પત્નિ) દુનિયામાં સૌથી પહેલી ઓરત છે. અલ્લાહપાકે ઈન્સાનોને એમના જ બતનથી પેદા કરેલ છે. હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ની પેદાઈશનો સબબ તો દુનિયાને આબાદ કરવાનો અને નસલે ઈન્સાનીને વધારવાનો હતો; પરંતુ તેમના (હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ના) વુજુદમાં (હયાતી)માં આવવાની હકીકત એમ પણ કહેવાય છે કે, અલ્લાહે હઝરત આદમ (અલયહિસ્સલામ) ને પેદા કર્યા અને તેમને જન્નતમાં રાખવામાં આવ્યા. ત્યાં તેમને કાંઈ ફિકર-ચિંતા જેવું નહોતું, પરંતુ અમુક સમય પછી તેમને એકલવાયું લાગવા માંડ્યું. જન્નત જેવી જગ્યા, ખુશગવાર વાતાવરણ, લા-જવાબ બાગ-બગીચાઓ, નહેરો, કુદરતી તમામ પ્રકારનું સૌંદર્ય આ બધું હોવા છતાં બધું સુમસામ લાગતું. તેમને ચેન પડતું નહીં.

આ બધી પ્રકૃતિ તેમને બેરૌનક ભાસતી. ત્યાં કોઈ બની આદમ (અલયહિસ્સલામ) જેવું હતું જ નહીં. 'હમજિન્સ' પોતાની જાત જેવું કહી શકાય તેવું કોઈ ત્યાં હતું જ નહીં. તેમનું જીવન ખારૂં અને નિરસ થઈ પડ્યું હતું. જન્નતના સહેલ સપાટાઓથી તેઓને આનંદ મળતો નહોતો. અંતે ખુદા તઆલાએ ત્યાંની ઉણપ પૂરી કરવા પોતાની કુદરતથી હઝરત આદમ અલયહિસ્સલામને 'ઉંઘ' અતા કરી. હઝરત આદમ અલયહિસ્સલામ ઉંઘી ગયા. આ પહેલી ઉંઘ હતી જે હઝરત આદમ અલયહિસ્સલામને અતા કરવામાં આવી અને લાંબા સમય સુધી બે ખબર ઉંઘતા રહ્યા. જ્યારે હઝરત આદમ અલયહિસ્સલામ ઉંઘમાંથી જાગ્રત થયા તો તેમના સામે 'હવ્વા

(રદિયલ્લાહો અન્હા)' બેઠા હતા. એક સુંદર 'હમ જીન્સ' પોતાના જેવા જ ઈન્સાન-ને જોઈને હઝરત. આદમ અલયહિસ્સલામ હેરતમાં પડી ગયા. ઘણા સમય સુધી તે તેમને જોતા જ રહ્યા. પછી પૂછ્યું. 'તમે કોણ છો ? અને અહીં કેમ આવ્યા છો ?'

હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા) એ જવાબ આપ્યો, હું તમારા જ જીસ્મ (શરીર)ના અંગોમાંથી એક અંગ છું; અને અલ્લાહ તઆલાએ તમારા માટે જ પૈદા કરેલ છે અને તમારી ઝૌજિયત (પત્નિ થવા) માટે પૈદા કરેલ છે અને ખિદમત માટે પણ.' આ સાંભળી હઝરત આદમ અલયહિસ્સલામ બહુ ખુશ થયા અને તરત જ સિજદએ શુક્ર બજાવી લાવ્યા. પછી અલ્લાહપાકે બન્નેના નિકાહ કરી આપેલ. હવે તેમને બધી જ ખુશી પ્રાપ્ત થઈ ગઈ. બન્નેમાં મોહબ્બત પૈદા થઈ અને ખુશી ખુશી જન્નતમાં હરવા-ફરવા લાગ્યા, તૌરેતની રિવાયત મુજબ-જ્યારે હઝરત આદમ અલયહિસ્સલામ ઉંઘી ગયા ત્યારે સીધી પાંસળીમાંથી હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ને પૈદા ફરમાવેલ. કેટલાક સહાબીઓને એમ કહેતા સાંભળ્યા છે કે અલ્લાહ પાકે જે માટીના ખમીરથી હઝરત આદમ અલયહિસ્સલામનું પુતળું બનાવેલ અને તેમાં રૂહ ફૂંકી હતી તે ખમીર કંઈક બચી ગયું હતું. તેમાંથી હવ્વા (રદિયલ્લાહો અન્હા) ને પૈદા કરેલ. ઈતિહાસકાર કામિલ ઈબ્ને અસીર ફરમાવે છે કે, જે ફરિશ્તાઓ તે વખતે મૌજુદ હતા તેમણે હઝરત આદમ અલયહિસ્સલામને સવાલ કરેલ કે એમનું (હઝરત હવ્વા રદિયલ્લાહો અન્હા) નામ શું છે. હઝરત આદમે (અલયહિસ્સલામ) જવાબ આપ્યો, 'હવ્વા (રદિયલ્લાહો અન્હા)' પૂછ્યું, 'એમનું નામ હવ્વા (રદિયલ્લાહો અન્હા) કેમ રાખવામાં આવ્યું ?'

હઝરત આદમે અલયહિસ્સલામે કહ્યું, **લે અન્ના હાયા ખોલેકત મિન હયયે'** "એટલા માટે કે તે જીવતી ચીજથી પૈદા થઈ છે-" પછી અલ્લાહપાકે બન્નેને હુકમ કર્યો કે, 'તમે બન્ને જન્નતમાં રહો અને

તેમાંના ફળફળાદિ તમને પસંદ પડે તે આરોગો અને એક ઝાડ બતાવીને ફરમાવ્યું, પરંતુ આ એક ઝાડ પાસે કદિ પણ જશો નહીં અને જો ગયા તો તમે મોટા ગુનેહગાર બની જશો.'

લોહે મેહફુઝમાં લખાઈ ચુક્યું હતું કે, એ બન્ને એક દિવસ એ ઝાડનાં ફળ ખાશે અને એ ગુનાહને કારણે તેમને જન્નતમાંથી કાઢી મૂકવામાં આવશે. હઝરત આદમ અલયહિસ્સલામની પૈદાઈશનો અસલ મકસદ જન્નત નહીં પરંતુ દુનિયાને આબાદ કરવાનો હતો અને તે મખ્લૂક બધામાં શરીફ અને શ્રેષ્ઠ હશે.

એક દિવસે શયતાને નિશ્ચય કર્યો કે, 'કોઈ પણ ભોગે હઝરત આદમ અલયહિસ્સલામ અને હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા) બન્નેને જન્નતમાંથી બહાર કઢાવવા.' તેણે જન્નતના દારોગાને વિનંતી કરી કે મને જન્નતમાં દાખલ થવા દો, પરંતુ તેણે ના પાડી.

પછી શગતાને જમીન ઉપરના જાનવરોને સમજાવવાનું શરૂ કર્યું કે, મને કોઈ પણ યુક્તિથી જન્નતમાં દાખલ કરી દો, મારે હઝરત આદમ (અલયહિસ્સલામ) અને હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ને કંઈક કહેવું છે. પરંતુ બધાએ ઈન્કાર કર્યો. છેવટે શયતાન એક સર્પ પાસે પહોંચ્યો અને તેની ખુશામત કરવા લાગ્યો અને સર્પ તેના ફરેબમાં આવી ગયો. સર્પે તેને પોતાના મોઢામાં બેસાડી જન્નતમાં પહોંચાડી દીધો. ત્યાં સુધી સર્પનું રહેઠાણ ચોપગા જનાવરોમાં હતું અને દુનિયાની ખુબસુરત મખ્લુકમાં તેની ગણતરી હતી; પરંતુ તેના આ ગુનાહની સજા રૂપે તેના ચારે હાથ-પગ તોડી નાખવામાં આવ્યા. જ્યારે સર્પ જન્નતમાં પહોંચ્યો ત્યારે તેણે શયતાનને પોતાના મોઢામાંથી બહાર કાઢ્યો.

બહાર નીકળતાની સાથે જ શયતાને એક જોરદાર અવાજ કરેલ, જે સાંભળી હઝરત આદમ અલયહિસ્સલામ અને હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા) બન્ને દિલગીર થયા અને તે મક્કાર (ઢોંગી)ને પુછવા લાગ્યા કે 'કેમ રડો છો !' તેણે જવાબ આપ્યો કે, 'હે,

ખુબસૂરત ઈન્સાનો મને એ ઉપરથી રડવું આવે છે કે હવે બહુ જલ્દી તમારૂં મૌત આવવાવાળું છે. જે કંઈ નેઅમત આ જન્નતમા છે. તેથી તમે મેહરૂમ (વંચિત) થઈ જશો. બન્ને બહુ ભોળા અને સરળ સ્વભાવના હતાં. આ વાત સાંભળી તેઓ વિચારમાં ડુબી ગયાં. ગમગીન પણ થયા, શયતાનનો દાવ સીધો પડવા લાગ્યો અને શયતાને બન્નેના દિલમાં વસવસા-શંકા કુશંકા નાખવા શરૂ કર્યા અને મના કરેલ ઝાડના ફળ ખાવા માટે લલચાવ્યા કે તમે અગર તે ઝાડના ફળ ખાશો તો તમે હંમેશ માટે જીવતા રહેશો, ક્યારેય મરશો નહીં. અને ખુદાના માફક બાદશાહ બની જશો અને પોતે (શયતાન) તેમનો શુભેચ્છક છે તેમ ઠસાવવા તેણે સોગંદ ખાવા નું શરૂ કર્યું અને તેમને સમજાવ્યા કે, અલ્લાહે તમને તે ફળ ખાવાનું એ માટે મના ફરમાવેલ છે કે, રખે ને તમે તે ફળ ખાઈને બાદશાહ ન બની જાઓ. હમેશની જીંદગી તમને મળી જશે, એ ફળની ખાસિયત-અસર એ છે કે જે કોઈ તેને ખાઈ લે તે બાદશાહ બની જાય અને પછી તેને ક્યારેય પણ મૌત આવતું નથી. હઝરત આદમ અલયહિસ્સલામને ઝલીલ અને રૂસ્વા કરવા એજ તેનો ઉદ્દેશ હતો. તેને ખબર હતી કે આ ઇન્સાને અવ્વલીન-પ્રથમ ઈન્સાનો શર્મગાહ (છુપા અવયવો) ધરાવે છે. અને નગ્ન થઈ જવું એ તેમના માટે મોટી ઝીલ્લત અને રુસ્વાઈની વાત છે. પરંતુ હઝરત આદમ અલયહિસ્સલામ તેના ગંદા ઇરાદા અને અંજામથી વાકેફ નહોતા છતાં તેને સાફ ઇન્કાર સુણાવી દીધો. પછી શયતાન ફળ તોડીને હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા) પાસે આવ્યો અને કહ્યું, જુઓ તો ખરા આ ફળની ખુશ્બુ કેટલી સરસ છે. તેનો રંગ અને શોભા કેવાં મનોહર છે.

હઝરત હવ્વા રદિયલ્લાહો અન્હા એ છેવટે તેના ફરેબમાં આવી શયતાન પાસેથી તે ફળ ખાઈ લીધું, પછી હઝરત આદમ અલયહિસ્સલામ પાસે આવીને કહેવા લાગ્યા. જુઓ તો ખરા આ ફળની લિજ્જત કેવી સરસ છે ! તેની રંગ અને વાસ પણ કેટલી મધુર

છે ! તમે પણ તેનો સ્વાદ ચાખો. મેં તો તે ચાખી જોયું છે; મને તો કંઈ નુકશાન થયું નથી. પોતાની વહાલી પત્નીના આગ્રહ આગળ હઝરત આદમ અલયહિસ્સલામનું કશું ચાલ્યું નહીં. તેમને ખુશ કરવા માટે હઝરત આદમે (અલયહિસ્સલામ) પણ ફળ ખાઈ લીધું. ફળ ખાધાની સાથેજ બન્નેના જન્નતના વસ્ત્રો આપ મેળે ઉતરી પડ્યાં અને તદ્દન નગ્ન અવસ્થામાં આવી ગયા. જન્નતના વૃક્ષ-પાંદડાં પણ તે જોઈને શરમાઈ ગયા અને ધિક્કારવા લાગ્યા. હઝરત આદમ અલયહિસ્સલામ શરમના માર્યા ઝાડની ઓથે સંતાવા લાગ્યા ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, 'અય આદમ (અલયહિસ્સલામ) ! તમે ક્યાં છો ?' હઝરત આદમે (અલયહિસ્સલામ) જવાબ આપ્યો, 'અહીં છું.' ખુદાએ ફરમાવ્યું, 'ઝાડના ઓથેથી બહાર કેમ નથી આવતા ?' હઝરત આદમે (અલયહિસ્સલામ) જવાબ આપ્યો. 'યા રબ ! મને શરમ આવે છે.' અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, 'જે જમીનની માટીથી તમને પૈદા કરવામાં આવ્યા તે જમીન ત્યાં સુધી ધિક્કારવા લાયક રહેશે, જ્યાં સુધી તેના ફળ કાંટા ન બની જાય.'

પછી અલ્લાહ તઆલાએ હઝરત હવ્વા રદિયલ્લાહો અન્હાને કહ્યું, 'અય હવ્વા (રદિયલ્લાહો અન્હા)' તેં મારા બંદા આદમ (અલયહિસ્સલામ)ને દગો દીધો, વિશ્વાસઘાત કર્યો, હવે જ્યારે તું હામેલા (ગર્ભવતી) થશે ત્યારે સખત તકલીફ પછી હમલથી તારો છુટકારો થવાનો અને હમલની તકલીફ મૌતથી પણ વધારે સખત અને પીડાકારક હશે.'

પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, 'મેં તમને આ ઝાડના ફળ ખાવા મના નહોતી કરી ? અને એમ નહોતું ફરમાવ્યું કે, 'શૈતાન તમારો કટ્ટર દુશ્મન છે.'

હઝરત આદમે (અલયહિસ્સલામ) અરજ કરી મેં હવ્વા (રદિયલ્લાહો અન્હા)ના આગ્રહથી ભૂલ કરી નાખી છે. અલ્લાહ પાકે હઝરત હવ્વા રદિયલ્લાહો અન્હાને ફરમાવ્યું, 'તમે આવી દરખાસ્ત

કેમ કરી ? હઝરત હવ્વા રદિયલ્લાહોઅન્હા એ કહ્યું, સર્પના કહેવાથી હું તેમાં સપડાઈ ગઈ. અલ્લાહ પાકે સર્પને કહ્યું, તું તારા મોઢામાં શયતાનને લઈને જન્નતમાં દાખલ થયો અને મારા બંદાને દગો દીધો, તું પણ મલઉન (ધિક્કારવા લાયક) છો, જા તારા પણ ચારે હાથ-પગ તોડી નાખવામાં આવે છે. હવે ધુળ અને માટી સિવાય તારો કોઈ આશરો નથી. તું સદા માટે ઈન્સાનનો દુશ્મન રહીશ અને હઝરત આદમ (અલયહિસ્સલામ)ની ઔલાદ તારી દુશ્મન રહેશે અને દુશ્મન પણ એવી કે તને જ્યાં પણ જોશે, તરત જ તારૂં માથું કાપી નાખશે, છુંદી નાખશે. તમે પરસ્પર એકબીજાના દુશ્મન જ રહેશો. હવે બધા અહીંથી નીકળી જાવ.

અને તરત જ સર્પ અને ઈન્સાન બન્નેને જમીન ઉપર ફેંકી દેવામાં આવ્યા અને અલ્લાહ પાક તરફથી તે બન્નેને ઈનૂઆમ-ઈકરામ આપવામાં આવ્યા હતા તે બધા સલ્બ (છિનવી) કરી લેવામાં આવ્યા. હઝરત આદમ (અલયહિસ્સલામ) હિંદુસ્તાનમાં (આજે શ્રીલંકા) 'નુદ' નામે એક પહાડ ઉપર પડ્યા અને હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા) 'જિદ્દા' (અરબસ્તાન)માં પડ્યા. હઝરત અબ્બાસ રદિયલ્લાહો અન્હોનું કથન છે કે, હઝરત આદમ (અલયહિસ્સલામ) 'નુદ' પહાડ ઉપરથી હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ની શોધમાં જિદ્દાહથી મક્કા તરફ ઉપડ્યા. છેવટે બન્ને 'જમા' મુકામે પહોંચ્યા. હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા) હઝરત આદમ (અલયહિસ્સલામ)ને જોતાં વેંત ઓળખી ગયા અને તરત હઝરત આદમ (અલયહિસ્સલામ) તરફ દોડ્યા. આ સ્થળનું નામ 'મુઝદલફા' કહેવાય છે.

હઝરત આદમે (અલયહિસ્સલામ) પણ હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ને ઓળખ્યા બન્ને એકબીજાને મળ્યાં; અને બન્ને જે જગ્યાએ મળ્યા તેને 'અરફાત' કહે છે. હજી સુધી બન્ને નગ્નાવસ્થામાં જ હતા. જન્નતમાં જે વસ્ત્રો અંજીરના પાંદડાં અને બાલુનના અતા થયા હતા તે તો ગુનાહના કારણે ત્યાંજ છિનવી લેવાયાં હતાં. હવે હુકમ થયો કે, એક મેંઢાને ઝિબ્હ કરો, તો તે સુચના મુજબ

હઝરત આદમે (અલયહિસ્સલામ) તેમ કર્યું અને તે હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ને આપ્યો. હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)એ તેને સ્વચ્છ-સાફ કરી આપ્યો. હઝરત આદમે (અલયહિસ્સલામ) તેમાંથી પોતાના માટે એક જુઈયા અને હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા) માટે એક ઓઢણી અને ઇજાર તૈયાર કરી અને એ રીતે નગ્નાવસ્થામાંથી છુટકારો મેળવ્યો.

એક રિવાયત મુજબ બે ફરિશ્તાઓ બન્નેની ખિદમતમાં મોકલવામાં આવ્યા. જેમણે જાનવરોની ખાલમાંથી તેમના માટે વસ્ત્રો બનાવવાનું શીખવ્યું; એટલે ઔલાદે આદમ (અલયહિસ્સલામ)ની આ શોધ છે. એ પહેલાં તો હઝરત આદમ (અલયહિસ્સલામ) અને હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા) ઝાડના પાંદડાઓથી જ પોતાના એબ છુપાવતા હતા. અલ્લાહ પાકે મક્કામાં હરમશરીફ બનાવવાનો હુકમ કર્યો. હઝરત આદમે (અલયહિસ્સલામ) જિબ્રિલે-અમીનની સહાયથી ખાનએ કા'બા તૈયાર કરેલ અને બન્ને જણા ખાનએ કા'બામાં હાજર થઈને પોતાના ગુનાહની તૌબા કરવા લાગ્યા અને જન્નતની ને'મતો જે તેમના પાસેથી છિનવી લેવામાં આવી હતી તે માટે બસો વરસ સુધી રડી રડીને તૌબા કરતા રહ્યા. ચાળીશ દિવસ સુધી તો કંઈ ખાધું પીધું નહીં. સો વરસ સુધી એક બીજાથી કરીબ ન થયા. ત્યારે અલ્લાહ પાકે તેમનો ગુનાહ માફ ફરમાવ્યો અને કસબે મઆશ (રોજી મેળવવા માટેનો માર્ગ)ના તરીકા બતાવ્યા. હવે તેઓ અલ્લાહ તઆલાએ બતાવેલ તરીકા મુજબ પોતાનું જીવન જીવવા લાગ્યા. પછી અલ્લાહ તઆલાએ ઔલાદનો સિલસિલો શરૂ કર્યો. હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ને પહેલા હમલ વખતે જ એક છોકરો અને એક છોકરી પેદા થયા હતા.

પહેલા હમલનો છોકરો બીજા હમલની છોકરી સાથે પરણાવી દેવામાં આવતો. પોતાની જોડીઆ બહેન સાથે નિકાહ જાઈઝ (હલાલ) નહોતો. આ દુન્યવી જીંદગીમાં પહેલો સદમો એમને એ થયો કે, કાબીલે પોતાના ભાઈ હાબીલને કતલ કરી નાખ્યો, તેનું કારણ એ

હતું કે કાબીલ તેની જોડીયા બહેન અકલીમાં સાથે નિકાહ કરવા માંગતો હતો. જ્યારે તેનો હકદાર હાબીલ હતો. જ્યારે હઝરત આદમ (અલયહિસ્સલામ) અને હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ને આ વાતની ખબર પડી તો તેઓ બહુ દિલગીર થયા. તે પછી પણ કેટલીયે ઔલાદ થઈ પરંતુ હાબીલનો સદમો ખાસ કરીને હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ને બહુ હતો. દુનિયાની ખુશીથી ટેવાએલી હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ને દુનિયા નજીવી જણાવા લાગી. આ બનાવથી હઝરત આદમ (અલયહિસ્સલામ)ની ઔલાદમાં આપસમાં રંજીશ પેદા થઈ ગઈ; અને એ દિન બદિન વધતી જ રહી. હાબીલના કતલ પછી ૫૦ વરસે શીશ અલયહિસ્સલામ પેદા થયા અને એમનાથી મા-બાપનો રંજ કંઈક અંશે ઓછો થયો. કેટલાકોનું કહેવું છે કે, તેઓ એકલા પેદા થયા, કોઈ છોકરી તેમના સાથે પેદા થઈ નહોતી. હઝરત આદમ (અલયહિસ્સલામ)ની વફાત પછી હઝરત શીશ (અલયહિસ્સલામ) તેમના અનુગામી (પ્રતિનિધિ) બન્યા. હઝરત આદમ (અલયહિસ્સલામ) અને હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ની ઔલાદની પાકી ગણતરી મળી શકી નથી.

તેમની ઉંમર એક હજાર વરસની થઈ હતી. હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા) હઝરત આદમ (અલયહિસ્સલામ) પછી એક વરસ જીવતા રહ્યા અને પછી તેઓ પણ આ ફાની દુનિયા છોડી ગયા અને તેઓ પણ જબલે અબૂ કુવૈસની ગુફામાં દફન થયાં, જ્યાં તેમના શૌહર હઝરત આદમ (અલયહિસ્સલામ) દફન થયા હતા. તુફાને નુહ (અલયહિસ્સલામ)ના વખતે હઝરત નુહ અલયહિસ્સલામે તે બન્નેની લાશ મુબારક કાઢીને એક સુરક્ષિત સંદૂકમાં બંધ કરીને પોતાની કશ્તીમાં રાખી લીધેલ અને તુફાન પછી બયતુલ મુકદસમાં તેના મૂળ સ્થાને તેમને પાછી દફન કરી દીધી.

અલ્લામા શહાબુદીન કલયૂબી રહમતુલ્લાહ અલયહ પોતાની કિતાબ અલતવાદરમાં લખે છે કે, 'હઝરત આદમ (અલયહિસ્સલામ) તથા હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા)ને મના કરેલ ફળ ખાઈને

તેમણે દસ નુકસાન એવા ઉઠાવેલ કે જેની ખોટ કોઈ રીતે પૂરી નથી થઈ શકતી. દરેક નુકસાન તેજ જગ્યાએ એક બલાથી ઓછું નથી. પહેલાં તો બન્ને ઉપર અલ્લાહ તઆલાનો ઈતાબ (ગુસ્સો) - **'અલમ અન્હકોમા અનૂ તિલ્કો મશ્શજરતે વઅકુલ્લકોમા ઈન્ન શ્શયતાન લકોમા અદુવ્વુમ્મોબીન.' (સૂરે આઅરાફ)**

**તરજુમો :–** 'શું તમે બન્નેને તે ઝાડના ફળ ખાવાની મનાઈ નહોતી કરી અને એમ પણ નહોતું કહ્યું કે, શયતાન તમારો ખુલ્લો શત્રુ છે.'

બીજું જન્નતના વસ્ત્રોનું તેમના શરીર પરથી ઉતરી જવું.

ત્રીજું નૂરે ફિરદૌસીનું છિનવાઈ જવું.

ચોથું જન્નતમાંથી બન્નેનું નીકળી જવું.

પાંચમું ૧૦૦ વરસ લગી બન્ને વચ્ચેની જુદાઈ.

છઠ્ઠું પોતાના ગુનાહ બદલ બન્નેને નદામત (શરમ)

સાતમું કયામત સુધી શયતાનથી દુશ્મની.

આઠમું તેમની ઓૌલાદના, માણસો ઉપર ઇબ્લીસનો કબ્જો.

નવમું તેમની ઔલાદ મોઅમીન માટે દુનિયાનું કેદખાનું બની જવું.

દસમું (મઆશ) રોજી કમાવવાની તકલીફમાં પડી જવું.

ઈતિહાસકારનું કથન છે કે, હઝરત હવ્વા (રદિયલ્લાહો અન્હા) ખુબ નેક, સરળ સ્વભાવના અને ખુબ મહેનતી બાનુ હતા. તેમણે ગૃહસંચાલનના દરેક કામને કર્યું, જે પ્રથમ ઈન્સાન માટે આવશ્યક હતું. તેમણે દુનિયામાં સૌ પ્રથમ લોટ દળ્યો, લોટ બાંધ્યો અને રોટી પકાવી. એમની ઉંમર પણ હઝરત આદમ (અલયહિસ્સલામ) જેટલી થઈ. તેમણે જીવનના દરેક કામમાં પોતાના શોહર હઝરત આદમ (અલયહિસ્સલામ)ને પૂરેપૂરો સાથ અને સહકાર આપ્યો.

* * *

# હઝરત હરૂઝહ (રદિયલ્લાહો અન્હા)
## (ઝવજએ શીશ અલયહિસ્સલામ)

ઈતિહાસવેત્તા ઇબ્ને જરીર તીબરી ઈબ્ને ઈસ્હાકના હવાલાથી લખે છે કે,

હઝરત શીશ અલયહિસ્સલામની ઝવજહ (પત્નિ)નું નામ હરૂઝહ (રદિયલ્લાહો અન્હા) હતું અને તે આપની બહેન હતી. નિકાહ પછી એમના પેટે એક છોકરો થયો જેનું નામ યાનશ હતું અને એક છોકરી પેદા થઈ જેનું નામ શીશ અલયહિસ્સલામે નેઅમતા રાખ્યું. તે વખતે શીશ અલયહિસ્સલામની ઉંમર ૧૫૦-એકસોને પચ્ચાસ વરસની હતી. શીશ અલયહિસ્સલામ યાનશની પેદાઈશ પછી આઠસોને સાત વરસ જીવતા રહ્યા. તૌરેતમાં છે અનુશ (યાનશ) જે વરસે પેદા થયા તે વરસે શીશ અલયહિસ્સલામની ઉંમર ૬૦૫ વરસની થઈ ચુકી હતી. અનુશ શીશ અલયહિસ્સલામના જાનશીન (પ્રતિનિધિ) થયા. શીશ અલયહિસ્સલામની હરૂઝહ (રદિયલ્લાહો અન્હા)થી બીજી ઘણી ઔલાદ (સંતાન) થઈ, પરંતુ બધાથી મોટા અનુશ હતા. અનુશનો નિકાહ નેઅમતાથી કરવામાં આવ્યો. તેનાથી એક છોકરો કીનાન (કનૂઆન) પેદા થયો. એના સિવાય પણ બીજી ઔલાદ થઈ અને તે દુનિયામાં ફેલાતી ગઈ. પરંતુ આદમ અલયહિસ્સલામની ઔલાદ અને તેમના છોકરાઓની ઔલાદ દિનબદિન ઓછી થતી ગઈ અને તેમના કબીલા ખલાસ થવા લાગ્યા. હવે બધી નસલની ઈન્તેહા (છેવટ) શીશ અલયહિસ્સલામ તથા હઝરત હરૂઝહ (રદિયલ્લાહો અન્હા) સુધી જ પહોંચે છે. એટલે શીશ અલયહિસ્સલામ અબુલબશર અને હરૂઝહ (રદિયલ્લાહો અન્હા) ઉમ્મુલ બશર છે. આ બાબતમાં હઝરત હરૂઝહ (રદિયલ્લાહો અન્હા) બહુ ભાગ્યશાળી સ્ત્રી હતી. હાલ દુનિયામાં જે ઈન્સાનો આબાદ છે,

તે ચાહે વહેશી (જંગલી) હોય; ચાહે સુધારક યુરોપિયન હોય કે એશિયાઈ બધા જ હઝરત હરૂઝહ (રદિયલ્લાહો અન્હા)ની ઓલાદમાંથી છે. તે બધાની મા થાય છે. વધુ હકીકત પ્રાપ્ત થઈ શકી નથી તેનો અફસોસ છે.

* * *

## હઝરત મખવાએલા (રદિયલ્લાહો અન્હા) (ઝવજએ હજરત શીશ અલયહિસ્સલામ)

જામે તવારીખના લેખક લખે છે કે હઝરત શીશ અલયહિસ્સલામ પોતાના પિતાના સૌથી વહાલા અને ખુદાના બરગુઝીદા (પસંદ પામેલા) બંદા હતા. પોતાના પિતા હઝરત આદમ અલયહિસ્સલામની મસનદે હઝરત ખિલાફત ઉપર તેઓ બિરાજ્યા. હઝરત મખવાએલા (રદિયલ્લાહો અન્હા) એમની બીવી હુરે જન્નત હતી. તેમના પેટે એક છોકરો પેદા થયો. જેમનું નામ અનુશ હતું અને એજ હઝરત શીશ અલયહિસ્સલામના જાનશીન થયા.

હઝરત મખવાએલા (રદિયલ્લાહો અન્હા) બહુજ ખુબસુરત અને પોતાના શોહરની આજ્ઞા પાલક હતી. પરંતુ જે જે કિતાબો અમારી નજરમાંથી પસાર થઈ છે તેમાં તેને હઝરત મખવાએલા (રદિયલ્લાહો અન્હા)ને) હુર તરીકે બતાવવામાં આવેલ છે. હઝરત શીશ અલયહિસ્સલામના નિકાહ જન્નતની હુરથી થયા એ સંભવિત, બની શકે છે આપણા માનવામાં આવી શકે છે અને એ પણ બની શકે છે કે હઝરત મખવાએલા (રદિયલ્લાહો અન્હા) હુર જેવી હસીનો-જમીલ હશે. હઝરત અલ્લાહ તઆલાએ બની આદમ (અલયહિસ્સલામ)ને દુનિયામાં આબાદ કરવા હતા. પછી હઝરત શીશ અલયહિસ્સલામના નિકાહ જન્નતની હુરથી કેવા ? કોઈ ઐતિહાસિક કિતાબો (ગ્રંથો)થી શીશ અલયહિસ્સલામના બીજા નિકાહ

થયાનું સાબિત નથી. એમ પણ બની શકે છે કે હઝરત મખવાએલા (રદિયલ્લાહો અન્હા) તેની અનહદ ખુબસુરતીના કારણે હુર લખી દેવાયું હોય અને એ પણ બનવા જોગ છે કે લખનારાઓએ હઝરત હરૂઝહ (રદિયલ્લાહો અન્હા)ને હઝરત મખવાએલા (રદિયલ્લાહો અન્હા) સમજી લીધી હોય છતાં હઝરત શીશ અલયહિસ્સલામના બીજા નિકાહ થવાનું અશક્ય તો નથી જ અને તાજુબીની વાત પણ નથી. વલ્લાહો આઅલમ.

* * *

## હઝરત હીદાનતા (રદિયલ્લાહો અન્હા) (ઝવજએ ઇદરીસ અલયહિસ્સલામ)

પ્રખર ઇતિહાસવેત્તા કામિલ ઈબ્નેઅસીર જઝરી અને અલ્લામા ઈબ્નેજરીર તીબરીના મંતવ્ય પ્રમાણે ઇદરીસ અલયહિસ્સલામની મોહતરમા બીબીનું નામ હઝરત હીદાનતા (રદિયલ્લાહો અન્હા) હતું. તે બાવીલબિન મહુયલ બિન ખનોઝ બિન કાબિલની દીકરી હતા અને પોતાના જમાનાની નિહાયત ખુશ કિસ્મત ઔરત હતા જેમને હઝરત ઇદરીસ અલયહિસ્સલામની બીબી થવાની ઈઝ્ઝત મળી હતી. કેમકે હઝરત ઇદરીસ અલયહિસ્સલામ મહાન નબી હતા અને હઝરત આદમ (અલયહિસ્સલામ) અને હઝરત શીશ અલયહિમુસ્સલામ પછી ત્રીજા નબી થયા. ૬૫ વરસની ઉંમરે હઝરત ઇદરીસ અલયહિસ્સલામે હઝરત હીદાનતા (રદિયલ્લાહો અન્હા)થી નિકાહ કર્યા, પરંતુ એ વખતે હઝરત હીદાનતા (રદિયલ્લાહો અન્હા)ની ઉંમર કેટલી હતી તે જાણી શકાયું નથી; તેમજ તેમની શિકલ-સુરત બાબત કંઈ જાણી શકાયું નથી. તે જમાનો હુસ્ને ઈન્સાનીના ઉરૂજ (બુલંદી)નો હતો. તેમ છતાં હઝરત ઇદરીસ

અલયહિસ્સલામે જેને પોતાની ઝવજહ તરીકે પસંદ કરી હોય તેના સૌંદર્ય, ગુણ, ભલાઈ, ઉમદા ચરિત્ર માટે બે મત હોઈ શકે નહીં. હઝરત ઇદરીસ અલયહિસ્સલામના ફરઝંદ મતુશલખ તેમનાજ પેટે અવતર્યા હતા. તેઓ (મતૂશલખ) પોતાના પિતાના ખલીફા થયા હતા. મતુશલખના જન્મ પછી હઝરત ઇદરીસ અલયહિસ્સલામ આ દુનિયામાં ત્રણસો વર્ષ રહ્યા હતા એ પછી તેમને (હઝરત ઇદરીસ (અલયહિસ્સલામ)ને) આસમાન ઉપર ઉપાડી લેવામાં આવ્યા. તેમણે પોતાના પુત્ર અને ખાનદાનવાળાઓને નસીહત કરી કે, અલ્લાહ તઆલાની ઈતાઅત કરો, તેનો દરેક હુકમ માનો અને ફરી કહ્યું કે, અલ્લાહપાક તરફથી ઓલાદે કાબીલ ઉપર બહુ જલ્દી અઝાબ નાઝિલ કરવાનો છે; માટે તમે બધા કાબીલની ઓલાદથી મેળ-મિલાપ છોડી દેજો અને સંબંધ-સગપણ તોડી નાખો. જ્યારે મતુશલખની ઉંમર ૧૩૭ વરસની થઈ તો તેમણે પોતાની મરજીથી અઝાઝિલ બિન અનુશીલ બિન ખનોજની પુત્રી અરબાથી શાદી કરી લીધી. તેમનાથી બે દીકરા લમક અને સાબી પેદા થયા. પછી તેમની ઔલાદ બહુજ વધી. પુત્રની શાદી પછી થોડા સમય બાદ હઝરત હિદાનતા (રદિયલ્લાહો અન્હા)નું અવસાન થયું. અફસોસ કે હઝરત હિદાનતા (રદિયલ્લાહો અન્હા)ના વધુ હાલાત કોઈ સનદી (પાયેદાર) ગ્રન્થના હવાલાથી મળતા નથી. તેમના સાસૂનું નામ બરકના હતું. જે પરૂની બીબી અને તેમના કાકા દરમશીલ બિન મહુયલ બિન ખનોજ બિન કાએનની પુત્રી હતી.

* * *

# * વાહેલા *
## (ઝવજ્એ નુહ અલયહિસ્સલામ)

વાહેલાને એક જલીલુલકદ્ર નબીની ઝવજાહ (બીબી) બનવાનો ફખ્ર મળ્યો. પણ અફસોસ તેણે પોતાની બદ-દીનીના કારણે તેણે પોતાના શોહરની કદર-કીમત કરી નહીં. દુનિયા માટે પોતાની આકેબત બરબાદ કરી; ઇમાન લાવી નહીં. વાહેલા અને તેની કૌમ, જેમના માટે હઝરત નુહ અલયહિસ્સલામને નબી બનાવીને મોકલવામાં આવ્યા હતા-નઉઝોબિલ્લાહ-તેમણે હઝરત નુહ (અલયહિસ્સલામ)ને મજનુન અને દીવાના તરીકે મશહૂર કર્યા; અને આપને જાતજાતની તકલીફો પહોંચાડી અને છેવટે "મહાન તુફાનમાં" તે દુશ્મનાને દીન અને નબુબતના વિરોધીઓની સાથે જહન્નમ ભેગી થઈ.

કુરઆને મુકદ્દસમાં-સૂરે તહરીમમાં-વાહેલા ઝવજ્એ નુહ (અલયહિસ્સલામ) અને વાએલા ઝવજએ લુત (અલયહિસ્સલામ)ના સંબંધે ઇરશાદ છે – "અલ્લાહ તઆલાએ કાફિરો માટે નુહ (અલયહિસ્સલામ)ની બીબી અને લુતની બીબીનું દૃષ્ટાંત બયાન ફરમાવ્યું છે. આ બન્ને અમારા નેક બંદાઓના ઘરમાં હતી. બન્નેએ પોતાના શોહરો પ્રત્યે ખયાનત (અપ્રમાણિક આચરણ) કરી, તે તેમનું નબીની બીબી હોવું તેમના કોઈ કામમાં આવ્યું નહીં; અને તેમને કહેવામાં આવ્યું કે, દાખલ થવા વાળાઓના સાથે તમે પણ જહન્નમમાં દાખલ થઈ જાવ." (ખયાનતનો અર્થ અહીં બદકારી મુરાદ નથી.)

વાહેલા મુનાફિક અને બદ-દીન ઓરત હતી. તેણે પોતાના શોહરનું કદી પણ માન્યું નહીં; કે તેમના હક્ક-હુકુકનો કદી વિચાર

કર્યો નહીં. છેવટે બરબાદ થઈ. પોતાની નાફરમાનીના સબબે તે (વાહેલા) કયામત સુધી રૂશ્વા અને ઝલીલ રહેશે.

તેણે પોતાના શોહરના અદબો એહતરામનો વિચાર કર્યો જ નહીં કે તેમની કોઈ પ્રકારની સેવા-ચાકરી કરી નહોતી; પરંતુ પોતાનો અસંતોષ જ વ્યક્ત કરતી હતી; પરિણામે તેની દુનિયા અને આખેરત બન્ને બરબાદ થયા. તે પોતાના કર્યાનો બદલો ભોગવશે અને દોઝખના અઝાબથી ક્યારેય પણ છુટકારો નહીં પામે, તેનો પુત્ર કિન્‌આન પણ તુફાનમાં ગરક થયો.

તે બન્ને કશ્તી ઉપર સવાર થયા ન હોતા. જો કે હઝરત નુહ અલયહિસ્સલામે તે બન્નેને ખૂબ નસીહત કરી. પોતાના પુત્રને આપે ફરમાવ્યું. **"યા બોનય્યર કમ મઅનાવલા તકુમમ અલકાફેરીન" "અય ફરઝંદ ! અમારા સાથે સવાર થઈ જા અને ખયાનત કરવાવાળા કાફિરોનો સાથ છોડી દે."** પણ તે માન્યો નહીં. તેણે જવાબ આપ્યો, **'સાવી એલા જબલીય્યા એસેમોની મિનસમાએ." "હું એક પહાડની ટોચ ઉપર પનાહ મેળવીશ."**

તેમના પુત્રનું નામ કેટલાક લેખકો યામ, કેટલાક રાએ અને કોઈએ કીનઆન લખ્યું છે. આખરે બન્ને તુફાનમાં નાશ પામ્યાં; પોતાના કર્યાની સજા ભોગવી. અલ્લામા ઈબ્ને બસીરે લખ્યું છે કે, નુર બિન લમકે પોતાનો નિકાહ અરઝહ બિન્તે હીરાફીસ બિન મહુયલ બિન ખનોજ બિન કીન થી કર્યા.

તેનાથી ત્રણ સંતાન હામ, સામ, યાફસ પેદા થયા. હઝરત નુહ (અલયહિસ્સલામ) પોતાની કૌમને નસીહત કરતા હતા. પરંતુ કોમ તેમના ઉપર હસતી હતી. એ સમયમાં દુનિયામાં એક પણ ઈન્સાન એવો ન હતો જે લોકોને બુરી વાતોથી રોકતો હોય અને સારી વાત ઉપર લાવતો હોય. પરંતુ જ્યારે હઝરત નુહ અલયહિસ્સલામને નબુવ્વત મળી ત્યારથી તેમણે બોધ-નસીહત કરવાનું શરૂ કરવાનું શરૂ

કર્યું. તેમની બીબી કાફિરોથી મળેલી હતી અને જાહેરમાં મુસલમાન-હતી. **મફહામુલ અકશનબીલ સુયુતીમાં** હઝરત નુહ અલયહિસ્સલામની બીબીનું નામ વાહેલા લખેલ છે. પણ **જામેઉલ તવારીખ વર્વદતુલ સફામાં** તેનું નામ વાએલા છે.

ઈતિહાસકાર ઇબ્ને જરીર તીબરીનું કથન છે કે, તુફાન પછી હઝરત નુહ અલયહિસ્સલામની જે ઔલાદ થઈ તેનાથી દુનિયા આબાદ થઈ; તે વખત સુધી તેમની બીબી જીવતી કશ્તી ઉપર સવાર થઈ. નજાત (છુટકારો) પામવાવાળાઓમાં હતી તેનું નામ અમરૂરહ (રદિયલ્લાહો અન્હા) હતું.

બનવા જોગ છેકે હઝરત નુહ અલયહિસ્સલામની આ બીજી ઔરત હોય અને ઈમાનદાર હોય, જેનાથી ઔલાદનો સિલસિલો ચાલુ રહ્યો. અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "વજઅલ્ના ઝુર્રિયતા હોમુલ બાકીન." "અમે નુહ (અલયહિસ્સલામ)ની ઝુર્રિયતને (ઓલાદને) બાકી રાખી" અને બાકીના બધા લોકો તુફાનમાં નાશ પામ્યા.

એ ઉપરથી જણાય છે કે, તુફાન આખી દુનિયા ઉપર હતું. સ્થાનિક ન હતું. હવે દુનિયામાં જે ઇન્સાનો છે તે આમ, સામ અને યાફસની ઓલાદ જ છે.

માતા-પુત્ર જે તુફાનમાં નાશ પામ્યા. તે મુશરિક અને નાફરમાન રહ્યાં. તેમનો સીલસીલો બાકી ન રહ્યો. વલ્લાહો આઅલમો-બિસ્સવાબ.

* * *

# હઝરત અમરૂરહ (રદિયલ્લાહો અન્હા)
# (ઝવજએ નુહ અલયહિસ્સલામ)

હઝરત નુહ (અલયહિસ્સલામ) દુનિયાના એ પ્રથમ નબી છે જેમને પોતાની કૌમને અલ્લાહના-અઝાબથી ડરાવવા અને તોહીદ તરફ બોલાવવા નબી બનાવવામાં આવ્યા હતા.

કુરઆને પાકમાં ઘણી જગ્યાએ આપનું વર્ણન છે. આપે પોતાના નિકાહ અમરૂરહ (રદિયલ્લાહો અન્હા) બિન્તે હરાકીસ બિન મહુયલ બિન ખનોઝ બિન કીન બિનઆદમ સાથે કર્યા.

હઝરત નુહ અલયહિસ્સલામ જ્યારે ૫૦૦ વરસના થયા તો અમરૂરહ (રદિયલ્લાહો અન્હા)થી તેમને ત્રણ પુત્રો પેદા થયા. આમ, સામ અને યાફસ. ત્રણે મુસલમાન હતા અને હઝરત નુહ અલયહિસ્સલામના ફરમાબરદાર હતા. ઈબ્ને અસીર અને ઇબ્ને જરીર બન્નેએ હઝરત નુહ (અલયહિસ્સલામ)ની બીબીનું નામ અને નસબ એકજ લખ્યું છે. બનવા જોગ છે કે નામ બાબત જે મતભેદ છે તે કાતિબની ભૂલનું કારણ પણ હોય અને હઝરત અમરૂરહ (રદિયલ્લાહો અન્હા)ને અરઝહ લખવામાં આવ્યું હોય, પણ "અમરૂરહ (રદિયલ્લાહો અન્હા)" સાચું લાગે છે, કારણ કે તારીખે તીબરી આધારભૂત તેમજ બહુ કાળજીપૂર્વક પ્રગટ કરવામાં આવેલ છે. જ્યારે તારીખે કામિલ જે મિસરમાં છપાયેલ છે તે બહુ પ્રમાણભૂત નથી.સામાન્ય છે. અલ્લામા તિબરીએ પોતાની તવારીખમાં એક બીજી બીબી હોવાનું પણ જણાવ્યું છે. તેઓ લખે છે કે, મને હારિસે ઈબ્ને સાઅદના હવાલાથી જણાવ્યું કે ઈબ્ને અબ્બાસના કથનાનુસાર, હઝરત નુહ અલયહિસ્સલામે બની કાબીલમાં એક ઔરતથી નિકાહ કર્યા હતા. તેમના પેટે એક પુત્રનો જન્મ થયો હતો, જેનું નામ બુનાઝર હતું. તૌરેતમાં જ છે કે, એક સ્થળ હતું. જેને

માલુવલ શમ્સા કહેતા; ત્યાં આ પુત્ર પેદા થયો હતો. બની શકે છે કે તે ઔરત જે કાબીલની ઔલાદમાંથી હતી તે વાહેલા હોય. જે હઝરત નુહ અલયહિસ્સલામની વિરૂદ્ધ હતી અને એ જ તુફાનમાં નાશ પામી. એનું વર્ણન ઉપર આવી ગયું છે અમરૂરહ (રદિયલ્લાહો અન્હા) અને અરઝાર બન્ને એકજ હોય.

* * *

## હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)
## (હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામની પ્રથમ ઝવજહ)

હઝરત સંહારહ (રદિયલ્લાહો અન્હા) હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ના પ્રથમ બીબી હતાં. તેઓ હઝરતને બહુ પ્યારા હતા. જ્યાં સુધી જીવ્યા, તેઓએ હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની મરજી વિરૂદ્ધ કોઈપણ કામ કર્યું નથી. તેઓ દુનિયાની ખૂબસૂરત અને નેકબખ્ત ઔરતોમાંથી એક હતા.

મિસર, શામ, અરબસ્તાન તેમજ બીજા દેશોમાં પણ તેમની ખુબસુરતી અને નેક વર્તનની ખ્યાતિ હતી. તેઓ જેમ ખુબસૂરતીમાં મશહુર હતા તેટલા જ ખુદાની ઇબાદત અને તેની રઝા (ફરમાબરદારી)માં પણ મશહુર હતા અને પોતાની આખી જીંદગી એમજ વીતાવી. જે દિવસે નમરૂદે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને આ આગમાં નાખેલ તે આગ આપની બરકતથી ઠંડી થઈ ગઈ. તેથી બાબલના ઘણા લોકો આપના ઉપર ઈમાન લઈ આવ્યા. એઓમાંથી હઝરત લુત (અલયહિસ્સલામ) અને હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) છે.

અહેબલીએ લખ્યું છે કે, સહારહ (રદિયલ્લાહો અન્હા), હારાન ઈબ્ને નાખુરની દીકરી હતી; જેઓ હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ના મોટા કાકા હતા એમનું ખાનદાન હંમેશથી બાબલમાં રહેતું હતું. હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) અહીં જ

પેદા થયા હતા. તેઓ મા-બાપની બહુજ વહાલી પુત્રી હતા. તે સમયે તેમની ઉંમર બહુ મોટી ન હતી. તેમ છતાં તેઓ બહુજ હોશિયાર અને બુદ્ધિશાળી હતાં.

થોડા સમય પછી "વહી" મારફત આપ હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) ને બાબલથી મિસર તરફ જવાનો હુકમ થયો અને નમરૂદે પણ કહેવરાવ્યું કે, તમારા ધાર્મિક પ્રભાવથી મારી બાદશાહત બરબાદ થઈ રહી છે, પ્રજા રાજ્યની અસરમાંથી નીકળને નબુવ્વતની અસરમાં આવી રહી છે, બેહતર છે કે તમે બાબલ છોડીને અન્ય જગ્યાએ ચાલ્યા જાવ. ખુદા તમારો નિગેહબાન છે,

હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) સફરની તૈયારી કરવા લાગ્યા. તેમણે હઝરત લુત (અલયહિસ્સલામ)ને બોલાવીને કહ્યું, "તમે મારા ઉપર ઈમાન લઈ આવો અને મારા સાથે ચાલો. હું બહુજ જલ્દી અહીંથી જવાનો છું.

હઝરત લુતે (અલયહિસ્સલામે) પૂછ્યું, "ક્યાંનો ઇરાદો છે ?"

આપે કહ્યું, "ઈન્ની ઝાહેબુન એલારબ્બી," "હું મારા રબ તરફ જવાનો છું." "પછી હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ને કહ્યું. તે પણ રાજી થઈ ગઈ અને ઈમાન પણ લઈ આવી.

હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)નાં વાલિદ આઝર અને મોટા ભાઈ નાહુર ઈબ્ને તારહ અને તેની બીબી મલકા તથા જે લોકો ઈમાન લઈ આવ્યા હતા તે બધા હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની સાથે થઈ ગયા.

આ ખુદાઈ કાફલો શામ તરફ ગયો. શહેર હરાનમાં દાખલ થયો. આ એક પુરાતન શહેર હતું અને તુફાને નુહ (અલયહિસ્સલામ) પછી સૌથી પહેલાં આબાદ થયું હતું. અહીં જ બધા રોકાયા. હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) અહીં જ હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)થી નિકાહ કરી લીધા.

અલ્લામા સદી તેમજ અન્ય ઇતિહાસકારોનું કથન છે

કે, હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) શાહ હરાનની પુત્રી હતા. જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) આગમાંથી સહીસલામત નીકળ્યા ત્યારે તેણીએ ઈમાન લાવેલ હતું અને બાપની નારાઝી છતાં નિકાહ કરી લીધા. પણ સાચું એ છે કે, હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ના મોટા કાકાની દિકરી અને હઝરત લુત (અલયહિસ્સલામ)ની બહેન હતા.

નિકાહ પછી પોતાની હોશિયારીથી હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ના સ્વભાવ પ્રમાણે પોતાને ઢાળી લીધા. તેઓ હરાનમાં આરામથી રહેવા લાગ્યા. પણ બસો પચાસ વરસની ઉંમરે પહોંચતાં આઝરનું અવસાન થયું.

ત્યાર પછી હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) હરાન છોડી કીનઆનના રસ્તે આગળ રવાના થયા. જ્યાં અલ્લાહતઆલાએ તેમને માલ દોલત-જમીન, એહલો-અયાલ વગેરે અતા કરવાનો વાયદો કર્યો હતો. ૭૫ વરસની ઉંમરે આપ હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) અને લુતને લઈ એ જગ્યાએ તશરીફ લાવ્યા જ્યાં "બયતુલ મુકદસ" છે. ઈબ્ને ખુલ્કુને લખ્યું છે કે, એ જગ્યાનું નામ અગાઉ હરૂન હતું જેને હવે મુકામે ખલીલ કહે છે. થોડા વખત પછી અહીં દુકાળ પડ્યો, જેથી એ જગ્યાને પણ છોડવ પડી.

આપ હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) તથા હઝરત લૂત (અલયહિસ્સલામ) સાથે મિસર તશરીફ લાવ્યા અને એવી જગ્યાએ રહેવા લાગ્યા કે કોઈને તેની જાણ થાય નહીં. કારણ કે ત્યાંનો રાજા બહુ જાલિમ હતો. તેનું નામ અનાન બિન અલવાન હતું. મિસરની ધરતી ઉપર આ પહેલો ફિરઔન હતો. તે ખુબ લાંબુ જીવ્યો. સહેલીએ લખ્યું છે કે, 'એનું નામ ઉમરુ બિન કેસ બિન સબા અને અમુક લેખકો લખે છે કે, તે ઝહાકનો ભાઈ સનાન બિન અહીયુબ છે.' ઝહાકે તેને મિસરનો વાલી (રાજા) બનાવી દીધેલ હતો.

ઇતિહાસકારોએ એનું નામ તવલીસ લખ્યું છે. એ મોટો

જાલિમ હતો. જે મુસાફર શહેરમાં આવતો અને તેની ઔરત હસીન હોય તો તેને જબરદસ્તીથી તલ્લાક અપાવી, પોતાના ઝનાન ખાનામાં દાખલ કરી લેતો. અગર કોઈ તલ્લાક ન આપે તો તેને કતલ કરાવી નાખતો.

હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) હસીનો-જમીલ હતાં. એટલે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) બહુ જ છુપી રીતે મિસરમાં દાખલ થયા અને સંતાઈને રહેતા. હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ના હુશ્નની ચર્ચા થવા લાગી અને બાદશાહ સુધી તેના ખબર પહોંચ્યા. બાદશાહે પોતાના એક ખાસ માણસ સાથે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને કહેવરાવ્યું કે, 'તમે ઘણાં સમયથી અહીં છો અને તમારા સાથે એક ખુબસુરત-હસીન ઔરત છે. બેહતર એ છે કે તેને પહેરાવી-ઓઢાવી, શણગાર કરાવી અમારી સેવામાં મોકલી આપો. તેના ઉપર અમલ કરવામાં ઢીલ ન થાય. હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ને બધી વાત કરી અને કહ્યું કે, આજ્ઞાનું પાલન નહીં કરીએ તો તમારા અને મારા બન્નેના જાનનું જોખમ છે. બિસ્મીલ્લાહ પઢીને બે ખટકે ચાલ્યા જાવ; ખુદા હાફિઝ છે. (બચાવનાર છે) તે તમારું કંઈ બગાડી શકશે નહીં.'

આટલી ભલામણ પછી હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) નમાઝ માટે ઊભા થઈ ગયા અને હઝરત સહારહે (રદિયલ્લાહો અન્હા) પણ વુઝુ કરી નમાઝ અદા કરી અને અલ્લાહતઆલાની બારગાહમાં દુઆ માગી :

'અય ખુદા, હું તારા રસૂલ ઉપર ઈમાન લાવી છું, મારા ઉપર કાફિરનો કાબૂ થવા ન પામે.' પછી તે ખાસ માણસ સાથે ફિરઔન પાસે પહોંચી ગયા. તેની નિગાહ હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ના હુશ્નથી અંજાઈ ગઈ. બે અખ્યાર થઈને તેમની તરફ હાથ લંબાવ્યો. પણ બન્ને હાથ સીના સુધી પહોંચીને રોકાઈ ગયા અને તેનું

ગળું સૂકાઈ ગયું અને તકલીફથી જમીન ઉપર તરફડવા લાગ્યો, હાથ પગ પછાડવા લાગ્યો.

અને હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) પાસે આજીજી કરવા લાગ્યો કે, તારા માઅબૂદ પાસે ઈલ્તીજા કર અને મને આ મુસીબતમાંથી છુટકારો અપાવ. તારા ખુદાની કસમ હવે હું તને સતાવીશ નહીં-રંજાડીશ નહીં. હઝરત સહારહે (રદિયલ્લાહો અન્હા) તે વખતે દુઆ કરી, 'અય મારા ખુદા ! અગર તે સાચું કહે છે તો તેને નજાત બખ્શ.' તરત જ તે અસલ સ્થિતિમાં આવી ગયો. ત્રણ વખત તેની નિય્યતમાં બગાડ આવ્યો. હર વખત તે એવી જ હાલતમાં સપડાતો. છેવટે તેણે પોતાના નાપાક ઇરાદાને છોડી દીધો. આ બનાવથી તેના ઉપર દહેશત છવાઈ ગઈ. પછી તેણે પોતાના ખાસ માણસ (જાસૂસ)ને કહ્યું કે, 'તું મારા પાસે કોઈ ઈન્સાન નથી લાવ્યો, કોઈ શયતાનને લાવ્યો છે. જા એને લઈ જા અને સાથે હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ને તેની ખિદમત માટે આપી.' હવે હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) બીબી હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ને લઈને ખુશી ખુશી પોતાના ઘેર આવ્યા.

હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) હઝરત નમાઝ પઢી રહ્યા હતા. જ્યારે નમાઝમાંથી ફારેગ થયા તો ઇશારાથી પૂછ્યું, 'કહો, કેમ ગુજરી ?' હઝરત સહારહે (રદિયલ્લાહો અન્હા) કહ્યું, 'રદલ્લાહો કયદુલ કાફેરો વલ્ફાજેરો વ અખદમની હાજરહ (રદિયલ્લાહો અન્હા).' 'અલ્લાહતઆલાએ મક્કાર કાફિર ફાજિરથી બચાવેલ અને ખિદમત માટે હાજરા (રદિયલ્લાહો અન્હા)ને આપેલ.'

પછી સનાને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની ખિદમતમાં હુકમ મોકલ્યો કે, હવે તમે જલ્દી મિસરથી ચાલ્યા જાવ. અહીંયા રહેશો નહીં. એટલે આપ હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) અને હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ને લઈને મિસરથી ફલસ્તીનની ધરતી ઉપર ચાલ્યા આવ્યા અને સબઅ નામે એક સ્થળે મુકામ કર્યો.

આપે સબઅ પહોંચીને ખેતીવાડીનું કામ શરૂ કર્યું અને થોડાજ વખતમાં અલ્લાહ પાકે એવી બરકત આપી કે, હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) ઘણા બધા ઢોર-ઢાંખર અને જમીનના માલિક બની ગયા. ઘણા નોકર ચાકરો અને ગુલામોના માલિક બની ગયા. તેમણે અહીં એક કુવો અને એક મસ્જીદ પણ બનાવેલ; કેમકે આપ સમજતા હતા કે હવે આપણે જીંદગી પર્યંત અહીં જ રહેવાનું છે. પણ અમુક સમય પછી સબઅના લોકોએ આપને બહુ પરેશાન કર્યા અને આપના કુવાનો કબ્જો લઈ લીધો. તેથી તંગ આવીને આપ હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) અને હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ને લઈને કતમામાં આવી ગયા. આ શહેર ઇલયા (બૈતુલમુકદસ) અને રમલાની વચ્ચે હતું. અહીં હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) અને હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ને દરેક રીતે આરામ અને ઈત્મીનાન હતો અને મિસર છોડ્યાને દસ વરસ જેટલો સમય થઈ ગયો હતો; પરંતુ હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) ઔલાદથી મેહરૂમ (વંચિત-વિનાની) હતી. અલ્લાહ તઆલાનો વાયદો હતો કે તેમને ઔલાદ થશે. હઝરત સાહરહ (રદિયલ્લાહો અન્હા)એ હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને કહ્યું, 'હું તો ઔલાદ માટે નાઉમ્મીદ છું, તમે હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)થી નિકાહ કરી લો. અલ્લાહપાકે ઔલાદ આપવાનો વાયદો કર્યો છે તો બની શકે છે કે તેનાથી ઔલાદ થશે.' હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ની સલાહ મુજબ હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)થી નિકાહ કરી લીધો.

ખુદાની શાન, એક વરસ પછી તેમના પેટે હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)નો જન્મ થયો. આ પયદાઈશથી હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ને પણ ખુશી થઈ હતી, પરંતુ થોડા સમય પછી તેઓને રંજ પણ થવા લાગ્યો કે પોતે વાઝણી છે અને બે ઔલાદ હોવાના કારણે બહુ અફસોસ થવા લાગ્યો.

પરંતુ થોડા દિવસો પછી હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ને પણ અલ્લાહતઆલાએ ખુશખબરી દીધી-હઝરત ઈસ્હાકનો જન્મ થવાની-જેને અહીં જરા વિગતથી લખીએ છીએ-હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની એ આદતશરીફ થઈ ગઈ હતી, કે થોડા મહેમાનોને સાથે બેસાડીને જમતા હતા. પરંતુ છેલ્લા પંદર દિવસથી કોઈ મહેમાન આવ્યો નહીં. હઝરતને દિલમાં બહુ રંજ અને અફસોસ થયો. ઘરમાંથી બહાર નીકળીને ઊભા હતા કે કોઈ આવી જાય. હજુ વધારે વાર થઈ નહોતી કે ત્રણ જણ દેખાયા, પરંતુ એ ત્રણે જણા ઈન્સાનોથી કંઈક જુદા જ અંદાજમાં દેખાતા હતા.

હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) આવા હુસ્નો-જમાલવાળા ઇન્સાન મહેમાનો કદિ જોયા નહોતા. તેમને પોતાના તરફ આવતા જોઈને તેમને સત્કારવા માટે હઝરત જરા આગળ વધ્યા. એ ત્રણે જણાએ સલામ કર્યા. આ ત્રણે વાસ્તવિક રીતે હઝરત જીબ્રઈલ, હઝરત ઈસરાફીલ અને હઝરત મીકાઈલ ફરિશ્તા હતા. જેમને અલ્લાહ તઆલાએ મોકલેલ હતા અને હઝરતની સેવામાં ઇન્સાની રૂપમાં આવ્યા હતા. આપ તેમને બહુ ખુશી ખુશી અંદર લઈ ગયા. જ્યારે તેઓ બેઠા એટલે તરત જ હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) ગાયના એક મોટા વાછરડાને ઝિબ્હ કરીને ગરમાગરમ ગોશ્ત તૈયાર કરીને હાજર કરેલ. પરંતુ મહેમાનોએ કંઈપણ ખાવાનો ઈન્કાર કર્યો.

હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) દિલમાં કંઈક ગભરાયા, કારણ કે તે જમાનામાં કોઈ બુરા ઇરાદાથી આવતા તેજ જમતા નહીં. ફરિશ્તા પણ હઝરતનો ગભરાટ સમજી ગયા. તેમણે કહ્યું, ડરો નહીં, અમે ફરિશ્તા છીએ અને લુતની કોમના તરફ મોકલવામાં આવ્યા છીએ કે તેમને હલાક કરી નાખીએ અને આપને હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ના પેટે પુત્રના જન્મની ખુશખબરી સંભળાવીએ છીએ. હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) પણ મહેમાનોને ખવરાવવા માટે ત્યાં આવીને ઊભા હતા. એ સાંભળીને હસવા લાગ્યા.

'હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ની ઉંમર તે વખતે ૯૦ વરસની અને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની ઉંમર ૧૨૦ વરસની હતી. પોતાની વૃદ્ધાવસ્થાના કારણે અફસોસ અને તાજુબી સાથે કહેવા લાગ્યા, હું ઘરડી છું, મારા શોહર પણ ઘરડા છે. તમે અજબ વાત કરો છો જે દુનિયાના નિયમ કે કાયદાથી વિરૂદ્ધ છે, હવે હું શું પુત્રને જન્મ આપીશ.'

ફરિશ્તાઓ કહેવા લાગ્યા. 'અલ્લાહની કુદરત ઉપર તાજુબ કરો છો ? એ કોઈ નવાઈની વાત નથી. તમારા ઉપર તો અલ્લાહની રહેમત અને બરકતે ખાસ છે અને તે મોટો બુઝુર્ગ માઅબૂદ છે. દરેક વસ્તુ ઉપર કાદિર છે.' એમ કહીને ફરિશ્તા ચાલ્યા ગયા અને હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) તો પુત્ર જન્મની ખુશીમાં ખુશ ખુશ હતા. તે પુત્રના જન્મની ખુશીથી ઈન્તેજાર કરવા લાગ્યા.

થોડા મહિનાઓમાં તે હામેલા થયા અને આ બનાવના એક વરસની અંદર હઝરત ઈસ્હાકનો જન્મ થયો. ખુશીનો પાર નહોતો. બેટાની મોહબ્બતના કારણે બહુ જ લાડ પ્યારથી તેમની પરવરિશ થઈ.

એક દિવસ હઝરત ઈસ્હાક અને હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) વચ્ચે લડાઈ થઈ. હઝરત સહારહે હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) અને હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ને ઘર બહાર કાઢ્યા. હવે બાપની તમામ મિલ્કતના માલિક હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ) હતા. ત્યાં સુધી કે હઝરત ઈસ્હાક જવાન થયા અને તેમની શાદી થઈ. ઔલાદ થઈ, બીબી સહારહે (રદિયલ્લાહો અન્હા) પુત્ર, વહુ અને પૌત્ર સુદ્ધાં જોયા અને બહુ જ ખુશીમાં દિવસો ગુજાર્યા.

એકસો ત્રીસ વરસની ઉંમરે તેઓ બીમાર પડ્યા અને એ બીમારીમાં જ તેમનું અવસાન થયું. તેમના અવસાનથી હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) તથા હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ને બહુ રંજ થયો. તે વખતે હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ની ઉંમર ૭૦

વરસની હતી. હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) અફરૂન બિન સખર નામના માણસ પાસેથી મુકામે જરૂનમાં એક લીલીછમ જમીનનો ટુકડો ચારસો મિસ્કાલમાં ખરીદ કર્યો અને તેમાં બીબી સહારહ (રદિયલ્લાહો અન્હા)ને દફનાવ્યા. હઝરત બીબી સહારહ (રદિયલ્લાહો અન્હા)થી તેમને બેહદ મોહબ્બત હતી. તેમણે જે રીતે ઈમાન લાવી અલ્લાહ તઆલાને ખુશ કરેલ એવી જ રીતે તેમણે દુનિયામાં ઈઝઝત મેળવી. તે હંમેશા દરેક શરીફ ખાતુન માટે સબક લાયક રહેશે.

* * *

## હઝરત હાજરહ (રદિયલ્લાહો અન્હા)
## (ઝવજએ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ)

### * (માદરે હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામ) *

હઝરત હાજરહ (રદિયલ્લાહો અન્હા)ને આજર, હાજરૂ કે આજરહ પણ કહે છે; પરંતુ અસલ નામ ઇબરાની ભાષામાં હાગાર હતું. એમનો જન્મ મિસરના શહેર હકનમાં થયો. આ શહેરના પરામાં એક કડિયા નામે ઉમ્મુલ અરબ અને ઈશહાકીના કથનાનુસાર અમ દફીન છે. ત્યાં પૈદા થયા. કેટલાક કહે છે કે હઝરત હાજરાનું જન્મ સ્થળ શહેર અયન શમસી છે. જેનું નામ હવે મતરયા છે. પણ બેહતર એ જ છે કે ઉમ્મુલ અરબને 'બીબી હાજરાની પેદાઈશ થવાનો ફખ્ર હાસિલ છે. ઇતિહાસવેત્તા ઈબ્ને ખલ્કાન, અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) બિન યાહયા બિન ઉસ્માન બિન તઝકરએ નીન અબુ નવાસના આ શે'રની શરાહ કરતાં લખે છે કે -

**તવાલેબો બીર રૂકબાને ગઝઝત હાશીમે**
**વબીલ ફરમા મિન હાઝે હિન્ના શકુરૂન**

તરજુમો : જે ઓરતો કાફલાની સાથે ગઝવા એ હાશિમ જાય

છે અને ફરમામીન મોટા મોટા કામ એમનું ઇંતેજાર કરી રહ્યા છે.

અબુ નવાસના આ શે'રમાં બે શબ્દોની તફસીર મોહતાજ છે. ફાવરાએ મેહમલા મોટું શહેર છે. જે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ના જમાનામાં દયારે મિસરનું દારૂલ હકુમત હતું. આ ઇલાકામાં (પ્રદેશમાં) એક ગામ ઉમ્મુલ અરબ છે. હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)ના વાલિદા હઝરત હાજરહ (રદિયલ્લાહો અન્હા) અહીંના હતા. 'ફરમા' રણ પ્રદેશના પહેલાં સાહિલ અને મિસરના વચ્ચે એક મશ્હુર મંઝિલ છે. આ તે માણસના જમણા હાથ તરફ રહી જાય છે, જે મિસરના સાહિલ (દરિયા) બેહરેકુલઝુમ ઉપર શામની તરફ જતો હોય. આ સ્થળ વીરાન ખંડેર છે. આ એક વિચિત્ર ઘટના છે કે હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) તો અરબોના પિતા છે અને તેમની માતા તે ગામની રહેવાવાળી છે. જેનું નામ ઉમ્મુલ અરબ છે. ઇતિહાસકારોના મોટા ભાગે એમ નોંધેલ છે કે, તે કબતીયા અને સનાન બિન ઉલાન બાદશાહે મિસરની લોંડી હતા. પરંતુ આ અફસોસનાક ઈલ્ઝામ (આક્ષેપ) છે, જે લોકો એમ કહે છે તે ભૂલ કરે છે, કેમ કે કોઈ પણ હકીકતે તેમનું લોંડી હોવું સાબિત નથી. હઝરત અબૂ હુરયરા (રદિયલ્લાહો અન્હો)ની રિવાયત મુજબ જે હદીસ સહીહ બુખારીમાં છે, તે પહેલાં તો ફક્ત હઝરત અબૂ હુસુરા સુધી જ મોકુફ છે. બુખારીની ત્રણે રિવાયતોના શબ્દો કીતાબુલ બઈયા, કીતાબુલ અંબીયા, કિતાબુન્નિકાહમાં કોઈ શબ્દ એવો નથી. જેથી હઝરત હાજરહ (રદિયલ્લાહો અન્હા) કેસરયે (જંગની ગનીમતમાં મળેલ) યા મિલ્કયમીન (ખરીદ કરેલ)નો જરાપણ ઇશારો નથી.

કિતાબુલ બયાઅમાં-અખદમ વલીદા-છે અને વલીદા તે છોકરીને કહે છે જે ખિદમત કરે. ખાદીમા અને લોંડીમાં મોટો ફરક છે. કિતાબુલ અંબિયામાં-અખદમ હાજરહ (રદિયલ્લાહો અન્હા) છે. અહીં પણ હાજરા (રદિયલ્લાહો અન્હા)નું ખિદમતમાં રહેવું, તેમને ગુલામ તરીકે સાબિત નથી કરતું.

આજ પ્રમાણે કિતાબુન્નિકાહવાળી રિવાયતમાં છે. અખદમની હાજરાહ (રદિયલ્લાહો અન્હા) અને સહીહ મુસ્લિમની રિવાયતમાં અખદમી ખાદમન છે. આ શબ્દોથી હઝરત હાજરહ (રદિયલ્લાહો અન્હા)નું લોંડી-બાંદી હોવું સાબિત નથી થતું. તો પછી એવું સમજવું ફક્ત બિન પાયેદાર અને બદગુમાની અને અસલિયત વગરની વાત છે. તે જમાનાની હાલત ઉપર નજર કરતાં એવું દેખાય છે કે, લોંડી-ગુલામ બે જાતના હતા. "શેરા" ખરીદેલા અને લડાઈમાં માલે-ગનીમતમાં જે લોંડી ગુલામ મળતા હતા તે અથવા તો તે લોંડી ગુલામ જે બજારમાંથી ખરીદ કરીને લાવવામાં આવતાં હતાં, તેને-મકનસ કસફ કહે છે અથવા તેમની ઔલાદ લોંડી-ગુલામ થતી હતી તે-વલીદયાયસ એટલે વલીદુલ બેત ખાનઝાદ હતા. હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) આ બધાથી પાક હતા. પછી તે કેવી રીતે લોંડી થઈ શકે છે. તેમને લોંડી કહેવું મોટો બોહતાન છે.

મકાતીલનું કહેવું છે કે, તેઓ હઝરત હૂદ અલયહિસ્સલામની ઓલાદમાંથી હતા અને ઝહાકે કહ્યું છે કે તેઓ વાલીએ મનફની દીકરી હતાં અને તેમની માતાનું નામ કીલા હતું. કીલા કાહેલ બિન અદરા બિન મઅદ બિન ફિઝાઆ યારાકમ બિન્તે ઉમર બિન હફસાની દીકરી હતા. "સફર ઈશાર" જે યહુદીયોની એક તવારિખ છે, તેમાં લખ્યું છે કે, "બાબલ" દારૂસલ્તનત નમરૂદમાં જ્યાં હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ તથા હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ના ખાનદાનના લોકો રહેતા હતા.

એક માણસ ડાહ્યો, હુન્નરમંદ જે ઘણા ઈલ્મોમાં કમાલ રાખતો હતો, તેનું ઈબરાનીમાં નામ રકયુન હતું. પોતે ગુમનામ અને તંગદસ્ત રહેવું પસંદ કરતો હતો. મિસર ચાલ્યો ગયો. ત્યાંના વતનીઓમાં પણ તેની લાયકાત અને હોંશિયારીની શોહરત એવી ફેલાણી કે મિસરના-બાદશાહે તેની કદર કરી તેને પોતાના રાજ વહીવટમાં દાખલ કરી લીધો. ધીમે ધીમે તે મિસરનો બાદશાહ બની બેઠો. તે પહેલો માણસ

છે જેને ફિરઔનનું ઉપનામ (લકબ) મળ્યું. હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)આ-ફિરઓનની પુત્રી હતા. કીતાબ "બરશીત રીયાહ" જે યહુદીયોની ધાર્મિક કિતાબ છે-માં લખ્યું છે કે, હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) બાદશાહે મિસરની પુત્રી હતી. અલ્લામા કસ્તલાનીને શરહ બુખારીમાં સફા ૮૨ જીલ્દ-૪ ચારમાં લખ્યું છે કે, "વકાના અબુ હાજેરાહ મિમ મલુકિલ કાબતે." એટલે કે, હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)નો બાપ શાહી કિબતથી હતો.' એવી જ રીતે તારીખે, તીબરી, તારીખે ખમીસથી પણ સમજાય છે. પણ તે લેખકોએ લખ્યું છે કે 'કીબલ ઝાલેકલ મલેકે' અથવા 'કબલલ રિકકે' એનો અર્થ શું એમ થાય કે, 'તે એનાથી પહેલાંના બાદશાહની પુત્રી હતી.'

હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ના પત્નિ હતા. અને તે હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) એ હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) સાથે નિકાહ કરવાની સલાહ આપી; તે આ અગાઉ કહેવાઈ ગયું છે.

જ્યારે હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) બાદશાહ પાસે ગયા હતા અને તેમની હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ની કરામત જોઈને બાદશાહ નિરાશ થયો ત્યારે તેમને પાછા જવા કહ્યું અને તેણે હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ને સાથે દીધી. તેણે પોતાની પુત્રી હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ને કહ્યું કે, 'બેહતર છે કે, તું તેમના ઘરમાં ખિદમતગાર તરીકે રહે.' વિદાય કરતી વખતે બાદશાહે પોતાની હઝરત પુત્રી હાજરહ (રદિયલ્લાહો અન્હા)ને કહ્યું કે, 'તમારૂં તેમના ત્યાં (હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) પાસે) રહેવું અહીં મારા પાસે રહેવા કરતાં બેહતર છે.' હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) જો કે બાદશાહની પુત્રી હતી. પરંતુ અલ્લાહપાકે તેમને ખુબ જ બુદ્ધિશાળી બનાવ્યા હતા અને મા-

બાપની "આજ્ઞાનું પાલન" એ ફરજ છે તેમ સમજતા હતા અને પોતાના પિતા 'રકયુન'ની માફક હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) પણ એમ જ સમજતા હતાં કે આ (બેઉ) બન્ને (હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) અને હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)) બુઝુર્ગ અને સાહેબે બરકત છે; તેમની ખિદમતમાં રહેવાથી પોતાની તાલીમો તરબીયત સારી થશે.

તેમ માનીને તે હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) સાથે ગયા. હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) પણ ખુશી ખુશી તેમને પોતાના સાથે લઈ ગયા અને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને બધી વાત સમજાવી. તેમણે અલ્લાહતઆલાનો શુક્ર અદા કર્યો. ત્યાર બાદ જ્યારે મિસરથી હિજરતનો ઇરાદો કર્યો તો ફિરઔને તેમની સવારીનો બંદોબસ્ત કરી દીધો કે તેઓ આરામથી જાય. સાથે માણસો પણ આપ્યા કે હિફાઝતથી તેમને પહોંચાડી દે. તે લોકો આરામથી પોતાના માલ-સામાન, લોંડી-ગુલામ ઢોર-ઢાંખર વગેરે સાથે 'સબઅ' નામના સ્થળે પહોંચી ગયા.

તે સમયે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ના કારણે માલદાર બની ગયા. તોરેતમાં છે કે, "મિસરથી હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) રવાના થયા. પોતાની બીવી હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા), માલમત્તા અને હઝરત લૂત સાથે દક્ષિણ તરફ ગયા."

હવે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) અને તેમની એહલે બૈત ઇત્મીનાનથી રહેવા લાગ્યા, પણ 'સબઅ'ના લોકોએ તેમને પરેશાન કર્યા અને આપે બનાવેલ કુવા ઉપર કબ્જો જમાવી લીધો. ત્યારે આપ કતમાં જઈને વસ્યા.

હઝરતના સહવાસથી હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ની હાલત બદલાઈ ગઈ. તેમને બુદ્ધિ-ચાતુર્ય તો અલ્લાહતઆલાએ પહેલાંથી જ આપ્યું હતું. હવે નબીની તાલીમો-તરબીયત અને નિગેહ-બાની

હાસલ થતા તેમનામાં પહેલાંથી ઘણો વધારે સુધારો થયો, તે ખુબ જ નેક બખ્ત અને આજ્ઞાંકિત સાબિત થયા.

હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા) પાસે અલ્લાહનું અતા કરેલું બધું જ હતું, પણ પોતે બે ઔલાદ હોવાથી દિલગીર અને ગમગીન રહેતા. દશ વરસ વિત્યા છતાં ઔલાદથી મેહરુમ હતા. હઝરત સહારહે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને કહ્યું, હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) કમસીન અને ખુબસૂરત નાઝનીન છે, તેનાથી આપ નિકાહ કરી લ્યો. શાયદ, અલ્લાહતઆલા આપને એનાથી ઔલાદ અતા કરે.

હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ની ઉંમર ૮૬ વરસની થઈ ગઈ હતી અને કોઈ ઉમ્મીદ તેમને રહી નહોતી. એક વખત તેઓ દુઆ પણ કરી ચુક્યા હતા અને અલ્લાહતઆલાએ વહી મારફત ઔલાદ આપવાનો વાયદો પણ ફરમાવેલ હતો. પણ હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)એ માન્યું કે શાયદ ઔલાદ હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ના પેટે થાશે, તેથી જ તેમણે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)થી નિકાહ કરી લેવાની દરખાસ્ત કરી અને અલ્લાહતઆલાની શાન કે, હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) હામેલા થયા.

તેમને બહુ ખુશી થઈ કે મારા પેટે ઔલાદ થશે તો હું વધારે મેહબૂબ બની જઈશ. પણ હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ના મનમાં એવો વહેમ થવા લાગ્યો કે હવે મને હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) તુચ્છ સમજવા લાગી છે. તેમણે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને કહ્યું કે, મારા તરફ જે અન્યાય થયો છે. તેના જવાબદાર આપ છો, મેં મારી ખાદિમા આપને અર્પણ કરી, હવે તે ગર્ભવતી થઈ છે તો મને હલકી સમજવા લાગી છે, મારો અને તમારો ઈન્સાફ ખુદા પાસે છે. હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) જવાબમાં કહ્યું. હજી પણ તમે હઝરત હાજરાહ

(રદિયલ્લાહો અન્હા)ને તમારી ખાદિમા જ સમજો અને તમને યોગ્ય લાગે તેમ કરો.

ત્યારબાદ હઝરત સહારહે હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) ઉપર સખ્તી શરુ કરી તે એટલે સુધી કે હઝરત હાજરાહે લાચારી ઘર છોડવું પડ્યું અને નાસીને એક ઉજ્જડ મેદાનમાં ચાલ્યા ગયા. થાકેલા હતા. એક ઝરણા પાસે પહોંચી ત્યાં પડ્યા રહ્યા. જે "સોર" માર્ગ ઉપર હતું. ત્યાં અલ્લાહતઆલા તરફથી ઇલ્હામ (તે હકીક્ત જે ખુદા તરફથી દિલમાં નાખવામાં આવે છે) થયો કે તમે ઘેર પાછા જાઓ અને સારહને તાબે રહો. અલ્લાહ તમને ત્યાં પુત્ર આપશે અને તેની ઔલાદમાં એટલી બરકત આપશે કે તેની કોઈ ગણતરી નહીં રહે અને પુત્રનું નામ ઈસ્માઈલ રાખજો. આથી અલ્લાહતઆલાનો શુક્ર અદા કરીને હઝરત હાજરહ (રદિયલ્લાહો અન્હા) ઘેર પાછા ફર્યા, સમય પૂરો થતાં તેમને પુત્ર અવતર્યો. 'વહી' ઉતરી કે આ તમારા પુત્રને ત્યાં બાર પુત્રો થશે અને દરેક પુત્રનો વંશ દાદા-પરદાદા સુધી બહોળા પ્રમાણમાં વધશે. હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)ના જન્મની ઘરવાળાઓએ ખુશીઓ મનાવી. હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ના આ પહેલા જ પુત્ર હતા; તેથી તેને લાડ-પ્યારથી ખોળામાં ને ખોળામાં રાખવામાં આવતાં; તેમના કારણે હઝરત હાજરહ (રદિયલ્લાહો અન્હા) તરફથી લાગણીમાં પણ વધારો થયો. જ્યારે હઝરત હાજરહ રદિયલ્લાહો અન્હા આ ઈજ્જત અને નેઅમત અતા થઈ તો હઝરત સારાહ (રદિયલ્લાહો અન્હા)ને સદમો થવા લાગ્યો. છેવટે અલ્લાહતઆલાએ તેમની ફરીયાદ પણ સાંભળી અને દસ વર્ષ પછી હઝરત સારહ (રદિયલ્લાહો અન્હા) ગર્ભવતી થયા. અને હઝરત ઈસ્હાક પેદા થયા. પણ હઝરત ઈસ્હાક થોડા મોટા થયા તો એક વખતે બન્ને ભાઈઓમાં ઝઘડો થયો. જેવી રીતે નાના બાળકોમાં સામાન્ય કજીયા થાય છે, તેમજ હઝરત સારહ (રદિયલ્લાહો અન્હા)ને આ બાબત ગમી નહીં અને હઝરત ઈબ્રાહીમ

(અલયહિસ્સલામ)ને મજબુર કર્યા કે આ લોંડી અને છોકરાને ઘરમાંથી કાઢી મૂકો, હું કોઈ પણ કાળે તેમને મારા ઘરમાં રહેવા નહીં દઉં, તેઓ આ ગામમાં રહે તે પણ મને પસંદ નથી.

આ પ્રસંગે હઝરત સારહ (રદિયલ્લાહો અન્હા)એ હઝરત હાજરા (રદિયલ્લાહો અન્હા)ને 'લોંડી' કહ્યા તો ખરા પરંતુ હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) ખરેખર 'લોંડી' નહોતા. ઓરતોના ઝઘડામાં આવા ગુસ્સા ભરેલા શબ્દો કહેવામાં આવે છે તેટલો જ એનો અર્થ છે. ખાસ કરીને બે શોકો વચ્ચે બાળકોના ઝઘડામાં આવું બને છે, તેઓ આવા શબ્દોનો પ્રયોગ કરે જ છે, એ રીતે આ પ્રસંગે 'લોંડી' શબ્દ કહેવામાં આવેલ છે. હઝરત સારહની આ વાતથી હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) બહુ જ નારાજ થયા. પરંતુ અલ્લાહપાકને પણ હઝરત સારહની મરજી મંજુર હતી અને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની તસલ્લી પણ... વહી નાઝિલ થઈ, "આપ તેમને મક્કા લઈ જાઓ અને ત્યાં જ વસવાટ માટે છોડી દો."

અલ્લામા ઈબ્ને અશીરે 'તારીખે કામિલ'માં લખ્યું છે કે, હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ને હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)ના જન્મ વખતે બહુ સદમો થયો. પરંતુ એક વરસ પછી તેમને પેટે હઝરત ઈસ્હાક અવતર્યા. બન્ને બાળકો જરા મોટા થયા તો બન્ને મસ્તી-તોફાનમાં મારપીટ ઉપર ઉતરી પડતા. એકવાર હઝરત સારહે ગુસ્સામાં આવીને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને કસમ આપીને કહ્યું કે, આ માતા-પુત્ર બન્નેને કાઢી મુકો. હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) માતા-પુત્ર બન્નેને એક ખચ્ચર ઉપર સવાર કરીને એક પાણીની મશક અને થોડી ખજુરો લઈને રવાના થયા. મક્કાની ધરતી ઉપર એક ઝાડના છાયડામાં એક ઝુંપડી બનાવીને તેમને કહ્યું, 'તમે અહીં રહો.' તે સમયે તે સ્થાન તદ્દન ઉજ્જડ હતું, ત્યાં કોઈ રહેતું નહોતું, દુર દુર સુધી વેરાન જ વેરાન હતું. દાણા-પાણીની કોઈ વ્યવસ્થા નહોતી.

પછી હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) મોઢું ફેરવીને જે

દિશાએથી આવ્યા હતા પાછા તે જ દિશાએ ચાલવા માંડ્યું; એટલે હઝરત હાજરહ (રદિયલ્લાહો અન્હા) દોડીને પાછળ ગયાં અને કહ્યું, 'આપ મને આ કાંટાવાળી ઝાડીમાં એકલી મુકીને ક્યાં ચાલ્યાં ?' અહીં ન કોઈ સાથી છે, ન ખેતીવાડી છે, ન દૂધ પાણી મળી શકે તેમ છે; અહીં કોઈજ જાતનો સહારો નથી.

હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) ઉતાવળે ઉતાવળે ઝડપથી આગળ વધી રહ્યા હતા; તેઓ પાછળ જોતા પણ નહોતા અને જવાબમાં પણ કંઈ કહેતા નહોતા. હઝરત હાજરાહે (રદિયલ્લાહો અન્હા) બે ત્રણ વખત પોકારી પોકારીને કહ્યું, 'જાઓ, ખુદા હાફિઝ ! હવે અમને તે ભૂલશે નહીં.' એમ કહીને પાછા આવીને પોતાના બાળક પાસે બેસી ગયા. તે શુક્ર અને સબ્ર સાથે જ્યારે બાળકને ભૂખ લાગતી ત્યારે દૂધ અને પાણી પીવા દેતા હતા.

હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) દૂર પહોંચીને એક ટેકરી પાસે ઉભા રહીને હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) તરફ નજર દોડાવી તો હઝરત હાજરા તેમને જોઈ શકતા નહોતા. એટલે આપે ત્યાં ઉભા રહીને ખાનએ કા'બા તરફ મોઢું કરીને અલ્લાહતઆલા પાસે બહુ આજીજીથી દુઆ માગી.

**'રબ્બના ઈન્ની અસ્કન્તો મિન ઝુર્રિયતી બે વાદિન ઝી ઝરઅ ઈન્દક બે તકલ મોહર્રમ રબ્બના લે યાકીમુસ્સલાત ફજઅલ અફએદતીન મિનન્નાસે તાહવી એલયહિમ વર્ઝુકહુમ મિનસ્સમરાતે લઅલ્લહુમ યશ્કોરૂન.'**

તરજુમો : 'અય રબ ! મેં મારી ઓલાદને આ જંગલમાં વસાવી છે; જ્યાં ખેતી પણ નથી. જે તારા મુતબર્રીક (બરકતવાળા) ઘરના નજીક છે. અય રબ ! તારી નમાઝ કાયમ કરવા માટે લોકોને એ તરફ માઈલ કરી દે અને તેમને મેવા જેવી નેઅમતોથી નવાઝ.'

આ દુઆ કરીને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) મુકામે

સબઅ તરફ રવાના થઈ ગયા. એમના ગયાના એકાદ દિવસ પછી પાણી અને ખજુર બન્ને ખલાસ થઈ ગયા. નન્હા હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) તરસથી તરફડવા લાગ્યા; રડવા લાગ્યા. હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) પોતે પણ તરસથી અને બાળકની વ્યાકુળતાથી ઉદાસ, ઉદાસ થઈ ગયા. નિરાશા અને નિસાસા સાથે આમ તેમ દૃષ્ટિ ફેરવતા રહેતા. તેમને નજીકના સફા પહાડ સિવાય બીજું કંઈ દેખાતું જ નહોતું. તે પહાડ ઉપર ચડીને ચોપાસ એક ચિત્તથી કાન ધરવા લાગ્યા કે કદાચ આ ઝાડીમાં ક્યાંય કોઈ વસ્તી મળી આવે, કોઈનો પગરવ કે અવાજ સંભળાય. પરંતુ આ બેક્સીમાં નિરાશા જ નિરાશા હતી. આશાનું કોઈ કિરણ દેખાયું જ નહીં. અથાગ પરિશ્રમ અને પ્રયાસો છતાં ન તેમને કોઈ અવાજ સંભળાયો કે ન કોઈ નજરે પડ્યું.

થોડીવારમાં તેમણે પોતાના બાળકની દિશામાં જંગલી જાનવરોનો અવાજ સાંભળ્યો. તે ગભરાઈને પોતાના બાળકની સુરક્ષા ખાતર તે તરફ એક હાથે પોતાના પેહરનને સંભાળતા સંભાળતા અને દોડતા દોડતા નીચે ઉતરી આવ્યા; પરંતુ ત્યાં કોઈ જાનવરનું નામ નિશાન જણાયું નહીં.

પછી તેમણે મરવા પહાડ તરફથી કોઈના બોલવાનો અવાજ સાંભળ્યો અને તે તરફ ગયા. એવી રીતે સફા અને મરવા વચ્ચે સાત ચક્કર લગાવ્યા. પરંતુ કામ્યાબીની કોઈ સૂરત દેખાણી નહીં. હજુ મરવા પહાડ ઉપર હતા ત્યારે કોઈના ધીમે ધીમે બોલવાનો અવાજ સંભળાયો. પરંતુ તેમણે માન્યું કે, 'કાન વાગે છે.'

પરંતુ થોડીવાર પછી તેમને એમ લાગ્યું કે, 'જરુર કોઈ બોલે છે, પરંતુ દેખાતું નથી. તેમણે ઘોર નિરાશામાં કહ્યું, 'અય અલ્લાહ! તું મારા કાન સુધી અવાજ પહોંચાડે છે તો મારી મદદ ફરમાવ અને મારા નાના બાળક ઉપર તરસ ખા. નહીંતર હું અને મારૂં બાળક બન્ને હલાક થઈ જઈશું.'

પછી માથું ઊંચુ કરીને જુએ છે તો એક બુઝુર્ગ શખ્સ સામે ઉભા છે. (તે હઝરત જીબ્રઈલ અલયહિસ્સલામ હતા). તેમણે પૂછ્યું, 'અય નેક બખ્ત ! તું કોણ છો ? અને અહીં તારું આવવું કેમ થયું ?'

હઝરત હાજરહે કહ્યું, 'હું હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની ખાના આબાદ લૉંડી છું. તેઓ મને અને મારા બાળકને અહીં છોડી ગયા છે.'

જીબ્રીલે અમીને (અલયહિસ્સલામે) પૂછ્યું, 'ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) તમને કોને સોંપી ગયા છે ? અહીં તેમનું કોણ છે ?'

હઝરત હાજરાહે (રદિયલ્લાહો અન્હા) જવાબ દીધો, 'તેઓએ અમને ખુદાને સોંપેલ છે.'

ખુદાના ફરિશ્તાએ કહ્યું, 'તમને તેનો સહારો બસ છે.'

પછી હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ને તે જગ્યાએ લાવ્યા જ્યાં ઝમઝમનો કુવો છે. જમીન ઉપર એક ઠોકર મારી તો પાણીનું ઝરણું વહેવા લાગ્યું. નાઉમ્મીદીમા અને જરૂરત વખતે એક સામાન્ય ચીજ પણ મોટી નેઅમત જણાય છે. હઝરત હાજરાહે પ્રથમ તો જલ્દી જલ્દી પાણીની મશક ભરી લીધી. પછી હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)ને પાણી પાયું. પોતે પણ ખુબ પીધું. કે ઝરણું બહુ વેગ અને જોશથી વહેતું હતું અને ફેલાતું જતું હતું. તેનો વિસ્તાર વધતો જતો હતો. હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ને તે વખતે પાણીનું એક ટીપુ પણ બેકાર જાય તે પાલવે તેમ નહોતું એટલે જલ્દી જલ્દી ખાડો ખોદીને આજુબાજુ માટીના પાળ બાંધી દીધી.

જીબ્રઈલ અલયહિસ્સલામે કહ્યું, 'ગભરાશો નહીં અને આ મુલકના રહેવાસીઓથી ડરશો નહીં. આ ઝરણું આજ પ્રમાણે કાયમ રહેશે અને અલ્લાહતઆલાના મહેમાનો હંમેશા તેનાથી ફાયદો ઉપાડશે. આ બાળકના પિતા બહુ જલ્દી આવનાર છે અને પિતા-પુત્ર બન્ને મળીને આ જગ્યાએ એક ઘર અલ્લાહતઆલા માટે બનાવશે.'

હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ને હવે તસલ્લી થઈ. થોડા દિવસો પછી કબીલા જરહમનો એક કાફલો જે મુલ્કે શામ તરફ જઈ રહ્યો હતો તે અહીંથી પસાર થયો. તેણે અહીં પડાવ નાખ્યો.

દૂર ટોચ ઉપરથી તેમણે (કબીલાવાળાઓએ) જોયું તો તેમને પક્ષીઓ દેખાયા. તેમને નવાઈ લાગી કે અહીં તો ક્યાંય પાણી નથી પછી આ પંખીઓ અહીં કેમ ? જરા આગળ વધ્યા તો તેમને એક ઔરત, એક બાળક, એક કુવો દેખાયો.

કાફલાવાળા આ ઉજ્જડ અને વીરાન પ્રદેશમાં આ દૃશ્ય નિહાળીને ખુબ ખુબ નવાઈ પામ્યા. પછી જઈને પોતાના સાથીઓને વાત કરી અને પૂરો કાફલો હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) પાસે પહોંચ્યો અને તેમણે કહ્યું કે અગર આપ ખુશ હોવ તો અમે અહીં જ રોકાઈ જઈએ. અમે પ્રેમ અને સહકારથી વર્તીશું.

અમે તમારા પાણીમાં શરીક થઈ જઈએ અને તમે અમારા ઢોરોના દૂધમાં શરીક થઈ જાવ. પરંતુ કુવાનો માલિકી હકક તમારો જ રહેશે. અમે તમારા જાન-માલના જવાબદાર રહીશું. હઝરત હાજરાહે (રદિયલ્લાહો અન્હા) આ શરતો કબૂલ કરી લીધી. કારણ કે ઘણાં વખતથી તેઓ અહીં એકલા જ રહેતા હતા અને ઈન્સાનોની સૂરત જોવા તરસતા હતા. એ લોકોનું આવવું ગનીમત અને મોટી નેઅમત સમાન હતું. એ લોકો અહીં જ ઉતરી પડ્યા અને પોતાના બાલ બચ્ચાઓને પણ લઈ આવ્યા. જરૂરત મુજબ મકાનો બનાવતા ગયા. હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) આ લોકોમાં જ પાલન-પોષણ પામી મોટા થયા. તેઓમાં જ વસ્યા, તેઓમાં સંબંધ-સગપણ વધ્યાં અને છેવટે હઝરત ઈસ્માઈલે (અલયહિસ્સલામ) તેઓમાં જ નિકાહ પણ કર્યા. આ બનાવના બાર તેર વર્ષ પછી હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)નો ઈન્તેકાલ થયો અને મુકામે "હજર"માં દફન થયા..

હઝરત ઈસ્માઈલે (અલયહિસ્સલામ) 'બની જરહમ'ના સાથે દફન ક્રિયાની રસમ અદા કરી. હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) કેટલા નિઃસ્વાર્થ અને નિખાલસ હતાં કે ખુદાએ સ્વભાવમાં પતિની રઝા ઉપર રાજી રહેવાનું ખમીર નાખ્યું કે કોઈ પણ જાતની દલીલ કે કારણ પૂછ્યા વગર દિલેરી અને હિમ્મતથી સુનસાન જંગલમાં રહેવાનું પસંદ કર્યું. અલબત્ત હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) હઝરત સારહ (રદિયલ્લાહો અન્હા) ના કહેવાથી દર સાલ હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા) અને હઝરત ઇસ્સમાઈલને જોવા અચુક આવતા હતા.

* * *

## હઝરત કતૂરા (રદિયલ્લાહો અન્હા)
## (ઝવજએ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ)

જ્યાં સુધી હઝરત સારહ જીવતા રહ્યા, ત્યાં સુધી તેમના કારણે હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) બીજા નિકાહ કર્યા નહીં. પરંતુ તેમની વફાત પછી હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે કતૂરા (રદિયલ્લાહો અન્હા) અથવા કીતુરા નામની ઔરત સાથે નિકાહ કર્યા.

હઝરત કતુરા (રદિયલ્લાહો અન્હા)થી આપને ત્યાં છ પુત્ર પેદા થયા. જેમના નામ આ મુજબ છે : ઝમરાન, યકસાન, મદાન, રયાન, ઈસબાક અને ઓખ. આ પ્રમાણે તૌરેત-બાબ ૨૫ અનુસાર આ છ પુત્રોના નામો જાણવા મળે છે.

તૌરેતમાં એ પણ લખ્યું છે કે, હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) પોતાની બધી મિલ્કત હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ને આપી દીધી હતી, અને બીજી બીવીઓથી જે ઔલાદ પેદા થઈ તેમને કંઈક ઈનામ વગેરે દઈને પોતાની હયાતિમાંજ પુર્વ તરફની સર ઝમીનમાં રવાના કરી દીધા; કે તેઓ ત્યાંજ આબાદ થઈ જાય અને ત્યાંજ તેમની વંશ વૃદ્ધિ થતી રહે. પરંતુ કતુરા સિવાય બીજી કોઈ હરમ (બીવી)નું નામ

તૌરેતમાં નથી. પણ એમ જણાય છે કે, હઝરત કતુરા સિવાય બીજી પત્નિઓ પણ હતી. હઝરત કતુરા હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની વફાત પછી જીવતા હતા, પરંતુ એ નથી જાણવા મળતું કે ક્યાં સુધી જીવતા રહ્યા, ક્યાં તેમનું અવસાન થયું, ઈબ્ને ખલ્દુને લખ્યું છે કે, 'હઝરત કતુરા' સરઝમીને કીનઆતના રહેવાસી હતા. એમના પિતાનું નામ 'યકતન' હતું. અલ્લામા સુયુતી નઝહતુલ મજલીસમાં લખે છે કે, 'હઝરત કુતુરાથી ચાર બચ્ચા પૈદા થયા." પરંતુ નામ નથી લખ્યાં. આ સંખ્યા પણ સાચી નથી લાગતી, જ્યારે કે 'તૌરેત' અને 'તારીખે ઈબ્ને ખલ્દુન'માં છ પુત્રોનો સ્પષ્ટ ઉલ્લેખ છે. વલ્લાહો આઅલમ-બિસ્સવાબ.

* * *

## હઝરત હજુરા અથવા હજીન (રદિયલ્લાહો અન્હા) (ઝવજએ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ)

અલ્લામા સુયુતી એ હઝરત કતુરાની નોંધ પછી એ પણ લખ્યું છે કે, 'હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે એક બીજી ઔરતથી પણ નિકાહ કરેલ હતા, જેનું નામ 'હજુરા' હતું. એમના પેટે સાત પુત્રો પેદા થયા. પરંતુ ઈબ્ને ખલ્દુને લખ્યું છે કે, અલ્લામા સહીલીનું ધારવું છે કે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની ત્રીજી ઔરત પણ હતી. જેનું નામ હજીન અથવા હાજુન હતું. તે 'અહબ' નામના માણસની દીકરી હતાં. તીબરી અને ઈબ્ને અસીરે 'અહબ' ને 'અરહીર' અથવા 'અહીર' લખ્યું છે. એમ જણાય છે કે હઝરત કતુરાની હયાતિમાં જ હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) આ બીવી સાથે નિકાહ કર્યા હતો અને તે પણ ઘણું કરીને 'કીનઆન'ની રહેવાસી હતી. એમના પેટે પાંચ પુત્રો પેદા થયા. જેમના નામ કસબાન, ફોખ, અમીમ, લુતાન અને નાફિસ 'તૌરેત'માં આ બીવીનું નામ નથી. તેમજ તેમના પુત્રોનો પણ ઉલ્લેખ નથી.

* * *

# વાએલા :
# (ઝવજએ લુત અલયહિસ્સલામ)

ઇતિહાસના પુસ્તકોમાં આ ઔરતનું નામ વાએલા છે. સહીલીએ બારૂકના હવાલાથી 'હીલ ફસઅ' નામ લખ્યું છે. તે સૂરતની સારી (દેખાવડી) હતી પણ સીરત (વર્તન)ની સારી નહોતી. હઝરત લુત ને તેમનાથી જે રાહત અને મદદ મળવી જોઈએ તે ન મળી. તેનું જાહેર અને બાતિન (છુપું) બન્ને જુદા જુદા હતા. તે સામાન્ય રીતે પોતાને મુસલમાન અને પતિની આજ્ઞાપાલક ગણાવતી. પરંતુ વાસ્તવિક રીતે તે મુનાફિક હતી અને પોતાની કૌમના જ વિચારો-માન્યતાઓ ધરાવતી હતી. તેની માન્યતાઓ ખુબજ ખરાબ હતી. કુરઆનશરીફમાં તેનું વર્ણન ઘણી જગ્યાએ કરવામાં આવ્યું છે.

"સદુમ"માં જવાનું અને એના (વાએલા) સાથે નિકાહ કરવાનું કારણ એ બન્યું કે, મુકામે સબઅમાં જ્યારે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ અને હઝરત લૂત અલયહિસ્સલામના ઢોર ખુબ વધી ગયા તો એકજ જગ્યાએ રહેવાનું જરા મુશ્કેલ જણાવા લાગ્યું.

એ જ અરસામાં બન્નેના ઢોર ચારવા વાળાઓમાં લડાઈ થઈ ગઈ. ત્યારે હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) કહ્યું કે હવે આપણે એક બીજાથી અલગ થઈ જવું બેહતર છે; એવું ન બને કે આગળ ઉપર લડાઈ-ઝઘડા વધી જાય. બેહતર છે તમે પૂર્વની તરફ જઈને વસવાટ કરો અથવા હું અહીંથી જાઉં અને તમે અહીં રહો.'

વિચાર કરીને હઝરત લુત અલયહિસ્સલામ પોતાના માલ-અસબાબને લઈને 'સદુમ' નામે સ્થળે આવીને વસ્યા. આ જગ્યા શામ અને હિજાઝ વચ્ચે પેલેસ્ટાઈનથી લાગીને ઉર્દનની સરહદ પાસે છે. અહીં આવ્યાના થોડા સમય બાદ એક સરદારે પોતાની પુત્રી 'વાએલા' સાથે આપના નિકાહ કરી દીધા.

હવે 'સદુમ'માં હમેશ માટે રહેવાની સગવડ થઈ ગઈ. હવે મુસાફરની હાલત રહી નહીં, પરંતુ હાલ સુધી તેમને (હઝરત લુત અલયહિસ્સલામને) તે કૌમ સંબંધે સહી અંદાજ નહોતો. આપે વાએલા સાથે નિકાહ કર્યા હતા. ભલાઈ સમજીને પરંતુ બુરાઈ જોવાનો સમય આવ્યો. ઉરદુનની સરહદ પાસે પાંચ મોટી મોટી વસાહતો આબાદ હતી. સદુમ, અમુર, અરદુમા, સાઉર અને સગર. આ બધામાં સદુમ સૌથી મોટી વસાહત હતી. સગર સિવાય બાકીની ચારે વસાહતોના લોકોની નૈતિક હાલત ખરાબ હતી. તેઓમાં મૂર્તિપૂજા સિવાય અમુક આચરણ ઘર કરી ગયા હતા તે લોકો બુરા કામોમાં સપડાએલા હતા. ભલાઈ-બુરાઈનો ભેદ સમજતા નહોતા. તેમની શરમ જનક આદતોનો ખુદા પાક કુરઆને મુકદસમાં આ રીતે બયાન ફરમાવે છે – **"ઈન્નકુમ લ તાઅતુનલ્ફાહેશતે મા સબકકુમ બેહા મિન અહદિમ્તીનલ્આલમીન. ઈન્નકુમ લ તાઅતુરર્રિજા લ વ તકતઉસ્સબીલે વતાઅતુના ફીનાદીકોમુલ્મુન્કરે.'**

તરજુમો : 'બેશક, તમે એવી બેહયાઈમાં મુબ્તીલા થયા છો, કે દુનિયાભરમાં કોઈ કૌમ નથી થઈ. તમે મરદોથી સોહબત કરો છો, મુસાફરોના રસ્તા રોકો છો, મજલિસોમાં ખુલ્લે આમ-બધાની સામે બુરા કામ કરો છો.'

જ્યારે સમસ્ત કૌમેમાં આ બુરાઈ હદ કરતા વધી ગઈ તો અલ્લાહ તઆલા તરફથી હઝરત લુત અલયહિસ્સલામને રિસાલતનો મરતબો આપવામાં આવ્યો. રસૂલ બનાવવામાં આવ્યા અને તેમને હુકમ થયો કે આ કૌમને હિદાયત ફરમાવો. કુફ્ર અને બદઆમાલીના અંધકારમાંથી બહાર કાઢો. ઇમાન અને અખ્લાકના રોશન માર્ગ ઉપર લાવો. આપે નસીહત આપવાનું શરૂ કર્યું. કૌમ તો શું ખુદ વાએલા પણ દરેક બાબતમાં આડી ચાલવા લાગી અને એહકામે નબુવ્વતની મજાક મશ્કરી કરવા લાગી.

આપને તો પોતાની પત્નિની મદદ મળવાની ઉમ્મેદ હતી અને કંઈ નહીં તો પોતાના ખાનદાનમાં તો પોતાની કોશિષ જરૂર સફળ

થશે એવી તેમને આશા હતી. પરંતુ અફસોસ કે તેમના પ્રયાસ ફળીભૂત થયા નહીં.

વાએલાનું વર્તન બહુ જ ખરાબ હતું. તેટલેથી બસ નહોતું પણ પોતાની કમનસીબીના કારણે કૌમને સાથ દીધો અને શૌહરના હિત-હક્કનો જરા પણ વિચાર કર્યો નહીં.

હઝરતે સમજાવવા ખૂબ ખૂબ કોશિષ કરી પણ વધુ બેકાર વાએલા 'એકની બે' ન થઈ. તે એવી એવી વાતો વહેતી કરતી જે હઝરત લૂતના દિલમાં ખુબ જ દુઃખ અને દર્દ પેદા કરતી; તેમ છતાં હઝરત સબ્ર અને ધીરજ રાખતા.

આપ મહાન વિચારક હતા એટલે તેમને સીધા માર્ગે લાવવા માટેના માર્ગો વિચારતા અને અપનાવતા તેમને ખુબજ સમજાવેલ, ખુદાના અઝાબથી ડરાવેલ-ધમકાવેલ પણ બધું જ વ્યર્થ.

વાએલા અને તેની કોમ આપના ઉપર ઈમાન લાવી જ નહીં છેવટે તે પણ આખી કોમ સાથે અઝાબે ઇલાહીમાં ગિરફતાર થઈ પતિના કહેવા ઉપર ધ્યાન નહીં આપવાના પરિણામે તકલીફ અને મુસીબતમાં સપડાઈ. તે ૧૯ વરસ સુધી હઝરત લુત અલયહિસ્સલામની ખિદમતમાં રહી પણ તે પોતાના બરગુઝીદા (અલ્લાહના પસંદ કરેલા) શોહરની સોબતની બરકત અને ફેઝને પિછાણી શકી નહીં, કે તેમની ક્યારેય દરકાર કરી નહીં.

વાએલાના પેટે જન્મેલ છોકરીઓના નિકાહ તેમનીજ કૌમમાં કર્યા ફક્ત બે છોકરીઓ મુસલમાન અને કુંવારી હતી જે પિતાને રંજો-ગમ કે ખુશીના વખતે બરાબર સાથ આપતી રહી. ફક્ત તેઓ જ નજાત પામી. બાકી બધી દિકરીઓ અને જમાઈ હલાક થયા. વાએલા અને તેની કૌમ અને વતનની બરબાદીની કહાણી દર્દનાક અને ઈબરતનાક છે; તેનાથી ઈબરત મળે એ આશયથી તેને નીચે આપવામાં આવી છે.

જ્યારે વાએલા અને તેની કૌમે આપના સારા વર્તાવની લગારે પરવા ન કરી અને પોતાના કુકર્મોથી પાછી ન હટી અને તેમની બદકારીઓ હદ વટાવી ગઈ તો હઝરત લુત અલયહિસ્સલામે તેમના માટે બદદુઆ કરી. બદદુઆ કર્યાને ઝાઝો વખત નહોતો થયો. ત્યાં તો અલ્લાહપાકે ત્રણ ફરિશ્તાઓને મોકલ્યા. જે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને તેમને ત્યાં પુત્ર (ઈસ્હાક) થશે. તેની બશારત (ખુશ ખબરી) આપીને ત્યાંથી આવી રહ્યા હતા.

બરાબર બપોરનો સમય હતો. તેઓ શદુમને કિનારે પહોંચ્યા તો ત્યાં હઝરત લૂત અલયહિસ્સલામની એક સાહેબઝાદી પોતાના ઘર માટે પાણી ભરીને ઘેર જઈ રહી હતી. તેમનાથી મુલાકાત થઈ. તે ત્રણેએ પૂછ્યું કે, 'અહીં કોઈ એવી જગ્યા છે જ્યાં અમે રાત પસાર કરી શકીએ ?'

તે સાહેબઝાદી તો નબીઝાદી હતી. ખુબજ હોસલામંદ હતી. તેમજ મહેમાનોની મહેમાનદારીના મોકાને જવા દે તેમ ક્યાં હતી ? તેમણે જવાબ આપ્યો, 'ઘર હાજર છે અને તેમાં તમારા આરામ વગેરેની બધી વસ્તુઓ પણ. જ્યાં સુધી હું પાછી ન આવું ત્યાં સુધી આપ બધા અહીં જ રોકાજો. તરત જ પિતાને ખબર આપ્યા કે નહેરના કિનારે ત્રણ જવાનો આવેલા છે, મેં તો એવા ખુબ-સુરત યુવાનો ક્યારેય નથી જોયા. એમને આપ છુપી રીતે લઈ આવો, ક્યાંક કૌમવાળા તેમને જોઈ ન લે. હું તેમને આપણે ત્યાં રોકવાનો વાયદો કરી આવી છું. હઝરત લુતને પહેલાં તો કંઈક ડર લાગ્યો, પરંતુ એ કેમ પોષાય કે તેમના મહેમાનો રૂસ્વા થાય. તરતજ ગયા અને જવાનોથી મળ્યા અને તેમને માન-પાનથી ઘેર લાવ્યા, હઝરત લુત અલયહિસ્સલામના ઘરવાળાઓ સિવાય બીજા કોઈને એની ખબર હતી જ નહીં. થોડીવાર પછી વાએલા છુપી રીતે ઘરથી બહાર નીકળી અને પોતાની કોમના માણસોને ખબર આપી કે, ત્રણ ખુબ-સૂરત જવાનો અમારા ઘેર આવ્યા છે. તેઓ એ લાયક છે કે તમે તેમને તમારા મહેમાન બનાવો. હઝરત લુત

અલયહિસ્સલામ ના કહે તો તેમને જબરદસ્તી ઉપાડી લાવજો. આવા ખુબ-સૂરત અને ખુશ અદા મેં ક્યારેય જોયા નથી. કૌમમાંથી દસ માણસો હઝરત લુત અલયહિસ્સલામ પાસે આવ્યા. તેમણે હઝરતને કહ્યું કે, "મહેમાનોને અમારે હવાલે કરી દો.'

'આપે બહુ સમજાવ્યા પણ તે નસીબ ફુટેલા માન્યા જ નહીં. તેથી આપે તેમને સોંપવાનો સાફ ઈન્કાર કરી દીધો. તે લોકોએ મહેમાનો તરફ હાથ લંબાવ્યા અને તેમને પકડીને જબરદસ્તી લઈ જવાનો ઇરાદો કર્યો, તો તે જ ક્ષણે તે દસે દસ આંધળા બની ગયા.'

તેમને કંઈ સમજ ન પડી, તેઓ ભાગ્યા, અથડાતા, પછડાતા જેમ તેમ કરીને કૌમ સુધી પહોંચી ગયા અને કહ્યું કે હઝરત લૂત અલયહિસ્સલામે તો જાદૂગરોને પોતાના ત્યાં તેડાવેલ છે, તેમણે અમને આંધળા કરી દીધા છે.

એ સાંભળી આખી કૌમે ગુસ્સામાં આવીને હઝરત લુત અલયહિસ્સલામના ઘરને ઘેરી લીધું. તેથી હઝરત બહુ ગભરાયા. બેઈખ્તીયાર જીભમાંથી નીકળ્યું. **'લૌ અન્નબી કુવ્વતુન વ આવી એલા રુકનીન શદીદ'**

તરજુમો : 'કદાચ આજે મને કોઈ કુવ્વત હાસિલ હોત તો કોઈ સુરક્ષિત જગ્યામાં આશરો લેત.'

વાએલા ખુશ હતી કે, હઝરત લુત અલયહિસ્સલામને આજે પોતાના કર્યાની સજા મળશે અને બધા બોધ-શિખામણો આજે ઠેકાણે લાગી જશે. કૌમવાળાઓ કોઈ પણ પ્રકારનો હુમલો કરે એ પહેલાં હઝરત જીબ્રઈલ અલયહિસ્સલામે હઝરત લુત અલયહિસ્સલામને તસલ્લી આપી અને કહ્યું, આપ ગભરાશો નહીં.

અમે આપના રબના મોકલેલ ફરિશ્તાઓ છીએ. આ લોકો તમારૂં કંઈ બગાડી શકશે નહિં અને સવાર સુધીમાં તો હલાક થઈ જશે. આપ રાતોરાત બાલ-બચ્ચાઓ સહિત આ ગામને છોડીને

નીકળી જાઓ; પરંતુ એટલું યાદ રાખજો કે તમારામાંથી કોઈપણ પાછળ જુએ નહીં. અમે આ વસ્તીવાળાઓ ઉપર અઝાબે ઈલાહી નાઝિલ કરવા અને તેમનો નાશ કરવા માટે જ આવ્યા છીએ. સવાર સુધીમાં તો આખી કૌમ ફના થઈ જશે. પોતાની બદકારીઓ અને જુલમના લીધે તેમના ઉપર અઝાબ નાઝિલ થશે." હઝરત લુત અલયહિસ્સલામ આ સાંભળી ખુશ થયા કારણકે તેઓના જુલ્મો-સિતમથી તેઓ કંટાળી ગયા હતા. કહ્યું કે, આ લોકો હમણાં જ હલાક થઈ જાય તો બેહતર થશે. હઝરત જીબ્રઈલ અલયહિસ્સલામે કહ્યું, એના માટે સવારનો સમય નક્કી થએલ છે અને હવે સવાર પણ દૂર નથી જ, દિવસ તો હઝરત લુત અલયહિસ્સલામે આ ગરબડમાં ગમે તેમ કરીને પસાર કરી લીધી. સાંજ થતાંજ સફર માટેની તૈયારી કરી લીધી. પોતાની બે દીકરીઓ અને બીવીને લઈને ચાલ્યા.

બીવીને તો બહુ સમજાવવી પડી તે પછીજ તે રાજી થઈ, પોતાની બીજી દીકરીઓ અને જમાઈઓને પણ કહ્યું, પણ તેઓ રાજી થયા નહીં. વાએલા પણ પોતાની ખુશીથી જવા ઇચ્છતી નહોતી. પરંતુ તે આગ્રહને વશ થઈ લાચારીએ તૈયાર થઈ. પરંતુ તે વારંવાર પાછળ જોયા કરતી હતી, (પોતાના ગામને) જ્યારે સવારનો વખત થવા આવ્યો તો હઝરત જીબ્રઈલ અલયહિસ્સલામે પોતાની શક્તિશાળી બાજુઓ (પાંખોને) જમીનમાં નાખી 'સફર' (ગામનું નામ છે.) સિવાય બાકીના ચારે ગામોને આસમાન સુધી ઊંચે લઈ જઈ ત્યાંથી તેમને ઉલટાવીને (ઊંધા કરીને) જોરથી પછાડેલ. બધાજ જોત જોતામાં હતા ન હતા થઈ ગયા. જ્યારે આ ચારે ગામ ઊંધાં પડ્યાં તો તેનો ભયંકર અને જોરદાર અવાજ સંભળાયો. જેને જતા હતા તે લોકોએ પણ સાંભળ્યો. પરંતુ ફરિશ્તાઓની સૂચના મુજબ કોઈએ પાછળ જોયું નહીં. ફક્ત વાએલા આ ભયાનક અવાજ સાંભળીને બહુ ગભરાઈ અને પાછળ ફરીને જોયું અને કહ્યું, 'વઅકુમા' – 'હાય મારી કૌમ' તેનું એટલું કહેવું હતું કે તરતજ એક પત્થર જોશથી આવ્યો અને વાએલાને

લાગ્યો અને તે ત્યાંજ ઢળી પડી અને જહન્નમમાં પહોંચી ગઈ અને દુનિયાને પોતાની હલાકતથી નાફરમાનીનો ઈબ્રતનાક સબક દઈ ગઈ. એવીજ રીતે જે ઔરતો પોતાના પતિ તરફ દિલોમાં ખોટ રાખે છે અને પોતાના માતા-પિતાનો દમ ભરે છે અથવા ખોટો માર્ગ અખત્યાર કરે છે તેઓ દુનિયામાં ક્યારેય પણ સુખી થઈ શકતી નથી. હંમેશા ઝીલ્લત અને રૂસવાઈ (બદનામી) ઉઠાવે છે અને પોતાની પાછળ રહેનારાઓ માટે ઈબ્રત છોડી જાય છે.

**'ફાઅતબેરૂ યા ઓલિલ અબ્સાર.'**

* * *

## અમારહ
## (ઝવજએ હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામ)

હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ની વફાતથી હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) બિલકુલ એકલા બની ગયા. તે સમયે તેમની ઉંમર પંદર વરસની હતી. માની વફાતનો આઘાત જલદીથી જાય તેમ નહતું. એ ગમ ભુલવા માટે તેઓ તીરકામઠું લઈને સવારમાં શિકાર માટે નીકળી જતા અને સાંજના પાછા ફરતા. દિલ બેહલાવવા માટે તેના સિવાય બીજો કોઈ રસ્તો નહોતો; તેમનું કોઈ હમદર્દ નહતું. થોડા વખત પછી શિકાર ઉપરથી દિલ ઉતરી ગયું. માતાનો વિયોગ અને એકલવાયું જીવન, પરિણામે મક્કાથી દિલ ઉચાટ થઈ ગયું.

તેમને શામની તરફ પોતાના વાલિદ સાહેબની સેવામાં રહેવા જવાની ધુન લાગી. પરંતુ અલ્લાહ પાકને તો તેમના થકી અરબસ્તાન ભૂમિને આબાદ કરવી હતી અને તેમની ઔલાદમાંથી ખાતમુન નબીય્યીનને પૈદા કરવાનું નક્કી કર્યું હતું. જે નબીની ઝાતે અકદસ, દુનિયાની પૈદાઈશનું અસલ સબબ હતી, જેની નુરાની કિરણો કિયામત સુધી જગતના ખૂણે ખૂણે ફેલાવવી હતી. હઝરત ઈસ્માઈલે (અલયહિસ્સલામ)

પોતાનો આ ઇરાદો ત્યાંના સરદારોને કહ્યો અને આબે ઝમઝમ જેના માલિક આજ સુધી પોતે હતા તે પણ સરદારોને સોંપવાનું તેમણે કહ્યું. પરંતુ બની જરહમે તેમને આ નિર્ણયથી રોક્યા. સરદારો આપસમાં વાટાઘાટો કરવા લાગ્યા. તેમણે પોતાના વિચારો જણાવતાં કહ્યું, હઝરત ખુદા રસીદા બુઝુર્ગ છે. તેમની બરકતથી આ ઝમઝમ છે; એ બની શકે છે કે આપના ચાલ્યા જવા બાદ આ ઝમઝમ સૂકાઈ જાય.

એક સરદારે દરખાસ્ત કરી કે આપણે એક દીકરી તેમના નિકાહમાં આપવી જોઈએ. જેથી તેમનું એકલવાયું જીવન રહે નહીં અને તેમને શાંતિ અને આરામ મળે અને અહીંથી જતા રહેવાના ઇરાદાને છોડી દે. બધા આ વાતમાં સંમત થયા અને હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)ની ખિદમતમાં જઈને કહ્યું, આપ અમારા આકા છો. અહીંથી ક્યાંય પણ જવાનું નામ લેતા નહીં અને આપની બે દીલીને દિલ્લગીમાં ફેરવી નાખવાની. અમારી દરખાસ્ત પસંદ કરો અને ગૃહસ્થી જીવન અપનાવો, જે બધા માટે જરૂરી તેમજ ઇન્સાની ફરજ છે.

હઝરતે પોતાનો ઇરાદો માંડી વાળ્યો. પછી બની જરહમના ખાનદાનના અમાલકા બિન સઈદ ઈબ્ને અસામા બિન અકીલની સુપુત્રી અમારહથી આપનો નિકાહ થયો. અમારાહ શોહરની આજ્ઞા પાલક તો હતી. પરંતુ સામાન્ય સ્ત્રીઓની માફક નાશુકી હતી.

પોતાના પતિના મહેમાનોની ખાતર બરદાસ બરાબર થતી નહીં. જો કે તે એક ગરીબ માણસની પત્નિ હતી. પરંતુ એક રઈસની દીકરી હોવાના નાતે તે મોટાઈ અને માલની ખ્વાહેશ મંદ હતી.

તે ઇચ્છતી કે પોતે સેંકડો ઊંટ બકરીઓની માલિક હોય અને સારી હેસિયત ધરાવતા ઝમીનદાર શખ્સની બીવી પણ. હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)ને હમણા સુધી તો દુનિયાના ઝઘડાઓથી લગાવ નહોતો, તેમણે તો આજ સુધીનું જીવન શિકારમાં જ વીતાવ્યું હતું.

આ નિકાહના થોડા સમય પછી હઝરત ઈબ્રાહીમ

(અલયહિસ્સલામ) રાબેતા મુજબ પધાર્યા તો સમાચાર મળ્યા કે હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)નો ઈન્તેકાલ થઈ ચૂક્યો છે અને હઝરત ઈસ્માઈલે (અલયહિસ્સલામ) બની જરહમમાં નિકાહ કરી લીધો છે. તેમને હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ની વફાતનો સદમો લાગ્યો.

આપ હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)ના ઘેર તશરીફ લાવ્યા. દરવાજા પાસે સવારીને ઊભી રાખી અવાજ આપ્યો. અમારાહ ઘરમાંથી નીકળી, પરંતુ તે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને ઓળખતી નહોતી અને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) પણ તેને ઓળખતા નહોતા. હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) તપાસ કરવા ખાતર તેને કંઈક પૂછ્યું, 'તમે કોણ છો ? ઈસ્માઈલ ક્યાં ગયા છે ? હાજરાહ (રદિયલ્લાહો અન્હા)નો ક્યારે ઈન્તેકાલ થયો ? અમારાહે જવાબ દીધો, હું તેમની બીવી છું. તેઓ શિકાર માટે ગયા છે. હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)નો ઈન્તેકાલ આ વરસે જ થયો છે. હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) પૂછ્યું તમારૂં ગુજરાન કેમ ચાલે છે ? તેમના તરફથી ખાવા-પીવામાં તો કોઈ તકલીફ નથી. હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) એ જાણવું હતું કે અમારાહના દિલમાં તેના પતિ માટે કેવી અને કેટલી લાગણી છે અને તે હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)થી ખુશ છે કે નહીં. અમારાહે જવાબ દીધો, શું પૂછો છો, અમે બહુ જ તંગીથી ગુજરાન ચલાવીએ છીએ. તેમને શિકાર સિવાય, પોતાની હાલત સુધારવા માટે કોઈ ચીજની પડી નથી; ન તો કોઈની સલાહની પરવા કરે છે. ઘરમાં એટલું પણ નથી હોતું કે કોઈ મહેમાન આવી ચડે તો તેને એક ટંક પણ ખવરાવી શકાય. પરંતુ તમને એનાથી શો મતલબ ? તમે અમારા ઘરની સ્થિતિ પૂછવાવાળા કોણ છો. અમારાહે પોતાના મોહતરમ સસરા સાથે જે રીતે આ વાતચીત કરી તે ઉપરથી જ તેની બદમીજાજી, બેપરવાઈ વગેરે સાફ જણાઈ આવ્યા. તે તો આ વૃદ્ધ મુસાફર સાથે વાતચીત કરવામાં શરમ અનુભવતી હતી. તેણે ન તો સલામ કરી કે ન તો આપને સવારી ઉપરથી ઉતરવાનું કહ્યું.

હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને આ વાતથી ખુબ રંજ થયો. વહુની આ ઝબાન દરાઝી સખત લાગી. તેઓ મુસાફરીથી થાકેલા હતા અને હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ની મોતનો રંજ હતો. તેમને પોતાની સખત બેઈઝઝતી લાગી. વહુના વાત કરવાનો ઢંગે તેમનું દિલ તોડી નાખ્યું. દિલ તો બળતું હતું, છતાં જતાં જતાં કહેતા ગયા કે, સારૂં હું જાઉં છું પણ જ્યારે હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) આવે તો મારા સલામ કહેજો અને મારો એ સંદેશો દેજો કે, તમારા ઘરની ચોખટ સારી નથી, તેને બદલી નાખજો.

જ્યારે સાંજે હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) આવ્યા તો ઘરમાં વાલિદે બુઝુર્ગવારની ખુશ્બુ મેહસૂસ કરી. બીવીથી પૂછ્યું, 'શું આજે કોઈ આવ્યું હતું ?' અમારાહે ઉડાઉપણાથી જવાબ આપ્યો, 'હા, એક બુઢો આવ્યો હતો. તેમણે તમારૂં પૂછ્યું તો મેં કહ્યું કે શિકાર માટે ગયા છે; પૂછ્યું; તમારું ગુજરાન કેમ ચાલે છે ? દિવસો કેમ ગુજરે છે. મેં આપણી જે કંઈ હાલત છે, તે તેમની સામે સાચે સાચું કહી દીધું. હઝરત ઈસ્માઈલે (અલયહિસ્સલામ) પૂછ્યું, તમને કંઈ સંદેશ તો નથી આપ્યો, અમારાહે કહ્યું કે, મને હુકમ કર્યો છે કે તમને તેમના સલામ પહોંચાડું અને એ પયગામ દીધો છે કે તમારા દરવાજાની ચોખટ બદલી નાખજો, તે સારી નથી.

હઝરત ઇસ્માઈલે કહ્યું કે, તે તો મારા વાલિદ હતા અને તેમના પયગામનો અર્થ એ છે કે, હું તમને મારી ઝવજિયતથી (પત્નિના સંબંધથી) અલગ કરી દઉં અને બીજા નિકાહ કરી લઉં. તમે તેમના સાથે ગેરવર્તાવ કર્યો. હવે તમે તમારા મા-બાપને ત્યાં જાવ અને તમારા કર્યાની સજા ભોગવો. હું તલ્લાક આપું છું. તે પછી હઝરત ઈસ્માઈલે (અલયહિસ્સલામ) બીજા નિકાહ બની જરહમના કબીલામાં કર્યો. આગળ ઉપર તેનું વર્ણન આવશે.

અમારાહના પેટે કોઈ ઓલાદ થઈ નહોતી.

* * *

## હઝરત સૈયદા બિન્તે મદાદ (રદિયલ્લાહો અન્હા) (ઝવજહ હઝરત ઇસ્માઇલ અલયહિસ્સલામ)

જ્યારે હઝરત ઇસ્માઈલ અલયહિસ્સલામે પોતાના પિતાના હુકમને માન આપીને પોતાની બીવી અમારાહને તલ્લાક દઈ દીધી તો તેમના બીજા હુકમને માનવું પણ જરુરી બન્યું. તેઓ બીજા નિકાહ કરવાની ફિકરમાં હતા કે તેમને જાણવા મળ્યું કે, બની જરહમના સરદાર મદાદ ઈબ્ને ઉમરૂની એક દીકરી છે, જેનું નામ સૈયદા (રદિયલ્લાહો અન્હા) છે. તે ખુબસૂરત અને નેક સીરત બન્ને ગુણ ધરાવે છે. પોતાની નેક બખ્તી, કુરબાની, સંસ્કાર વગેરે ગુણોને કારણે મક્કાવાસીઓમાં તેમનો જવાબ નહોતો. તેમના રૂપ, શરાફત, ખાનદાન વગેરે સામે કોઈ છોકરી ઊભી રહી શકે તેવી નહોતી. તેમાં જરા પણ અતિશયોક્તિ નથી કે સૈયદા (રદિયલ્લાહો અન્હા) સગીર વયના હતા. પરંતુ તેમનો સ્વભાવ બહુ જ શાંત, બોલચાલમાં વિનય-વિવેકી, મહેમાનો સાથે સારામાં સારો વર્તાવ વગેરે જાણે કે તેમનામાં ભારોભાર ભરેલા હતા.

સૈયદા (રદિયલ્લાહો અન્હા)ના આ ગુણો સાંભળીને કેટલાક લોકોએ હઝરતને તેમના સાથે નિકાહ કરી લેવાની સલાહ આપી. જેવી પત્નિ જરૂરી છે તેવી જ તથા આપના વાલિદ સાહેબ ઇચ્છે છે તેવી જ સૈયદા (રદિયલ્લાહો અન્હા) છે.

આપે સલાહ મુજબ નિકાહનો પયગામ મોકલ્યો.

મક્કાવાસીઓ માનતા હતા કે હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) અલ્લાહના ખાસ બંદા છે; તેથી તેઓ તેમની બહુ ઈજ્ઝત અને એહતરામ કરતા હતા, ઝમઝમ પણ તેમની જ બરકતનું ફળ છે, એમ કહેતા, તેથી તેઓ આપની ખૂબ જ આગતા સ્વાગતા કરતા.

પયગામ પહોંચતાવેંત જ મદાદે તેનો સ્વીકાર કરી લીધો. તેને

લાગ્યું કે હઝરતથી બેહતર શોહર સૈયદા (રદિયલ્લાહો અન્હા)ને મળવો મુશ્કેલ છે. સૈયદા (રદિયલ્લાહો અન્હા)નો નિકાહ હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) સાથે થઈ ગયો.

હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા) પોતાના ખાવિંદની ખિદમતગુઝાર અને ફરમાબરદાર સાબિત થઈ. જે નબીઝાદો છે અને ભવિષ્યમાં નબી થનાર છે તેના માટે પોતે યોગ્ય વ્યક્તિ છે, એ હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)એ બતાવી આપ્યું.

જ્યાં સુધી આવી નિઃસ્વાર્થ, નિખાલસ, હમદર્દ અને દુનિયાની લાલચથી દૂર એવી ઔરત ન મળે તો તબ્લીગ અને રિસાલતની ફરજો બજાવવાના કામમાં અડચણ અને તકલીફ થાય એ સ્વાભાવિક છે.

બન્ને પતિ અને પત્નિ-એક બીજાથી ખુશ રહી જીંદગીના દિવસો પસાર કરી રહ્યા હતા. હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) રાબેતા મુજબ શિકારે ગયા હતા; અને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) પધાર્યા; આપે હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)ને પૂછ્યું, ઇસ્માઈલ ક્યાં છે ? હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)એ જવાબ આપ્યો કે રોજીની શોધમાં શિકાર માટે ગયા છે. હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) પૂછ્યું, તમે કેવી હાલતમાં છો ? જીવન આરામ-ચેનથી વીતે છે કે દુઃખ-તકલીફમાં ? ઇસ્માઈલથી તમને કોઈ શિકવા-શિકાયત ખરી ? હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)એ જવાબમાં કહ્યું, અમે બહુ સારી હાલતમાં છીએ. ખુશહાલી અમારા સંગાથે છે. હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) પૂછ્યું, 'શું ખાવ-પીયો છો. હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)એ જવાબ આપ્યો, 'ગોશ્ત' અને પાણી-જે બેહતર ખોરાક છે. હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) ફરમાવ્યું. **'અલ્લાહુમ્મા બારિક લહુમફી તમાએહિમ વશરાબેહિમ.'**

હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)એ કહ્યું, 'આપ અમારા ત્યાં શા માટે ન ઉતરો, જે કંઈ હાજર છે તે ખાઓ-પીઓ અને

ખિદમત માટે અમે હાજર છીએ. એવું પણ કથન છે કે, હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) આવ્યા તો હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)એ કહ્યું કે, આપ ઉતરો તો આપનું માથું ધોઈ દઉં.

નિયમ એવો હતો કે માણસ મુસાફરી કરીને આવે તો તેનું માથું સૌ પ્રથમ ધૂએ. જેથી થાક દૂર થઈ જાય. હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) ઉતર્યા તો નહીં, પણ આપ સવારીને તે જગ્યાએ લાવ્યા. જેને આજે મુકામે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) કહે છે.

હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)એ જમણી તરફ એક પત્થર રાખ્યું, આપે પોતાનો કદમ તે ઉપર ટેકવ્યો એટલે હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)એ હઝરતનો જમણી તરફનો માથાનો અરધો ભાગ ધોયો, પછી તે જ પત્થરને ડાબી બાજુ રાખ્યો તો હઝરતે પોતાનો ડાબો પગ તેના ઉપર ટેકવ્યો. એટલે હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)એ હઝરતનું ડાબી બાજુનું બાકીનું માથું ધોયું.

પછી હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) કહ્યું કે તમારા શોહર આવે ત્યારે તેમને મારા સલામ કહેજો અને મારો પયગામ દેજો કે, 'તમારા દરવાજાની આ ચોખટને કાયમ રાખજો.' પછી ચાલ્યા ગયા.

ત્યારબાદ જ્યારે હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) આવ્યા અને પૂછ્યું કે, 'આજે કોઈ આવ્યું હતું ?' હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)એ કહ્યું, 'હા, એક ઝઈફ માણસ, જે ઇન્સાની સિફાતથી ઉત્તમ અને બહુ જ ઈઝઝત અને એહતરામવાળા હતા, તે તશરીફ લાવ્યા હતા. મને તમારા વિષે પૂછ્યું તો મેં કહ્યું, 'અમે સારી હાલતમાં છીએ અને ત્યારબાદ જે કંઈ વાતચીત થઈ હતી તે બધી કહી સંભળાવી. હઝરત ઇસ્માઈલ અલયહિસ્સલામે પૂછ્યું, 'કંઈ પયગામ દઈ ગયા છે ?' 'હા, તેમણે તમને સલામ કહેવાને મને કહ્યું છે અને કહ્યું કે, ઇસ્માઈલને કહેજો કે 'દરવાજાની ચોખટ એ જ કાયમ રાખે.' હઝરત

ઈસ્માઈલે (અલયહિસ્સલામ) કહ્યું, 'તેઓ મારા વાલિદ હતા. ચોખટનો અર્થ તમે છો. તેમનો હુકમ છે કે મારે તમને છોડવા નહીં. બન્નેનું જીવન હસી-ખુશીથી પસાર થતું હતું. તેમને બાર પુત્રો અવતર્યા. સૌથી મોટા કીંઝાર, બીજા નબત હતા અને તેઓ જ હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)ના જાનશીન (ખલીફા) થયા. તમામ અરબો બીનત અને કીંઝારની ઔલાદમાંથી છે. જ્યારે તેમની ઔલાદમાંથી છે. જ્યારે તેમની ઔલાદ વધી અને મક્કામાં જગ્યા ન રહી, તેઓ બીજા શહેરોમાં પણ ફેલાતાં ગયા. તેઓ જ્યાં જતા, અલ્લાહ તઆલા ત્યાંના લોકોને તેમના ફરમાબરદાર બનાવી દેતો.

બીનત અને કીંઝારની ઔલાદને અલ્લાહ પાકે અરબસ્તાનની ભૂમિમાં ફેલાવી દીધી અને હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)ને અમાલકા અને યમનના કબીલાઓ તરફ રસૂલ બનાવીને મોકલેલ. જીવન પર્યંત હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા) આપની અર્ધાંગના અને જીવન સાથી બનીને રહી. તેમની એક દીકરી પણ હતી. હઝરત ઈસ્માઈલે (અલયહિસ્સલામ) પોતાના નાના ભાઈ ઈસ્હાકને વસિય્યત કરી કે, તેઓ પોતાના પુત્ર અઈસ સાથે તેના નિકાહ કરી દઈએ. એ પછી હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) ૧૩૭ વરસની ઉંમરે વફાત પામ્યા. માતા હઝરત હાજરાહ (રદિયલ્લાહો અન્હા)ની બાજુમાં દફન થયા. હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ)ને ત્યાં બીજા જે દસ પુત્રો થયા હતા તેમના નામ આ મુજબ છે –

**અરઝીલ, મીશા, મસમઆ, રમા, માશ, આઝર કતુરા, કાકસ, કેદમાન અને દીકરીનું નામ બીસમત** હતું, જે એસુને પરણી. હઝરત સૈયદા (રદિયલ્લાહો અન્હા)ના બીજા હાલાત તવારીખની કીતાબોમાં ક્યાંય નથી. પણ ઇતિહાસકાર યાકુબીએ લખ્યું છે કે, એમનું નામ હનફા બિન્તે હારસ બિન મદાદ હતું. તેમના પેટે બાર પુત્રો થયાનું પણ તેણે લખ્યું છે.

* * *

# હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)
# (ઝવજએ હઝરત ઇસ્હાક અલયહિસ્સલામ)

હઝરત ઇસ્હાક (અલયહિસ્સલામ)ની બીવીનું નામ તોરેત તેમજ તવારીખની અન્ય કિતાબોમાં એકીમતે રબકા લખેલ છે. અલ્લામા મસૂઉદીએ પોતાની મશ્હુર તવારીખ મરુજબ ઝહબમાં એમનું નામ યુમહા બિન્તે બતુઈલ લખ્યું છે. પરંતુ સહીહ નામ રફકા (રદિયલ્લાહો અન્હા) જાણવા મળે છે. રફકા (રદિયલ્લાહો અન્હા) એક હસીન તેમજ ચારિત્ર્યવાન ઔરત હતી, તે રફકા (રદિયલ્લાહો અન્હા) વાલિદા હઝરત સહારહ (રદિયલ્લાહો અન્હા)ના ભાઈ બતુઈલની દીકરી હતી. તેમની દાદીનું નામ મલકા હતું. મલકા સકુરના પત્નિ અને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની ભાણેજ હતી. બતુઈલનું ખાનદાન તે વખતે જબરાનમાં રહેતું હતું.

જ્યારે હઝરત સારાહ અને હઝરત લુતને લઈને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) મિસર થઈને ક્તમાં ચાલ્યા આવ્યા હતા, તે બધાને હબરાનમાં છોડીને આપ સબઆ કુવા પાસે વસી ગયા હતા. હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા) હબરાનમાં પેદા થયા અને ત્યાંજ મોટા થયા. સાદી જીંદગી બસર કરતા હતા. જેમ રૂપમાં અજોડ હતાં તેવી જ રીતે નેક દિલ, ખુશમિઝાજ હતા.

માતા-પિતા, ભાઈ, ઘરના નોકર-ચાકર બધા જ તેમના સાથે મોહબ્બત રાખતા હતા. ઘરના બધાને તેમનાથી આરામ હતો. મહેમાનોની ખબરગીરી પણ સારી રીતે કરતા હતા. તેમના આ સદગુણો એ જ તેમને એક નબીની વહુ અને એક નબીની દુલ્હન બનાવી.

જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) ઝઈફ થયા અને હઝરત ઇસ્હાક (અલયહિસ્સલામ) જવાન થયા હતા. ત્યારે હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) હઝરત ઇસ્હાક (અલયહિસ્સલામ) માટે

દુલ્હન શોધવા પોતાના ખાસ ગુલામને નહેરાન તરફ મોકલેલ કે હઝરત ઇસ્હાક (અલયહિસ્સલામ) માટે એવી ઔરતની પસંદગી કરો જે સૂરત અને સીરતમાં હઝરત ઇસ્હાક (અલયહિસ્સલામ)ની બીવી બનવાને લાયક હોય અને કહ્યું કે, તું મારા વતન અને ખાનદાનમાંથી છોકરીને પસંદ કરજે; પરંતુ તને કસમ આપું છું કે, કીનઆનીઓમાંથી કદી પણ પસંદ ન કરીશ. તે ગુલામ ઘણો માલ-સામાન, પૈસો, દસ ઊંટ વગેરે લઈને રવાના થયો.

છેવટે અરામુન નહેરાન પહોંચ્યો. જ્યાં પાણીનું એક તળાવ હતું. ત્યાં પનિહારીઓ પાણી ભરવા આવતી હતી. તે ત્યાં ઉભો રહીને દરેક છોકરીને પોતાને પાણી પીવરાવવાનું કહેતો. તેણે પોતાના દિલમાં એમ નક્કી કર્યું હતું, 'જે મને પાણી પીવરાવશે અને એમ કહેશે કે તમે પીઓ અને તમારા ઉંટોને પણ પીવરાવો, તો હું સમજીશ કે આ છોકરી હોશિયાર-તેજસ્વી છે અને અલ્લાહપાકે એના પ્યારા નબી માટે એને પસંદ કરેલ છે.' ગુલામ આમ વિચારી રહ્યો હતો કે ત્યાં હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા) આવી ચડ્યા.

તેણે પાણીનો ઘડો ભર્યો. ગુલામે પાણી પીવરાવવા માટે કહ્યું અને કહ્યું કે મારા પાસે કોઈ ઠામ નથી. હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)એ ઘડામાંથી પાણી પીવરાવ્યું અને કહ્યું કે ઊભા રહો તો હું બીજો ઘડો ભરી દઉં તો ઉંટોને પણ પીવરાવો. ગુલામે આ સાંભળી મનમાં નક્કી કરી લીધું કે આ છોકરી હઝરત ઈસ્હાકને લાયક છે. ઊંટો એ પાણી પીધા પછી ગુલામે કહ્યું. હું મુસાફર છું, મારે રહેવાનું ક્યાંય ઠેકાણું નથી. જો તમે રાત ગુજારવા પુરતી કોઈ સગવડ કરી આપો તો આપની મોટી મહેરબાની હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)એ કહ્યું, કેમ નહીં ! બધી સગવડ છે. અલગ ઓરડો છે. હું મારા ભાઈને હમણાં જ મોકલું છું. તે તમને લઈ જશે.

ગુલામે મનમાં કહ્યું કે, આ છોકરી જ હઝરત ઇસ્હાક (અલયહિસ્સલામ) માટે દરેક રીતે લાયક છે અને મારા દિલની મુરાદ

પુરી થશે. તેણે હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)ને તેની સારી વર્તણુંકના કારણે સોનાની એક નથ જે લગભગ અર્ધા મિસ્કાલ વજનની હતી અને સોનાના કળાની એક જોડી જેનું વજન આશરે દસેક મિસ્કાલ હતું, ભેટ આપતાં કહ્યું કે મહેરબાની કરીને તમે આ કબૂલ કરો. પછી તેણે હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)ને પૂછ્યું, તમે એ બતાવશો કે તમે કોના પુત્રી છો ? અને તમારા પિતાના આ શહેરમાં મકાન છે તેમાં હું રાતવાસો કરું.

હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)એ જવાબ આપ્યો, હું મલકાની પૌત્રી છું. મારા બાપનું નામ બતુઈલ છે. અમારા ત્યાં મહેમાનો માટે દરેક ચીજની વ્યવસ્થા છે. આપ જરૂર ચાલો. ખુદા ચાહશે તો તમને જરાપણ તકલીફ નહીં થાય.

હું તમારી ભેટ ખુશીથી સ્વીકારૂં છું.

ગુલામે ખુશીના માર્યા શુક્ર અદા કરવા સિજદો કર્યો અને મનમાં કહેવા લાગ્યો. સુબ્હાન તારી કુદરત. હજી તો હું માર્ગમાં જ છું કે તેં મને મારા આકાના ભાઈ ભાંડુઓમાં પહોંચાડી દીધો. મને પાકી ઉમ્મીદ છે કે હું અહીંથી કામ્યાબ થઈને જ પાછો ફરીશ.

હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)એ ઘેર પહોંચીને પોતાના ભાઈને કહ્યું કે, જાઓ. મહેમાનને ઘેર તેડી લાવો અને માતા-પિતાને બધી વાત કહી સંભળાવી.

હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)નો ભાઈ મહેમાનને ઘેર તેડી આવ્યો. મકાનમાં બધી સગવડ હતી. ઊંટો માટે અલગ જગ્યા હતી. ત્યાં લઈ ગયો અને ગુલામ માટે હાથ મોઢું ધોવા માટે પાણી લઈ આવ્યો. એ પછી ખાવાનું આપ્યું.

ગુલામે હિમ્મત કરીને કહ્યું કે, હું ઘેરથી જે કામ માટે નીકળ્યો છું તે પૂરું નહીં થાય ત્યાં સુધી હું પાછો જઈશ નહીં તેમ મેં નક્કી કર્યું છે. પછી કહ્યું, હું આપને કંઈક કહેવા ચાહું છું. શું આપ તે સાંભળશો ? અને કબુલ કરશો ?

લાબાને કહ્યું, 'કહો'

ગુલામે કહેવાનું શરૂ કર્યું. 'હું હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) નો ગુલામ છું, જેઓ બીર સબઆમાં રહે છે. અલ્લાહતઆલાએ મારા માલિકને બધું કંઈ આપ્યું છે. ખુદાની મહેરબાનીથી સેંકડો બકરીઓ, ગાયો, ઊંટ ખચ્ચરોના માલિક છે. અલ્લાહતઆલાએ સોનું-ચાંદી, લોંડી-ગુલામ વગેરે ઘણું બધું આપ્યું છે. અલ્લાહતઆલાએ નબુવ્વતથી પણ નવાજેલ છે. તેમની બીવી હઝરત સારહ (રદિયલ્લાહો અન્હા)ના પેટે હઝરત ઇસ્હાક અલયહિસ્સલામ નામના ફરઝંદ છે. તેમના નામે બધી મિલકત લખી દીધી છે. પણ તેઓ ત્યાં રહેવાવાળાઓથી ખુશ નથી, એટલે મને મોકલેલ છે કે, મારા ખાનદાનમાંથી હઝરત ઇસ્હાક (અલયહિસ્સલામ) માટે પત્નિ લઈ આવ. પરંતુ કીનઆનવાળાઓમાંથી હરગીઝ નહીં. એટલે હું ફરતો ફરતો આ કામ માટે અહીં સુધી આવ્યો છું. જ્યાં તળાવ છે ત્યાં છોકરીઓ પાણી ભરવા આવી હતી, ત્યાં આપની પુત્રીને જોઈ. મેં મારા દિલમાં વિચાર્યું હતું કે જે મને અને મારા ઊંટોને પાણી પીવરાવે તેને પસંદ કરવી અને ત્યારપછી હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા) તળાવ ઉપર આવી ત્યારે જે વાતચીત થઈ તે બધી વિગતવાર કહી સંભળાવી.

હું અલ્લાહતઆલાનો શુક્ર અદા કરું છું કે, તેણે મને એક બહુ સારો માર્ગ બતાવ્યો છે, અને મને આશા છે કે હું મારા આકા (હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ))ના ભાઈની દીકરી તેમ વહાલા પુત્ર હઝરત ઇસ્હાક (અલયહિસ્સલામ) માટે લઈ જઈ શકીશ.

આપ મારા આકા સાથે સારા વર્તાવ અને અમાનતદારીનો સુલુક કરો, અને મારા ઉપર એહસાન કરો અને મારી દરખાસ્તનો સ્વીકાર કરો. ખરૂં પૂછું તો આપના પાસે એ (રફકા (રદિયલ્લાહો અન્હા)) હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ની અમાનત છે, અને તે આપ મારા હવાલે કરો તો તે બહુજ ખુશીની બીના લેખાશે, અને નહીં તો પછી હું લાચારીએ ઉત્તર-દક્ષિણ તરફ રવાના થઈ જાઉં.

આ સાંભળીને લાબાન અને બતુએલ પહેલાં વિચારમાં પડી ગયા, પરંતુ થોડો વિચાર કર્યા પછી કહ્યું કે, અમારામાં ભલું-બુરૂં કરવાની શક્તિ નથી. હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા) અહીં મૌજુદ છે, અગર તેની ઈચ્છા હોય તો તમે તેને લઈ જઈ શકો છો. જો હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)માં તમારા આકાની વહુ બનવા માટેની લાયકાત અને હોશિયારી હોય અને તેને મંજુર હોય તો તેને રોકવાનો અમારો હક્ક નથી.

આ સાંભળી, મજકુર ગુલામે તરતજ સિજદએ શુક્ર અદા કર્યો. અને તે પોતાની સાથે જે કંઈ ભેટ સોગાતો લાવ્યો હતો. તે લાબાન અને તેની માતા મલકાને આપ્યા. જે તેમણે કબુલ કર્યા. પછી બધાએ ભોજન લીધું અને રાત ત્યાંજ પસાર કરી. સવારે ગુલામે રજા માંગી તો તેને કહ્યું કે અમારો ઈન્કાર નથી. પરંતુ દસેક દિવસ છોકરી અહીં જ રહે તો સારૂં ગુલામે જવાબ આપ્યો. 'હવે આપ મને વધારે ન રોકો એજ વ્યાજબી છે, જેવી રીતે મારી આ મુસાફરી મુબારક અને શુભ બની રહી, તેજ પ્રમાણે અમારે પાછા જવાનું પણ મુબારક અને ઝડપી બનવું જોઈએ. ઘરવાળાઓએ આ બાબતમાં હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)નો અભિપ્રાય પૂછતાં તેમણે દરેક રીતે પોતાની સંમતિ દર્શાવી. છેવટે ઘરવાળાઓએ ખુદાની અમાનમાં હઝરત રફકા (રદિયલ્લાંહો અન્હા)ને સોંપી. બધા ઊંટો પર બેસીને બીરસબઅ જવા રવાના થયાં. મંઝિલે મકસૂદ ઉપર (બીરસબઅ) પહોંચ્યા પછી ત્યાં હઝરત ઈસ્હાકના નિકાહ હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા) સાથે થયા.

હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)નું વર્ણન અગાઉ થઈ ગયું છે; અહીં આવ્યા પછી પણ તેણે પોતાની સુઝબુઝથી કામ લઈને આખા ઘરને અને ખાસ કરીને હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ને પોતાના બનાવી લીધા. ધીમે ધીમે હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ને હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા) સાથે બહુજ મોહબ્બત થઈ ગઈ. હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) પોતાની બધી માલ-મિલકત

ધન-દોલત હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ને સોંપી દીધાના થોડા સમય પછી તેમનો ઈન્તેકાલ થઈ ગયો.

અલ્લાહ પાકે હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ને પણ બરકત અતા કરી. દીની અને દુન્યવી બન્ને હેસિયતથી તેમને ખુશ કિસ્મત બનાવી દીધા. હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)એ ખુબ હોશિયારી, ખુબસૂરતી, હુન્નરમંદી, ફરમાંબરદારી વગેરે ગુણોથી હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)નો અપાર પ્રેમ સંપાદન કરી લીધો હતો, પરંતુ પોતે વાંઝ (વાંઝણી-બે ઔલાદ) હોવાના કારણે ઉદાસ રહ્યા કરતી. ૧૮ વરસ વીત્યા છતાં ઔલાદ ન થઈ.

હઝરત ઈસ્હાકે (અલયહિસ્સલામે) નમાઝે હાજત પડી, અને ઓલાદ માટે દુઆ માંગી. થોડાજ દિવસોમાં હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા) હામેલા થઈ અને તેને એકી સાથે બે પુત્રો અવતર્યા. એક યાકુબ, બીજો અઈસ. જન્મ વખતે યાકુબનો હાથ અઈસની પીઠ પર હતો. અઈસ શિકારી અને જંગલી, જ્યારે યાકુબ નેક મિઝાજ અને પોતાના ઘરમાંજ રહેવાવાળા હતા. માતાને યાકુબથી અને પિતાને અઈસથી વધારે મોહબ્બત હતી. વૃદ્ધાવસ્થામાં હઝરત ઈસ્હાકની દૃષ્ટિ (નજર) ખતમ થઈ ગઈ તેથી તેઓ હમેશા ઘરમાંજ બેઠા રહેતા.

એક દિવસ હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ને શિકારનું ગોશ્ત ખાવાની ઇચ્છા થઈ. અઈસને કહ્યું કે, સવારે જઈને શિકાર લાવજે, અને સારી રીતે રાંધીને મને ખવરાવજે, હું તારા માટે દુઆ કરીશ, અલ્લાહતઆલા બરકત દેશે. અઈસ તીર-કમાન લઈને સવારે જંગલ તરફ નીકળી ગયા.

હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)એ આ વાત સાંભળીને યાકુબને કહ્યું, 'જાઓ, તમારી બકરીઓમાંથી સારામાં સારી બે ને ઝુબહ કરીને, સારી રીતે રાંધીને તમારા વાલિદને ખવરાવો જેથી તેઓ પોતાના અંતિમ સમય પહેલાં ખુદા પાસે તમારા માટે દુઆ કરે. યાકુબે કહ્યું, અઈસ લાંબા લાંબા વાળવાળો છે, વળી મારું શરીર

(બાંધો) તેનાથી જુદો છે, તેઓ મને ઓળખી લેશે તો બરકતની દુઆના બદલે લાનત કરશે.

માતાએ કહ્યું, 'લા'નત-મલામત મારા ઉપર, તમે જમવાનું તૈયાર કરો.'

યાકુબ તરત જ માતાના હુકમનું પાલન કરીને ગોશ્ત રાંધીને લાવ્યા. પછી હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)એ યાકુબને અઈસનો પોશાક પહેરાવીને બાપની સેવામાં મોકલ્યા. યાકુબે હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ના ઘરમાં દાખલ થઈને કહ્યું, બુઝુર્ગ પિતા, આપના હુકમ મુજબ ગોશ્ત (શિકાર) પકાવીને લાવેલ છું.

ચાલો, બેઠા થાવ, અને પેટ ભરીને જમો.' હઝરત ઈસ્હાકે (અલયહિસ્સલામે) કહ્યું, 'બેટા આગળ આવ, યાકુબ આગળ ગયા. હઝરત ઈસ્હાકે (અલયહિસ્સલામે) શરીર ઉપર હાથ ફેરવ્યા તો વાળ અઈસ જેવા હતા પરંતુ અવાજ યાકુબ જેવો. આપે પૂછ્યું, 'તમે કોણ છો ?' યાકુબે કહ્યું, 'આપનો પુત્ર અઈસ છું.' આપના હુકમ મુજબ શિકારનું ગોશ્ત રાંધીને લાવ્યો છું. તેને ખાઓ અને બરકત માટેની દુઆનો વાયદો કરેલ છે તો તે દુઆ કરો.' હઝરત ઈસ્હાક જમીને બહુ ખુશ થયા. અને તે જ વખતે દુઆ કરી. **'બારકલ્લાહ ફી વલદેકા ફી હિમ નબુવ્વત વલ કિતાબ.'** આ દુઆની બરકતથી હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ની ઔલદમાંથી ઘણાઓ રિસાલતના બુલંદ મરતબા ઉપર પહોંચ્યા અને હઝરત ઈસા (અલયહિસ્સલામ) સુધી નબુવ્વત એજ ખાનદાનમાં રહી.

ત્યાર બાદ અઈસ શિકારેથી પાછા આવ્યા અને શિકારનો ગોશ્ત તૈયાર કરી, હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ) સામે લાવ્યા અને કહ્યું, હવે મારા માટે બરકતની દુઆ કરો.

ત્યારે હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ને સમજ પડી કે પહેલી વખતે હીલો કરવામાં આવ્યો છે. પછી ફરમાવ્યું કે, 'હું તમારા ભાઈ માટે દુઆ કરી ચુક્યો છું. તે મારા માટે ખાવાનું તૈયાર કરીને

લાવ્યો હતો અને તમારા નામથી મને ખવરાવી ગયો છે.'

આ સાંભળી અઈસના ગુસ્સાનો પાર ન રહ્યો. એણે કસમ ખાધી કે, 'હું યાકુબને મારી નાખ્યા વગર નહીં રહું.' માતાને ખબર પડી કે અઈસ યાકુબનો કટ્ટર વેરી બની ગયો છે અને કસમ ખાઈ ચુક્યો છે કે બાપની વફાત પછી યાકુબને મારી નાખીશ કારણ કે તેણે દગા ફટકાથી અઈશના ભાગની બરકત મેળવી લીધી છે. હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)એ તરત જ યાકુબને અઈસના ઇરાદાની જાણ કરી દીધી. અને કહ્યું કે, બેટા હું જે કંઈ કહું તેના ઉપર ધ્યાન આપ. અને તેના ઉપર અમલ કર. તું મારા ભાઈ લાબાન પાસે ભાગી જે જરાનમાં રહે છે, તું ત્યાં થોડો સમય રહે અને જ્યારે અઈસનો ગુસ્સો ઠંડો થશે તો હું તમને તેડાવી લઈશ.

હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને આ વાતો સમજાવ્યા પછી હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા) હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ) પાસે આવ્યા અને કહ્યું કે, હું કીનઆનની છોકરીઓથી તંગ છું. અગર યાકુબ આ પ્રદેશની કોઈ છોકરીઓથી નિકાહ કરી લેશે તો મારી જિંદગી મુશ્કેલ બની જશે.

હઝરત ઈસ્હાકે (અલયહિસ્સલામે) હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને બોલાવી બરકતની દુઆ દીધી અને તાકીદ કરી કે, મારી નસીહત છે કે, કીનઆનની છોકરી સાથે કદી નિકાહ કરશો નહીં. બેહતર છે કે તમારા નાના બતુઈલના ઘેર ચાલ્યા જાવ. તેઓ ફદાન અરમમાં રહે છે. ત્યાં તમારા મામા લાબાનની કોઈ છોકરી સાથે નિકાહ કરીને લઈ આવજો. અને હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને કંઈક દુઆ દઈને અલ્લાહતઆલાને હવાલે કરેલ, અને તેમને જરાન રવાના કરી દીધા.

અઈશને જ્યારે ખબર પડી કે, મારા બુઝુર્ગ બાપને કિનઆનની છોકરીઓ પસંદ નથી તેથી તેમણે હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને ફદાન અરમ (જબરાન) એ માટે મોકલેલ છે કે તેઓ ત્યાં નિકાહ કરી લે; એ ઉપરથી તે (અઈસ) પોતાના કાકા હઝરત ઈસ્માઈલ

(અલયહિસ્સલામ) પાસે મક્કા ચાલ્યા ગયા. અને કાકાની દીકરી મેહલત (બીસમત) સાથે નિકાહ કરી લીધા.

હઝરત યાકુબ (અલયહિસ્સલામ) ફદાન અરમથી પાછા ફરે અને બન્ને ભાઈઓમાં સંપ-સલાહ થાય તે પહેલાં જ હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)ની વફાત થઈ. અને તે હમેશ માટે બન્ને પુત્રોથી જુદા થઈ ગયા. અને હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) અને હઝરત સારહને જ્યાં દફન કરવામાં આવ્યા હતા ત્યાં હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)ને દફન કર્યા. **ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઊન.**

* * *

## હઝરત રાહેલ વલીયા (રદિયલ્લાહો અન્હા) (ઝવજએ યાકુબ અલયહિસ્સલામ)

(હઝરત યાકુબ (અલયહિસ્સલામ)નું ફલસ્તીનની ધરતી ઉપરથી રવાના થઈને પોતાના મામા લાબાનને ત્યાં પહોંચવું. અને ત્યાં તેમના નિકાહનો કિસ્સો બહુજ દિલચશ્પ અને પુરલુત્ફ છે. જે કેટલીક આધારભુત (મુસ્તનદ) કિતાબોમાંથી અત્રે લખવામાં આવે છે.)

હઝરત યાકુબ (અલયહિસ્સલામ) ફલસ્તીનની પૂર્વ તરફ આગળ વધ્યા. ત્યાં તેમણે એક કુવા પાસે બકરીયોના ત્રણ ધણ બેઠેલા જોયા. બધા ધણને એજ કુવામાંથી પાણી પીવરાવવામાં આવતું હતું. પણ તે વખતે કુવા ઉપર એક મોટો પત્થર પડેલ હતો.

જ્યારે બધા મળીને પત્થર હટાવતા ત્યારે જ પાણી પીવરાવી શકાતું; અને પછી તેને ઢાંકી દેવામાં આવતું. તે વખતે કુવા પાસે જે લોકો બેઠા હતા તેમને હઝરત યાકુબે (અલયહિસ્સલામે) પુછ્યું, 'ભાઈઓ, આપ ક્યાંના રહેવાવાળા છો ?'

તેમણે કહ્યું, અમે હરાનના રહેવાસી છીએ. આપે પુછ્યું, 'તમે લાબાન બિન નાહુરને ઓળખો ખરા.' તેમણે જવાબ આપ્યો, 'હા, અમે તેમને જાણીએ છીએ.' હઝરત યાકુબે (અલયહિસ્સલામ) કહ્યું, 'તેઓ જીવિત છે અને ખેરિયતથી છે ?' હસનવાળાએ કહ્યું, 'હા, આ જુઓ, તેમની પુત્રી હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા) બકરીઓને લઈને ચાલી આવે છે.'

હજી તો વાતચીત ચાલતી જ હતી કે રાહેલ (રદિયલ્લાહો અન્હા) બકરી સાથે આવી પહોંચી.' હઝરત યાકુબે (અલયહિસ્સલામ) હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ને જોઈને કુવાનો પત્થર હટાવી દીધો. અને પોતાના મામાના ધણને પાણી પીવરાવ્યું. પછી હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ની પેશાની ઉપર ચુંબન કર્યું, અને તેને ગળે લગાવેલ, અને બહુ જ રડવા લાગ્યા, અને હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ને કહ્યું કે હું લાબાનના સગાઓમાંથી છું; હઝરત રફકા (રદિયલ્લાહો અન્હા)નો પુત્ર છું.

હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા) દોડીને ઝટ ઘેર પહોંચી અને પોતાના પિતાને ખબર આપ્યા. લાબાન હઝરત યાકુબ (અલયહિસ્સલામ) આવ્યા છે એ સાંભળી દોડતા કુવા પાસે પહોંચ્યા અને તેમને ગળે લગાવ્યા. અને પોતાના ઘેર તેડી આવ્યા. તેમણે હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને અહીં આવવાનું કારણ પૂછ્યું.

ત્યારે તેમણે લાબાનને બધી હકીકત વિગતવાર કહી સંભળાવી. લાબાને હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને દિલાસો આપ્યો અને કહ્યું. 'બેટા, તમે અમારું જ 'ખુન' છો, તમે અહીં જ રહો, કામકાજ કરો. પરંતુ તમે મારી ખિદમત મફત કરો તે મને પસંદ નથી, અને તમે મારાથી શું આશા રાખો છે તે તમારા દિલની વાત સાચે સાચી કહી દો.'

હઝરત યાકુબે (અલયહિસ્સલામ) કહ્યું કે, હે વહાલા મામા, તમે તમારી નાની દીકરી હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)નાં નિકાહ મારા સાથે કરી દો તો બેહતર થશે, મને બીજું કંઈ જોતું

નથી.' લાબાનંને બે દીકરીઓ હતી, મોટી 'લઈયા' અને નાની 'રાહેલ (રદિયલ્લાહો અન્હા). મોટી ખાસ દેખાવડી નહોતી. પરંતુ રાહેલ (રદિયલ્લાહો અન્હા) બહુ હસીન અને ખુશનઝર છોકરી હતી. લાબાને હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને પુછ્યું કે, 'તમારા પાસે કંઈ માલ છે કે હું રાહેલ (રદિયલ્લાહો અન્હા)ને તમારા નિકાહમાં દઉં.' હઝરત યાકુબે (અલયહિસ્સલામે) કહ્યું, 'મારા પાસે માલ તો કંઈ નથી, પરંતુ હું તમારી સેવા એક મજુરની હેસિયતથી કરીશ. અને જ્યાં સુધી મારી મહેનતની મજુરી મહેરમાં પુરી ન થઈ જાય ત્યાં સુધી હું ખિદમત કરતો રહીશ.' લાબાને કહ્યું, 'ઠીક છે, તો એની મહેર એ છે કે તમારે સાત વરસ સુધી મારી ખિદમતમાં રહેવું પડશે, અને એક મજુરની જેમ મારૂં કામ કરવું પડશે. હઝરત યાકુબે (અલયહિસ્સલામ) એ શરત મંજુર કરી લીધી. અને સાત વરસ સુધી લાબાનના ઢોર ચરાવતા રહ્યાં. હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ની સાથે આપને બહુ જ મોહબ્બત હતી અને તેથી એ સાત વરસ જોતજોતામાં પસાર થઈ ગયા. એટલો લાંબો સમય ક્યાં ગયો તેની સમજ ન પડી. મુદત પુરી થતાં હઝરત યાકુબે (અલયહિસ્સલામ) હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ને તેમની સાથે મોકલવા કહ્યું.

લાબાને આખા ખાનદાનને તેડાવ્યા અને વલીમાનું જમણ આપ્યું. રાત મોડી થઈ ગઈ હતી અને લાબાને રિવાજ મુજબ 'લઈયા'થી નિકાહ પઢાવી દીધા. હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ના નામથી લઈયાને હઝરત યાકુબ (અલયહિસ્સલામ) પાસે મોકલી આપી, અને દહેજમાં 'બલહા' નામે એક લોંડી પણ આપી. અંધારી રાતના કારણે હઝરત યાકુબ (અલયહિસ્સલામ) 'લઈયા'ને ઓળખી શક્યા નહિં, અને તેને હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા) સમજી રાજી રાજી થઈ ગયા. પણ સવાર થઈ તો હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને ખબર પડી કે આ 'રાહેલ (રદિયલ્લાહો અન્હા)' નથી આ તો 'લઈયા' છે હઝરત યાકુબ (અલયહિસ્સલામ) આથી બહુ

મુંઝાયા અને તેઓ તરત જ લાબાન પાસે દોડી ગયા અને મને દગો દીધો છે. મારી સાત વરસની મહેનત બરબાદ કરી નાખી છે અને હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ના બદલે 'લઈયા'ને મારા હવાલે કરી છે. શું હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા) માટેજ મેં સાત વરસ તમારી ખિદમત નથી કરી ?'

આ સાંભળી લાબાને કહ્યું, 'મારા વહાલા ભાણેજ હું તમારો મામો છું, બાપની જગ્યાએ ગણાઉં. તમે એ નથી જાણતા કે આપણા રિવાજ મુજબ મોટી છોકરીના પહેલાં નાની છોકરીના વિવાહ થઈ શકતા નથી. હવેતમે બીજા સાત વરસ ખિદમત કરો તો હું રાહેલ (રદિયલ્લાહો અન્હા)ને પણ તમારા નિકાહમાં આપવા સંમત છું.' છેવટે રાહેલ (રદિયલ્લાહો અન્હા)ની મોહબ્બત ખાતર હઝરત યાકુબે (અલયહિસ્સલામ) મજબૂર થઈને બીજા સાત વરસ સુધી લાબાનની ખિદમત કરી અને સાત વરસ પછી રાહેલ (રદિયલ્લાહો અન્હા)ના નિકાહ કરી, તેને હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને હવાલે કરી. અને રાહેલ (રદિયલ્લાહો અન્હા)ને પણ 'ઝલફા' નામે લોંડી દહેજમાં આપી 'રાહેલ (રદિયલ્લાહો અન્હા)'ને 'લઈયા'થી પણ મોહબત હતી. હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ને કંઈ ઔલાદ ન થઈ ત્યારે તેમણે પોતાની લોંડી 'ઝલફા' હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને સોંપી અને તેના પેટે તેમને બે પુત્રો 'દાન' અને 'ન્ફતાલી' થયા ત્યાર પછી 'લઈયા'ને પણ કંઈ ઔલાદ ન થઈ તો તેણે પણ પોતાની લોંડી 'બલહા' હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને સોંપી, તેનાથી હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને ત્યાં 'જાદા' અને 'અશીર' એમ પુત્રો થયા. ના ઉમેદી અને નિરાશા પછી હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ના પેટે હઝરત યુસુફ (અલયહિસ્સલામ) પૈદા થયા. તેઓ પોતાની માતા જેવાજ હસીન અને ખુબસુરત હતા. હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)થી સૌથી વધારે મોહબ્બત થઈ ગઈ. આપ (હઝરત યાકુબ (અલયહિસ્સલામ)) પોતાના બધા પુત્રો, બન્ને

બીવીઓ અને બે લોંડીઓને લઈને પોતાના પિતા હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ના વતન ફલીસ્તાન તરફ પાછા ફર્યા. છતાં તેમને અઈશનો ડર બહુ હતો, પરંતુ તેમને કંઈ નુકશાન થયું નહીં કારણ કે અઈશ પોતાના કાકા હઝરત ઈસ્માઈલ (અલયહિસ્સલામ) પાસે જઈને વસી ગયા હતા અને તેમની દીકરી બસમતથી શાદી કરી લીધી હતી. અને તેને પોતાના બાપ-દાદાઓના મકાનમાં 'શામ'માં લઈ આવ્યા હતા. તેનાથી તેમને ઘણી ઔલાદ થઈ હતી, તે એટલે સુધી કે અઈશની ઔલાદ 'શામ'માં બધા કીનઆનીઓ ઉપર છવાઈ ગઈ હતી. અને આજુબાજુ ઈસ્કંદ્રિયા અને રોમ સુધી દરિયાના કિનારે કિનારે ફેલાઈ ગઈ હતી. ત્યાં પહોંચીને હઝરત યાકુબે (અલયહિસ્સલામ) વાણી-વર્તન ખુશામત વગેરેથી ગમે તેમ કરીને અઈસથી પોતાનું દિલ સાફ કરી લીધું. બન્ને વચ્ચે સલાહ-સંપ થઈ ગયાં પછી તો અઈશ એટલો બધો મહેરબાન થઈ ગયો કે હઝરત યાકુબ (અલયહિસ્સલામ) માટે કેટલાક શહેર ખાલી કરી દીધા. અને પોતાનું મકાન છોડીને સવાહલ(શામ) જઈને રહ્યા. અને દરિયા પાર કરીને રોમ સુધી પહોંચ્યા. કેટલાકોનું બયાન છે કે, પછી તો અઈશની ઔલાદમાં બાદશાહ પણ થયા અને તે યુનાની બાદશાહ કહેવાયા. હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ની મોહબ્બત હઝરત યુસુફ (અલયહિસ્સલામ) તરફ એટલી હદે પહોંચી કે, તેઓ હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને પોતાની નજરથી આઘા કરતા જ નહીં. પરંતુ આ મોહબ્બત 'લઈયા'ને તેમજ આપના બીજા ભાઈઓને પસંદ નહોતી. તેઓ આથી હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની અદેખાઈ બહુ કરવા લાગ્યા.

હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ના સ્વપ્નની તાબીર (સ્વપ્ન ફળ) જે તેમના પ્રેમાળ પિતા હઝરત યાકુબે (અલયહિસ્સલામ) તેમને કહી હતી. અને તેની વાત અન્ય કોઈને કહેવાની મના કરી હતી તે બધી પિતા-પુત્રની વાતચીત તેમની સાવકી મા લઈયાએ છુપાઈને સાંભળી લીધી હતી. તે બધી વાત 'લઈયા'એ પોતાના પુત્રને કહી

દીધી, પરિણામે હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને ખુબજ તકલીફો ઉઠાવવી પડેલ. કુરઆને શરીફમાં આ કિસ્સો અલ્લાહ તઆલાએ વિગતવાર જણાવેલ છે પરંતુ જ્યારે હઝરત યુસુફ (અલયહિસ્સલામ) કેદ ખાનામાંથી છુટીને મિસરના વજીર થયા અને ભાઈઓ અને પિતાને તેડાવેલ તો 'લઈયા' પણ સાથે આવી હતી. અને બધાએ હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને તાઝીમનો સિજદો કર્યો હતો; તે ખ્વાબની તાબીર હતી.

આ કિસ્સાને ઈતિહાસવેત્તાઓએ આ પ્રમાણે નોંધ્યો છે કે, 'જ્યારે હઝરત યાકુબ (અલયહિસ્સલામ) 'ફીદ્યન ઈરમ' નામના સ્થળેથી રવાના થયા ત્યારે હઝરત રાહેલા (રદિયલ્લાહો અન્હા) ગર્ભવતી હતી. આપ પોતાના બાળ-બચ્ચાઓ સાથે બેત અબલ થઈને પોતાના વતન તરફ આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં કીનઆનની હદમાં દાખલ થયા ત્યારે હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ને દર્દ શરૂ થયું. અને દર્દ પણ બહુ જોરદાર હતું. હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા) બેચેન અને સખત પરેશાન બન્યા. હઝરત દાયણે દિલાસો અને હિમ્મત આપ્યા કે ડરવાની જરૂર નથી. આ વખતે પણ દીકરો જન્મશે અને થયું પણ તેમજ પુત્ર જન્મ્યો જેનું નામ 'બનયા' રાખ્યું. પરંતુ હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ની કઝા આવી પહોંચી હતી. હજી ૪૦ દિવસ પણ નહોતા થયા કે હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ની વફાત થઈ. અને હમેશ માટે પોતાના શોહરને કદિ ન ભૂલાય તેવો વિયોગનો દાગ દેતા ગયા.

હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)થી આપને ખુબજ મોહબ્બત હતી તેથી તેમના મરણથી આઘાત પણ તેવોજ જોરદાર થયો. હઝરત રાહેલ (રદિયલ્લાહો અન્હા)ની દફનવિધિ પછી કાફલો કિનઆન તરફ રવાના થયો છેવટે જરૂન મુકામે પહોંચ્યો જ્યાં હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) અને હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ) રહેતા હતા. હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ)ને પોતાના પુત્રના આવવાથી

બહુ ખુશી થઈ. પરંતુ કાફલાને આવ્યાને ઝાઝો વખત નહોતો થયો કે હઝરત ઈસ્હાક (અલયહિસ્સલામ) ૧૮૦ વરસની ઉંમરે આ દુનિયાથી કુચ કરી ગયા. હઝરત યાકુબ (અલયહિસ્સલામ) અહીં ઘણો વખત પોતાના પુત્ર હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની જુદાઈનો સદમો સહન કરતા રહ્યા. એક લાંબા સમય પછી હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની મુલાકાતથી ઘણીજ ખુશી થઈ. જ્યારે હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની સુચના મુજબ આપ મિસર ગયા ત્યારે 'લઈયા' પણ સાથે હતી ત્યાંથી પાછા આવ્યા પછી 'લઈયા'નો ઈન્તેકાલ થયો. હઝરત યાકુબે (અલયહિસ્સલામ) હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને વસિય્યત કરી હતી કે, મને ત્યાંજ દફન કરજો જ્યાં હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) અને હઝરત સારહ (અલયહિસ્સલામ)ને દફન કરવામાં આવ્યા છે. એ જગ્યા ખાસ ખરીદવામાં આવી હતી. એની વિગત હઝરત સારાહ (અલયહિસ્સલામ) ના વર્ણનમાં આવી ગઈ છે.

* * *

## હઝરત આસનાત (રદિયલ્લાહો અન્હા)
## (ઝવજએ હઝરત યુસુફ અલયહિસ્સલામ)

હઝરત યુસુફ અલયહિસ્સલામે કેદખાનામાંથી છુટ્યા પછી મિસરના બાદશાહ ફિરઔનને તેના સ્વપ્નની તાબીર બતાવવાના કારણે-જે અક્ષરશઃ સત્ય પડી હતી તેઓ તેના મહેબુબ બની ગયા હતા. ફિરઔન જેનું નામ રયાન બિન વલીદ બિન મનઅ હતું. તેણે હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને તેમની ઈચ્છા મુજબ દેશના ખજાનચી મુકરર કરેલ હતા. અને આપને 'જહાંપનાહ'નો ખિતાબ અર્પણ કર્યો હતો. આખા દેશમાં આપનું બહુ જ સન્માન અને ઈઝઝત આબરૂ હતા. એ વખતે આપની ઉંમર ત્રીસ વરસની હતી. એ જમાનામાં અવન શહેરમાં એક કાહિન (ભવિષ્યવેત્તા જાદુગર) રહેતો હતો જે

પોતાની દીનદારી અને શરાફતના કારણે મશહુર હતો અને લોકો તેની ઇઝઝત કરતા હતા. મલેક રયાનની તેના ઉપર ખાસ મહેરબાની હતી. તેનું નામ 'ફુતીફરાઅ' હતું. તેને આસનાત' કરીને એક દીકરી હતી. ફિરઔને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ના નિકાહ તે 'આસનાત' સાથે કરાવી દીધા.

નિકાહ પછી તેને દારૂસ્સલ્તનતમાં લઈ આવ્યા. હઝરત આસનાત પણ તેમ પિતા જેવી વાજ રાસ્તબાઝ અને નેક હતા. પોતાના ખાનદાનમાં બહુ નસીબદાર હતા કે તેમને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની પત્ની બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. હઝરત આસનાત (રદિયલ્લાહો અન્હા) આજીવન હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની ખિદમતમાં રહયા. અલ્લાહે તેમને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)થી બે પુત્રો આપ્યા; (૧) મન સસા (૨) ઈફરાહીમ. હઝરત યુસુફ (અલયહિસ્સલામ) અને આસનાતના દિવસો આનંદથી પસાર થતા હતા. હઝરત યુસુફ (અલયહિસ્સલામ) જ્યારે 'કિનઆન' પોતાના પિતાની મુલાકાત માટે ગયા તો બન્ને પુત્રોને પોતાના સાથે લઈ ગયા હઝરત યાકુબે (અલયહિસ્સલામ) આ બન્નેને બરકતની દુઆ દીધી અને પોતાની ઔલાદમાં દાખલ કરી લીધા. આ બે પછી હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને ત્યાં હઝરત આસનાત તથા હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)થી જે કંઈ ઔલાદ થઈ તે ગુમનામીમાં રહી અને હઝરત યાકુબે (અલયહિસ્સલામ) તેમને પોતાની ઔલાદ કે સિલસિલામાં દાખલ કર્યા નહોતા. અમારી નજરમાંથી ઇસ્લામી તવારીખની જેટલી પણ કિતાબો ગુજરી છે તેમાં હઝરત આસનાતનો ક્યાંય પણ ઉલ્લેખ નથી. બધાએ ફક્ત હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા) વિષે જ લખેલ છે. અને ઇફરાહીમ તથા મનસસાને હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ના પુત્રો તરીકે જ ગણાવ્યા છે. પણ વાસ્તવિક હકીકત એ છે કે તેઓ આસનાતના પેટે જ જન્મ્યા હતા. હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)થી હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને પુત્ર-પુત્રીઓ પેદા થયા

હતા જે બની ઈસરાઈલના સિલસિલામાં ન હોવાથી ગુમનામ (અજ્ઞાન) રહ્યા. હઝરત આસનાતના બીજા હાલાત ક્યાંયથી પણ મળી શક્યા નથી. અને એની પણ ખબર નથી તે હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ના પહેલા વફાત થઈ કે હઝરત યુસુફ (અલયહિસ્સલામ) પછી અને હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ના મિસર આવ્યા પછી તેનાથી કોઈ ઔલાદ થઈ કે કેમ ! પરંતુ ઈબ્ને ખલ્દુન લખે છે કે, ઔલાદ થઈ હતી. હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ના ઘણાં દીકરા હતા. તેમાંથી ઈફરાહીમ અને મનસસા આ બે જ મશહૂર છે. આ બન્નેએ હઝરત યાકુબ (અલયહિસ્સલામ)નો ઝમાનો જોયો હતો. અને તેમણે તેમને પોતાની ઔલાદમાં ગણ્યા હતા, અને તેમના માટે દુઆએ ખૈર કરી હતી. પરંતુ લેખકે એ ન લખ્યું કે તેઓ હઝરત આસનાત (અલયહિસ્સલામ)ના પેટે હતા કે હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)થી. **વલ્લાહો આઅલમ– બિસ્સવાબ.**

* * *

## હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા) (ઝવજએ હઝરત યુસુફ અલયહિસ્સલામ)

હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા) અઝીઝે મિસરની પત્ની હતી જે હઝરત યુસુફ ઉપર આશિક હતી. એનો બાકીનો કિસ્સો ન 'કુરઆન શરીફ'માં છે ન તો 'તૌરેત'માં. પરંતુ લેખકોએ લખ્યું છે કે પાછળથી તેમના વિવાહ થઈ ગયા હતા અને બે પુત્ર અને એક પુત્રી પેદા થયેલ. અલ્લામા ઇબ્ને ખલ્દુન લખે છે કે, અતફીરની બરતરફી પછી અથવા તેના મરણ પછી હઝરત યુસુફ (અલયહિસ્સલામ) વઝીર થયા. ત્યારે હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)થી પણ નિકાહ કરી લીધા હતા અને તેની તમામ સંપત્તિના આપ માલિક બન્યા, ઇતિહાસકાર ઇબ્ને તીબરી લખે છે કે, જ્યારે હઝરત યુસુફે

(અલયહિસ્સલામ) ફિરઓનને કહ્યું કે બધા ખજાનાઓનો મને ખજાનચી બનાવી દો. કારણ કે હું અનુભવી પણ છું અને તેની સુરક્ષા પણ કરીશ.

બાદશાહે મીસર જેનું નામ રયાન બિન વલીદ હતું તેણે કહ્યું, સારી વાત છે. હું તમારી નિમણુંક એ જગ્યા ઉપર કરું છું. એટલે કે, હઝરત યુસુફ અલયહિસ્સલામની અઝીઝે મિસર એટલે શોહરે ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ની જગ્યા ઉપર નિમણુંક કરી. અને ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)નો શોહર બરતરફ થયો. અઝીઝે મિસરનું નામ અતફીર અથવા કતફીર હતું અતફીર એ જ અરસામાં મરણ પામ્યો. ત્યારે ફીરઔને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ના નિકાહ હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા) સાથે કરી દીધા.

હવે હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)થી એવી મહોબ્બત થઈ ગઈ, જેવી એક વખત હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)થી હતી.

જ્યારે હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા) હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની ખિદમતમાં આવી તો આપે ફરમાવ્યું, 'રાઈલ' હાલના હાલાત શું તેનાથી સારા નથી જેનો ઈરાદો તું કરતી હતી ?

હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)એ જવાબમાં કહ્યું, 'અય પ્યારા સીદક ! મને તાનો ન આપો, કેમ કે હું દુનિયામાં ખુબસુરત અને નાઝપરવર ઓરત છું, અને મારો પતિ ઓરતના કાબિલ નહોતો. (મરદાઈમાં નહોતો.) અને આપ હુશ્નોજમાલમાં એવા અજોડ હતા કે જેવા ખુદાએ તમને બનાવ્યા છે. મને મારા નફસે ઉશ્કેરી, ભડકાવી અને ઉશ્કેરાટને તાબે થઈ ગઈ.

લેખકોની માન્યતા છે કે, 'હઝરત યુસુફે (અલયહિસ્સલામ) હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ને કુંવારી છોકરીઓ જેવા જ

અનુભવ્યા. તેમનાથી ઔલાદ ઈફરાહીમ અને મનસસા પેદા થયા. અને આ બેથીજ તેમની (હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની) ઔલાદ આગળ વિસ્તરી. બાદશાહ રયાને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને અનાજના પુરવઠાની વ્યવસ્થાનું કામ સોંપ્યું હતું પરંતુ તે દરમ્યાન અઝીઝે મિસરનું મરણ થયું. અઝીઝ ખજાનચીના હોદ્દા ઉપર હતો. તેના મરણ પછી બાદશાહે ખજાનચીનો હોદ્દો પણ હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને સોંપ્યો. હવે હઝરત યુસુફે (અલયહિસ્સલામ) હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ને યાદ કરી. જ્યારે હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા) આવી તો નિકાહનો પયગામ આપ્યો. જે તેણે તરત જ સ્વીકારી લીધો. તે સમયે હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની ઉંમર ૩૨ વરસની હતી અને હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ની ઉમર ૩૦ વરસની હતી. હમણાં સુધી તે કુંવારી હતી કારણ કે તેનો પતિ ઔરતના કામનો નહોતો. હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)થી 'ઇફરાહીમ' અને 'મનસસા' એમ બે પુત્રો થયા. પરંતુ ઘણા ખરા ઈતિહાસકારો માને છે કે આ બે દીકરાઓ આસનાતનાજ હતા. તેમાં જરા પણ શંકા જેવું નથી કે હઝરત યુસુફે (અલયહિસ્સલામ) હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)થી નિકાહ કર્યા હતા.

હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)નું નામ 'રાઈલ' હતું, ઝુલેખા (રદિયલ્લાહો અન્હા) લકબ હતું. અને તે આબીલની પુત્રી હતી. કેટલાકોએ તેનું નામ અકાનીયત ફયશ લખ્યું છે. કેટલીક તવારીખોમાં ઝુલેખા (રદિયલ્લાહો અન્હા) લખ્યું છે, અને એજ સાચું લાગે છે. હઝરત યુસુફ (અલયહિસ્સલામ)નો એ પહેલાંનો કિસ્સો આ પ્રમાણે છે.

'હઝરત યુસુફ (અલયહિસ્સલામ) બહુજ ખુબસૂરત હતા અને હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને તેમનાથી અનહદ મોહબ્બત હતી. હઝરત યુસુફે (અલયહિસ્સલામ) એક ખ્વાબ જોયો હતો કે, અગીઆર

સિતારા તથા ચાંદ સૂરજે આસમાનમાંથી ઉતરીને તેમને સિજદો કર્યો. આ સ્વપ્ન તેમણે પોતાના પિતાને કહ્યું. પછી હઝરત યાકુબે (અલયહિસ્સલામ) હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને કહ્યું કે, તમે તમારું આ સ્વપ્ન તમારા ભાઈઓને કહેતા નહીં. નહીંતર તમને ક્યાંક મુશ્કેલીમાં મૂકી દેશે. પરંતુ તેમની સાવકી માતા 'લઈયા' એ આ વાત તેમના ભાઈઓને કરી દીધી. તે દિવસથી તેમના ભાઈઓમાં હસદની આગ ભડકી ઊઠી. એક દિવસ હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને જંગલમાં સાથે લઈ ગયા અને તેમને કતલ કરવાનો ઇરાદો કર્યો પણ 'રૂબે' તેની ન કહી. અને કહ્યું કે કોઈ ઉજ્જડ કુવામાં નાખી દઈએ. જેથી કોઈ કાફલો અહીંથી નીકળશે તો તે તેમને સાથે લઈ જશે. મુકામે સરનાથી દોઢ બે માઈલ દુર એક ઉજ્જડ કુવો હતો તેમાં હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને નાખી દીધા અને નજીકમાંજ તે લોકો ખાવા બેઠા. દરમ્યાન એક ઈસમાઈલી કાફલો જલસાથી મિસર જતાં અહીંથી પસાર થયો, અને ત્યાંજ પડાવ નાખ્યો. એક જણ પાણી ભરવા ગયો.

ડોલ કુવામાં નાખી તો હઝરત યુસુફે (અલયહિસ્સલામ) તે પકડી લીધી. તેણે કુવામાં જોયું તો તેને એક છોકરો દેખાયો. તેણે જઈને સરદારને વાત કરી. તેઓએ હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને બહાર કાઢીને પોતાના સરસામાન સાથે તેમને સંતાડી દીધા. તેમના ભાઈઓને ખબર પડી જતાં છેવટે તેમણે બધાએ હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને, સરદારને (૨૦) રૂપિયામાં વેચી નાખ્યા. અને તેમનો કુરતો-ખુનથી ખરડાયેલ પોતાના પિતાને બતાવવા સાથે લાવ્યા. અને આવીને કહ્યું, 'હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને તો વરૂએ ફાડી ખાધો છે.' આ સાંભળી હઝરત યાકુબ (અલયહિસ્સલામ)ને બહુ જ રંજ થયો.

કાફલાવાળાઓએ મિસર જઈને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને કતફીરને મામુલી કીમતમાં વેચી નાખ્યા. કેટલાક ઈતિહાસકારો એનું

નામ અતફીર તો કેટલાકે બુલીફાર અથવા બુતિમાહ લખ્યું છે. કતફીરે તેમના ઘરના કામકાજ માટે હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ને સોંપ્યા કે એમને બહુ માન-ઈઝઝતથી રાખે, જેથી તે આપણા માટે ફાયદામંદ સાબિત થાય. અને આપણે તેને આપણો પુત્ર બનાવી લેશું.

હઝરત યુસુફ (અલયહિસ્સલામ) બહુજ ખુબસુરત અને નવજવાન હતા. હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)એ પતિના હુકમનું બરાબર પાલન કર્યું. એનું પરિણામ એ આવ્યું કે, ધીમેધીમે હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ને તેમનાથી મોહબ્બત થઈ ગઈ, અને પોતાના શોહરથી પણ વધારે ચાહવા લાગી. અને ઘણી વખતે તેણે પોતાની ખ્વાહેશ હઝરત યુસુફ (અલયહિસ્સલામ) પાસે જાહેર કરી પણ હઝરત યુસુફ (અલયહિસ્સલામ) હમેશા ઈનકાર જ કરતા રહ્યા.

એક દિવસ હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા) હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને એક ઓરડામાં લઈ ગઈ અને બારણું બંધ કરી, હઝરત યુસુફ (અલયહિસ્સલામ)નું પહેરણ પકડીને મજબૂર કરવા લાગી, પરંતુ અલ્લાહપાકે તેમને જાણ કરી દીધી અને હઝરત યુસુફે (અલયહિસ્સલામ) સાફ ઈન્કાર કરી દીધો. અને કહ્યું કે, અઝીઝે મિસર મારા આકા છે, તેમણે મને કેટલા માન-મરતબાથી રાખ્યો છે; કેવી રીતે હું અપ્રમાણિક બનું ? એ મહાન અન્યાય ગણાશે. પરંતુ હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા) માની નહીં; તેથી આપ પહેરણ છોડાવી ભાગવા લાગ્યા તો પાછળથી હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)એ તેમનો પીછો કર્યો; અને તેમનું પહેરણ પાછળથી પકડી લીધું, પરંતુ હઝરત યુસુફ (અલયહિસ્સલામ) ભાગ્યા અને પહેરણનો થોડો ભાગ ફાટીને હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ના હાથમાં રહી ગયો, આજ સ્થિતિમાં બન્ને બારણા સુધી પહોંચ્યા હતા કે અઝીઝ' અચાનક આવી પહોચ્યો. અઝીઝને જોઈ હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)એ ઉલ્ટાનો હઝરત યુસુફ (અલયહિસ્સલામ)

ઉપર આરોપ મૂક્યો કે, 'તે (યુસુફ) મારાથી બુરો ઇરાદો રાખતો હતો. હું નાશી તો પહેરન મારા હાથમાંથી છોડાવવા અને ભાગવાની કોશિષ કરવા લાગ્યો અને આ નાશભાગમાં તેના પહેરણનો એક ભાગ મારા હાથમાં રહી ગયો છે, તે એની સાબિતી છે. હઝરત યુસુફે (અલયહિસ્સલામ) કહ્યું, 'તે ખુદ મને બુરી નઝરથી જોતી હતી. તે બુરા ફેલ માટે વારંવાર પરેશાન કરતી હતી. આજે તેણે મને બહુ જ મજબૂર કરેલ. મેં સાફ ઈન્કાર કરી દીધો અને હું જાન બચાવીને ભાગવા લાગ્યો.' અઝીઝ હેરાન હતો, શું ફૈસલો કરવો તેની તેને સુઝ પડતી નહોતી. છેવટે ખાનદાનના એક સમજદાર અને અનુભવી બુઝુર્ગે સલાહ આપી કે, જો પહેરણ આગળથી ફાટેલ હોય તો હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ને સાચી ગણવી અને જો પહેરણ પાછળથી ફાટેલ હોય તો હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને સાચા ગણવા. પહેરણને જોયો તે પાછળથી ફાટેલ હતો. અઝીઝ સમજી ગયો કે હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ની ચાલાકી છે. પછી હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને કહ્યું, 'તમે દરગુજર કરો.' પોતાની પત્નિને કહ્યું, 'તું યુસુફની માફી માગ. તું જ કસૂરવાર છે.' થોડા સમયમાં મિસરના દરેક ઘરમાં આ વાતની ચર્ચા થવા લાગી કે, અઝીઝની પત્નિ એક ગુલામને ચાહે છે; અને તેની મોહબ્બતમાં દિવાનીછે.'

આ સાંભળી હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)એ અમુક મોટા ઘરાનાની ઔરતોને પોતાના ત્યાં દા'વતમાં બોલાવી, બધાના સામે ફળોની સાથે એક છુરી પણ ફળોને કાપવા માટે રાખવામાં આવી હતી. પછી હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)એ મહેમાન ઔરતોને કહ્યું કે, 'હું કહું ત્યારે તમારે બધાએ આ ફળ કાપવાનું શરૂ કરવાનું છે. તેણે એક ઓરડામાં હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને બેસાડી રાખેલ હતા. થોડીવાર પછી દરવાજો ખોલી હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને તે ઓરતોની સામે લાવી અને તરત જ હુકમ કર્યો કે, 'હવે ફળને કાપવા માંડો.' તે બધી હઝરત યુસુફ

(અલયહિસ્સલામ)ને જોવામાં એવી મશ્ગુલ હતી કે તેમણે ફળના બદલે પોતાના હાથ તથા આંગળીઓ કાપી નાખી; અને કહેવા લાગી આ ઈન્સાન નથી, આ તો ફરિશ્તો લાગે છે.' હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)એ કહ્યું, 'આ તેજ છે, જેના માટે તમે મને બદનામ કરી રહી છો. મેં જ તેના પાસે મારી દીલી ઈચ્છા જાહેર કરી હતી, પરંતુ તેણે પોતાના નફસને બચાવી લીધો. હજી પણ તે નહીં માને તો ઝલીલ થશે. અને જેલ ભોગવશે.' હઝરત યુસુફે (અલયહિસ્સલામ) કહ્યું, 'અય અલ્લાહ ! જે વાત માટે તે મને કહે છે, તેનાથી તો બેહતર છે કે, હું કેદમાં રહું, તું અગર તેના મકરો ફરેબને નહીં ટાળે તો અજીબ નથી કે હું તેના તરફ રજુ થાઉં અને મારી મક્કમતા ડગી જાય.' હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની આ દુઆ કબુલ થઈ. અઝીઝે મિસર હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની સચ્ચાઈ અને મક્કમતા જોઈ ચુક્યો હતો, છતાં હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ના કહેવાથી તેમને કેદખાનામાં મોકલી આપેલ. તેમણે લગભગ બાર વરસ કેદખાનામાં ગુજાર્યા.

બીજી બાજુ ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ની હાલત બુરી હતી. હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ની જુદાઈમાં તે પોતાને એક વિધવા જેવી જીંદગી પસાર કરવા લાગી. કેદખાનામાં હઝરત યુસુફ (અલયહિસ્સલામ) સાથે બીજા બે કેદીઓ પણ હતા. એક ફિરઓનનો સાકી હતો. બીજો બબરચીખાનાનો દારોગો. તે બન્નેએ એક રાતે સ્વપ્ન જોયું. સાકીએ કહ્યું, 'હું સ્વપ્નમાં અંગુરનો રસ કાઢી રહ્યો છું.' દારોગાએ જોયું, 'મારા માથા ઉપર રોટલા છે અને તે પક્ષીઓ ખાઈ રહ્યાં છે.' આપ અમને તેની તા'બીર બતાવો. અને આપને નેક અને સાચા માનીએ છીએ. આપે કહ્યું, 'તમારૂં રોજ જમવાનું આવે છે, તેના આવતા પહેલાં હું તમને તા'બીર બતાવીશ, જે મારા રબ તરફથી મને શીખવાડવામાં આવી છે. પરંતુ તે પહેલાં હું તમને કંઈક નસીહત કરવા ચાહું છું. હઝરત યુસુફે (અલયહિસ્સલામ) એ લોકો

પાસે ખુદાની તૌહીદ અને દીને હક્ક ઉપર જોરદાર વર્ણન કર્યું. ત્યારબાદ આપે કહ્યું, 'જુઓ, તમારામાંથી એક, સાકી તો પાછો પોતાના સ્થાન ઉપર જશે અને પોતાના આકાને શરાબ પીવરાવવા ઉપર લાગી જશે. બીજો દારોગો, તો તેને તેના કરતુતો બદલ ફાંસીની સજા થશે અને પક્ષીઓ તેનું માથું પીંખી ખાશે. તમારા આ સ્વપ્નોની તા'બીર થઈનેજ રહેશે. સાકીને હઝરત યુસુફે (અલયહિસ્સલામ) ભલામણ કરી કે, 'છુટ્યા પછી તમે ફિરઔનને મારા સંબંધે વાત કરજો.' પરંતુ છુટ્યા પછી સાકી તો ફિરઔનને હઝરત યુસુફ (અલયહિસ્સલામ) બાબત વાત કરવાનું ભુલી જ ગયો, અને હઝરત યુસુફ (અલયહિસ્સલામ) તો જેલમાં જ પડ્યા રહ્યા. બીજા વરસે ફિરઔને એક સ્વપ્ન આવ્યું, તેણે તેના દરબારીઓને કહ્યું કે મેં સ્વપ્નમાં જોયું કે સાત મોટી ગાયોને, સાત દુબળી ગાયો ખાઈ રહી છે. અને સાત ડુંડાં લીલાંછમ છે અને સાત સૂકા છે. આ સાત સૂકાં ડુંડાં સાત લીલાં ડુંડાંને ખાઈ ગયાં.' હે દરબારીઓ ! તમારામાંથી કોઈને આ સ્વપ્નની તા'બીર આવડતી હોય તો બતાવો.

તેમણે કહ્યું, 'આ સ્વપ્ન પરેશાની ભરેલું છે, અમને તેની તા'બીર આવડતી નથી. એ દરબારમાં ફિરઔનનો સાકી પણ હાજર હતો; તેને હઝરત યુસુફ (અલયહિસ્સલામ) યાદ આવ્યા. તેણે કહ્યું કે, 'કેદખાનામાં એક અરબ નવજવાન કેદી છે તે સ્વપ્નની તા'બીર સારી જાણે છે. મને તેનો અનુભવ થયો છે. અગર આપ ફરમાવો તો હું તેને જઈને વાત કરું. જે તા'બીર તે બતાવશે તે સાચી જ હશે. સાકીને રજા આપવામાં આવી. તેણે હઝરત યુસુફ (અલયહિસ્સલામ) પાસે જઈને સ્વપ્નની બધી વાત કરી.

હઝરત યુસુફે (અલયહિસ્સલામ) તેની તા'બીર બતાવી કે, 'સાત વરસ મીસરમાં બહુ જ સારા જશે. અનાજ ખુબ થશે એટલે તે અનાજ જરૂર પૂરતું જ વાપરવું, બાકીને બચાવી લેવું, કારણ પછી સાત વરસ દુકાળ પડશે. તે બચાવેલ અનાજ તે દુકાળમાં ખપ લાગશે.

ફિરઔને એક હોશિયાર માણસને મુકરર કરી તેને આ કામ સોંપે અને તે માણસ દરેક જગ્યાએ તેહસીલદાર મુકરર કરે અને હાલથી જ દુકાળના સખત વરસો માટેની તૈયારીમાં પડી જાય. આ વરસ પછી એક વરસ એવો આવશે કે વરસાદ ખુબ પડશે. હઝરત યુસુફે (અલયહિસ્સલામ) સાકીને કહી હતી તે દરેક હકીકત સાકીએ જઈને ફીરઔનને કહી સંભળાવી.

બાદશાહ આ તા'બીર સાંભળી બહુ ખુશ થયો. અને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને યાદ કર્યો. જેલના ચોકીદારે જઈને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને કહ્યું, 'બાદશાહ સલામત તમારી મુલાકાત ઈચ્છે છે, તેઓ તમારો ઇન્તેઝાર ફરમાવે છે.'

આપે જવાબ આપ્યો, 'તમારા આકાને કહો કે તે ઓરતોનો શો હાલ છે જેમણે પોતાના હાથ કાપી નાખ્યા હતા. મારો પરવર દિગાર તેમના મકરથી પૂરો વાકેફ છે.'

તે જ વખતે બાદશાહે તે ઓરત (ઝુલેખા (રદિયલ્લાહો અન્હા))ને બોલાવીને પૂછ્યું કે, 'હઝરત યુસુફ (અલયહિસ્સલામ) સંબંધે મને પુરી હકીકત સંભળાવો, ખરી વાત શું હતી ? અને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને કેદખાનામાં રાખવાનું કારણ શું છે ?'

તેમણે જવાબમાં કહ્યું, હઝરત યુસુફ (અલયહિસ્સલામ)માં કોઈ ખરાબી નથી. હું કબુલ કરું છું કે, હઝરત યુસુફ (અલયહિસ્સલામ) નિર્દોષ છે, જે હક્ક બાબત હતી તે જાહેર થઈને જ રહી. મેં જ તેમને ફોસલાવવા-ફસાવવાનું કર્યું હતું પરંતુ તે સાચા અને બેકસૂર છે. મેં જ કોઈ કારણ વગર કેદખાનામાં મોકલાવેલ છે.

આ ખુલાસા પછી ફિરઔનને હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને પોતાના રૂબરૂ બોલાવ્યા. આપની ખુબસૂરતી, ખુશઅખ્લાકી, વાતચીતમાં વિવેક-વિનય, બાહોશી વગેરે જોઈને ખુશ થયો. તેણે કહ્યું, આજથી આપ અહીં મારા પાસે જ રહો. અને તેણે દુકાળ બાબતની દરેક

વ્યવસ્થાની સત્તા અને કામગીરી આપને સોંપી.

હઝરત યુસુફે (અલયહિસ્સલામ) કહ્યું કે, આપને યોગ્ય લાગતું હોય તો મિસરના બધા ખજાનાનો કારભાર પણ મને સોંપી દો. હું તમામ કામકાજથી માહિતગાર છું અને દરેક રીતે રાજ્યની સુરક્ષા કરીશ. ફીરઔને રાજીખુશીથી એ દરેક કામગીરી આપને સોંપી.

હઝરત યુસુફ (અલયહિસ્સલામ) બહુ જ ખૂબીથી દરેક જાતનો વહીવટ કરવા લાગ્યા. અને (તૌરેતની રિવાયત મુજબ) ફિરઔને શહેરવાનના કાહીન 'ફુતીફહર'ની પુત્રી આસનાત સાથે હ. યુસુફના નિકાહ કરી આપ્યા.

અઝીઝે મિસરના મરણ પછી ઝુલેખા (રદિયલ્લાહો અન્હા) આપના નિકાહમાં આવી ગયા. લાંબા કાળ સુધી જુદાઈના સદમા સહન કર્યા પછી હઝરત ઝુલેખા (રદિયલ્લાહો અન્હા)ના દિલની મુરાદ પૂરી થઈ. એમના પેટે હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ને ત્યાં ઔલાદ પણ થઈ. દીન-દુનિયાની બધી નેઅમતો આપવામાં આવી. વિયોગ પછી બન્ને ભેગા થયા અને દીર્ઘકાળ સુધી એકબીજાના રફીક અને જીવનસાથી રહ્યા, તે ત્યાં સુધી કે મૌતે મુકરર વખતે આવીને બધો એશ આરામ અને હયાતિનો ખાતમો કરી દીધો અને બન્ને કબ્રમાં આરામની કાયમી ઉંઘમાં પોઢી ગયા.

કોઈએ સાચું જ કહ્યું છે કે :

**'અલ્લાહો બાકી મિન કુલ્લેફાની.'**

* * *

# હઝરત રેહમત (રદિયલ્લાહો અન્હા)
# (ઝવજએ હઝરત અય્યુબ અલયહિસ્સલામ)

તેઓ ઇફરાહીમના પુત્રી ને યુસુફ બિન યાકુબ અલયહિમુસ્સલામના પૌત્રી હતા. પણ કેટલાક લેખકોએ તેમનું નામ 'માખીર' અને બાપનું નામ 'મન સૈયા' (ઈફરાહીમ ના ભાઈ) લખ્યું છે. પરંતુ તે કથન ઝઈફ જણાય છે. જગતની તમામ ઓરતોમાં, તેઓમાં સબ્ર, હુસ્ન, પાકીઝા આદાત ખુબ વધારે હતા. તેઓ પતિની ફરમાબરદાર અને ખુબ જ ખિદમત કરનાર હતા. અરબસ્તાન, મિસર; શામ, રૂમ વગેરે મુલકોમાં આજ પર્યંત ઓરતોમાં હુશ્નો-જમાલની સાથોસાથ વફાદારી પણ અજોડ અને દૃષ્ટાંત રૂપ છે. હઝરત ઐયૂબ (અલયહિસ્સલામ) તંદુરસ્ત, ખુબસૂરત, ખુશહાલ. વધુ ઔલાદવાળા તથા માલદાર નબી હતા. આપ હંમેશા ગરીબો; મિસ્કીનો, મુસાફરો અને મહેમાનોની સેવા-ચાકરીમાં પોતાનો બધો વખત ખર્ચતા. અને તેમની નેક બીવી તેમને તેમના નેક કામોમાં બરાબર સાથ અને સહકાર દેતી હતી. આ પ્રમાણે તેમણે પોતાની ૮૦ વરસની જીંદગી ગુજારી. પછી અલ્લાહપાકે તેમની આઝમાઈશ લેવા માટે તેમના ઉપર જુદી જુદી મુસીબતો અને તકલીફો નાઝિલ કરી.

તમામ ઔલાદ અને ઢોર ઢાંખરનો નાશ થયો. તમામ માલ-મિલક્ત અને દૌલત ઉપર પાણી ફરી વળ્યું. અને આપ સખત મરઝે જુઝામ-કોઢની બીમારીમાં સપડાઈ ગયા. શરીર ફુટી નીકળ્યું અને શરીરમાં જીવાત પડી ગઈ. બીમારી લંબાણી. પરિણામે ગામના લોકો આપનાથી દુર ભાગવા લાગ્યા. અને તેમને ગામ બહાર મોકલી આપ્યાં. તેમના માટે એક ઝુંપડી તૈયાર કરાવી દીધી. આ પરિસ્થિતિમાં કે જ્યારે તેમના પાસે ન તો માલ હતો ન ઔલાદ. ન કોઈ યારો મદદગાર, ન દોસ્ત-એહબાબ હતા ત્યારે ફક્ત તેમની નેક બીવી, રફીકે જીંદગી તેમના શરીકે હાલ રહી હતી. બલાએ નાગહાનીમાં તે

દરેક બાબત ખુબ જ ધીરજ અને સબ્ર સાથે બરદાશ્ત કરતી હતી. પોતાના શોહરના નિભાવ માટે પોતે કંઈક વસ્તુઓ બનાવી તે ગામમાં વેચી આવતી. પરંતુ થોડા સમય પછી ગામ લોકોએ તેના પાસેથી તેની ચીજવસ્તુઓ લેવાનું પણ બંધ કર્યું.

એક દિવસની વાત છે કે, ખોરાકની શોધમાં તે બહુ પરેશાન હતી, પરંતુ કંઈ પણ મળ્યું નહીં. એક ઔરત આપના લાંબા લાંબા વાળ ઉપર મોહિત હતી. તેણે એક રોટીના બદલામાં પોતાના વાળ તેને વેંચી નાખ્યા. અને રોટલી લઈને પતિની સેવામાં હાજર થઈ. હઝરત ઐયુબ (અલયહિસ્સલામ) જરુરત વખતે તેમના વાળોને પકડીને ટેકો લઈને હાલતા-ચાલતા. જેવી ઘરમાં આવી તો હઝરતે સૌથી પહેલાં વાળોનું પૂછ્યું. તેમણે એક ઠંડો નિઃસાસો લઈને બધી દાસ્તાન કહી સંભળાવી. હઝરત આ કુરબાની અને વફાદારી જોઈને બહુ જ ગમગીન થયા. અને શુક્ર અદા કરીને ખામોશ થઈ ગયા. ખોરાક મેળવવા માટેના બધાજ રાસ્તા બંધ થયા. તો ભીખ માગવાનું શરુ કર્યું. અને દરરોજ ગામમાં જઈ ખૈરાત માગી લાવતા. અને જે કંઈ મળતું. તે બન્ને જણા ખાઈ-પીને અલ્લાહનો શુક્ર અદા કરીને સબ્રની સાથે પડ્યા રહેતા.

આ ભયંકર બીમારીમાંથી આરામ થવાની તેમને ઉમ્મીદ નહોતી. પરંતુ ક્યારેય પણ તે માટેની તમન્ના પણ તેમણે ખુદાના દરબારમાં કરી નહોતી. એક દિવસે હઝરત રેહમત (રદિયલ્લાહો અન્હા) પોતાના કાર્યક્રમ મુજબ ભીખ માગવા ગયા. માર્ગમાં તેમને શયતાન મળ્યો. તેણે કહ્યું, "હે નેકબીબી! તમારા પતિ ક્યાં અને કેવી હાલતમાં છે ?" હઝરત રહેમતે (રદિયલ્લાહો અન્હા) જવાબ આપ્યો, 'આ ઝુંપડામાં તેઓ પડ્યા રહે છે; તેમના જખ્મોમાંથી રાત દિવસ રસી ટપક્યા જ કરે છે. બદનમાં જીવાત પડી ગઈ છે. ન ખાવાનું ઠેકાણું છે ન પીવાનું.' શયતાન બીબી હઝરત રેહમત (રદિયલ્લાહો અન્હા)ની વાતચીત ઉપરથી સમજી ગયો. કે હવે બીબીના સબ્રનો

પ્યાલો છલકાવાનો સમય પાકી ગયો છે. હવે તેમના કદમ ડગમગાવવા આસાન છે. તેણે આગલી વાતોની યાદ અપાવી. દૌલત, ઔલાદ, એશ-આરામ બધું ખતમ થયું, હવે તો તેની યાદ એક પરિકથા જેવી બાકી છે, હવે આ મુસીબત દુર થવાની આશા ઓછી છે, તે હવે કાયમી લાગે છે. આ સાંભળી, બીબી હઝરત રેહમત (રદિયલ્લાહો અન્હા)ના મુખેથી એક ચીસ નીકળી ગઈ; તે બેતાબ થઈ ગયા. શયતાનને પોતાની કામયાબી માટે એટલું જ જોઈતું હતું. તેણે કહ્યું કે, 'અગર હઝરત ઐયુબ (અલયહિસ્સલામ) આ બકરીનું બચ્ચું મારા નામે ઝિબહ કરે તો તેઓ બહુ જલ્દી સાજા થઈ જશે.' આ સાંભળી બીબી હઝરત રેહમત (રદિયલ્લાહો અન્હા) ખુશી ખુશી દોડતા પાછા હઝરત ઐયુબ (અલયહિસ્સલામ) પાસે આવ્યા અને રસ્તામાં બનેલ ઘટનાથી વાકેફ કર્યા અને કહેવા લાગ્યા. 'ક્યાં સુધી તમારો રબ તમને આ અઝાબમાં ગિરફતાર રાખશે ? ક્યાં સુધી તમારી આ હાલત ઉપર રહેમ નહીં ફરમાવે ? જુઓ, માલ-દૌલતનું શું થયું ? ઢોર ઢાંખર ક્યાં ગયાં ? સગાંવહાલા, દોસ્ત-બિરાદરો ક્યાં છે ? સર-સામાન અને ઔલાદનું શું થયું ? આ બધું કંઈ ખાકમાં મળી ગયું. તમારું ખુબસૂરત શરીર તેની જગ્યાએ ન રહ્યું. તમે સખત આઝમાઈશમાં છો. આપના શરીરમાં જીવાત વાસ કરી ગઈ છે. એથી વધીને બીજી કઈ મુસીબત પછી આ બચ્ચાને ઝીબહ કરીને કાયમી રાહત હાંસિલ કેમ નથી કરતાં ? છેવટે એમાં શું વાંધો છે ?' હઝરત ઐયુબ (અલયહિસ્સલામ) શિર્કની આ વાત સહન કરી શક્યા નહીં અને કહ્યું, તને અલ્લાહના દુશ્મને શીખવાડીને મોકલી છે; ભલા એ તો બતાવ કે આપણી ખોવાએલ સંપત્તિ કે ઔલાદ કે એશ આરામ વગેરે જેને તું રડે છે તે બધું આપનાર' કોણ હતું ? તેમણે એટલું જ કહ્યું, 'ખુદા.' અને ચુપ થઈને ગરદન ઝુકાવી લીધી. હઝરત ઐયુબે (અલયહિસ્સલામે) કહ્યું, અમે કેટકેટલા વરસો સુધી દૌલત-ઔલાદ, માલ-જાયદાદ, તંદુરસ્તી વગેરે ભોગવ્યા.' તેમણે કહ્યું, '૮૦ વરસ.' હઝરતે કહ્યું, 'આ બેહાલી

અને બીમારીને કેટલા વરસ થયા ?' જવાબ આપ્યો, 'લગભગ સાત વરસ.' હઝરતે ગુસ્સામાં કહ્યું, **'અફસોસ,** તમે અલ્લાહપાક સાથે બહુ બે ઈન્સાફીથી વર્ત્યા. આ મુસીબત ઉપર તમે એટલું સબ્ર કેમ ન રાખ્યું જેટલી તમે તંદુરસ્તી અને એશઆરામની જીંદગી ભોગવી ? ખુદાની કસમ ! અલ્લાહતઆલા મને તંદુરસ્તી અતા કરશે તો હું તને તેં મને ગયરુલ્લાહના નામે ઝુબાહ કરવા જે દરખાસ્ત કરી છે તેની સજા તરીકે એકસો કોરડા (ફટકા) મારીશ. તું જે કંઈ મારા માટે ખાવા-પીવા માટે લાવી છો તે તને મુબારક, મારે તે ચાખવું પણ હરામ છે. મારા સામેથી દુર થાવ. હવે હું તારી સુરત પણ જોવા રાજી નથી. હઝરત અય્યુબે (અલયહિસ્સલામ) પોતાની પત્નીને તેના કસુરને લીધે કાઢી તો મૂકી, પરંતુ હવે પોતાની હાલત જુએ છે તો બહુ જ વિચાર આવે છે. ખાવા પીવાનું કંઈ નથી. ન કોઈ યારો મદદગાર. એક શરીકે જીંદગી હતી તે પણ હાથમાંથી ગઈ. હવે તો ખુદા સિવાય કોઈ નઝર નથી આવતું. તે જ સમયે સિજદામાં પડી ગયા, ફક્ત એટલું જ કહેવા પામ્યા હતા કે, **'રબ્બે ઈન્ની મસ્સને યદુર્રો'** તરજુમો–'અય રબ ! મને બીમારીએ ઘેરી લીધો છે અને તું રહેમ કરવામાં સૌથી મોટો રહેમ કરવાવાળો છે.' એથી વધારે બોલવાની શક્તિ નહોતી. ખુદા રઉફો રહીમ છે. તે પોતાના બંદાની લાચારી-મજબુરીમાં રહેમ કર્યા વગર નથી રહેતો. તે જાલિમ કે જાબીર નથી કે વગર જોયે સાંભળ્યે અમલ કરે. તેના પાસે ખુલુસ (નિખાલસતા) અને સચ્ચાઈથી માગેલ દુઆને કબૂલ કરે છે.

કુદરતે હઝરત અય્યુબ અલયહિસ્સલામના સબ્ર ઉપર તરત જ ધ્યાન આપ્યું અને તે જ ક્ષણે વહી નાઝિલ થઈ. **'અરદો રજોલેકા'.**

હઝરત અય્યુબે (અલયહિસ્સલામ) જમીન ઉપર ઠોકર મારી કે એક ઝરણું જોશ મારવા લાગ્યું. તેમાં હઝરત અય્યુબ (અલયહિસ્સલામ) નાહ્યા કે તરત જ અલ્લાહપાકે પોતાની રહમતનો છંટકાવ કર્યો.

બીમારીનું નિશાન પણ બાકી ન રહ્યું. તે જ વખતે દર્દની તકલીફમાંથી છુટકારો મળ્યો. પહેલાની ખુબસુરતી તથા જુવાની પુનઃ પ્રાપ્ત થઈ. અગાઉ કરતાં પણ વધારે ખુબસૂરત દેખાવા લાગ્યા. તેમણે જમણી-ડાબી બન્ને તરફ જોયું તો દર્દનું નામનિશાન નહોતું, પહેલા જેવોજ માલ-ઑલાદ બધુંજ ઘરમાં મૌજુદ હતું. પહેલાં ખુદાનો શુક્ર અદા કર્યો. પછી બહાર ચબુતરા ઉપર આવીને બેઠા.

હવે હઝરત રેહમત (રદિયલ્લાહો અન્હા)નો હાલ જુવો. હઝરતે અય્યુબે (અલયહિસ્સલામ) તેમનાથી નારાજી જાહેર કરી તો ત્યાંથી ચાલ્યા ગયા. પરંતુ તેનું દિલ તેમને ડંખતું અંતઃકરણ કહેતું કે, 'તારી બેવફાઈ કુદરતના ખિલાફ છે: જરા વિચાર કર અને પાછી જા. શું સુનસાન જંગલમાં તેમને એકલા છોડી દેવા તે વ્યાજબી છે ? તેઓ ભુખ્યા-તરસ્યા મરી જશે તો ! અથવા કોઈ જંગલી જાનવર ફાડી ખાશે તો ?'

હઝરત રેહમત (રદિયલ્લાહો અન્હા) સ્વયં બોલ્યા, 'ના, ના, એ તો મારાથી નહીં થાય ખુદાના સોગંદ, હવે પાછી જઈશ.' તે તરત જ ઝૂંપડી તરફ ગયા. પરંતુ ત્યાં કોઈ ઝૂંપડી હતી જ નહીં. તેમણે તે બધું બદલાએલું જોયું. એને આશ્ચર્ય થયું. તેજ શહેર, તે જ જગ્યા પરંતુ જમીન અને મકાનોએ બીજું સ્વરૂપ ધારણ કર્યું હતું. આકાશી ફેરફારો સુલતાની ઠાઠમાં ફેરવાઈ ગયા. પોતે એ જ જગ્યાએ ફરતી હતી અને રડતી હતી. હઝરત અય્યુબ (અલયહિસ્સલામ) પણ ચબુતરા ઉપર બેઠા બેઠા એ તમાશો જોઈ રહ્યા હતા.

તેમણે તેણીને બોલાવીને પુછ્યું, 'અય નેકબખ્ત બીબી તમે શું શોધી રહ્યા છો ? કદાચ હું તમારી કંઈક મદદ કરી શકું. તે જોરજોરથી રડતી હતી અને કહેતી હતી, 'હું તે બીમારને શોધું છું, જે અહીં ઝૂંપડીમાં રહેતા હતા. ખુદા જાણે તેમને શું થયું ?'

હઝરત અય્યુબે (અલયહિસ્સલામ) કહ્યું, 'તેથી તમારો શો

મતલબ છે ?'

હઝરત રેહમત (રદિયલ્લાહો અન્હા) કહ્યું, 'તે મારા શોહર હતા. આપે એમને ક્યાંય જોયા છે ?'

હઝરતે કહ્યું, 'તમે તેમને જોઈને ઓળખી શકશો ?'

હઝરત રેહમતે (અલયહિસ્સલામ) કહ્યું, 'કેમ નહીં, જેને હું હંમેશ જોતી આવી છું તેને ઓળખવામાં મુશ્કેલી શાની ? અને જો તેઓ તંદુરસ્ત હોત તો તમારાથી બહુ મળતા હોત.'

આ ઉપરથી હઝરત અય્યુબે (અલયહિસ્સલામ) કહ્યું, 'હું જ અય્યુબ છું' તેં ઈબ્લીસના કહેવાથી મને ગૈરૂલ્લાહના નામે ઝબહ કરેલું ખાવાનું કહ્યું હતું, હું ખુદાનો ફરમા બરદાર બંદો હતો. તારી આ વાત મને પસંદ પડી નહીં, હું તો શયતાનનો દુશ્મન. અલ્લાહ પાકે મારી હાલત સુધારી દીધી. હું એ જ અય્યુબ છું અને આ એ જ મારું મકાન છે.'

હઝરત રેહમત (રદિયલ્લાહો અન્હા) દોડીને ચોંટી પડયા અને ગળામાં હાથ નાખી દીધા. હજી હાથ ગળાથી અલગ નહોતા થયા કે તરત જ માલ-ઓલાદ વગેરે બધું જ સામે જ હતું.

હઝરત અય્યુબ (અલયહિસ્સલામ)ને સો ફટકાની સજા યાદ આવી. ખુદાએ હુકમ કર્યો, **'વ ખુઝ બેયદેકા દિગસન ફદ્રીબબેહી વલા તહનસ.'** મામુલી પાતળી સળીથી મારવા લાગ્યા અને કસમને પૂરી કરી. આ પછી બન્ને એક લાંબી મુદત સુધી ખુદાએ દીધેલ નેઅમતોથી ખુશ હાલ રહ્યા અને મોટી ઉમરે બન્નેનો ઈન્તેકાલ થયો.

* * *

# હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)
# (ઝવજએ હઝરત મુસા અલયહિસ્સલામ)

સફુરા (રદિયલ્લાહો અન્હા) હઝરત શોએબ અલયહિસ્સલામની પુત્રી અને મુસા અલયહિસ્સલામની પત્ની હતા. તેમનું વર્ણન જે તારીખોમાં છે તે એમ છે કે, 'મિસરના ફિરઔનના કતલ કરી નાખવાના ભયે હઝરત મુસા (અલયહિસ્સલામ) મિસરથી આવીને મદયન પહોંચ્યા. આ સફરમાં તેઓ ઝાડના ફળ-ફુલ અને પાંદડા વગેરે ખાઈને પેટ ભરતા હતા. તેમના સાથે ખાવાપીવાની કોઈ વસ્તુ નહોતી. ભૂખ તરસ અને મુસાફરીના થાકને કારણે શરીરમાં ચાલવાની શક્તિ રહી નહોતી. જેમ તેમ કરીને મદયન સુધી પહોંચ ગયા.

ઝરણા પાસે પાણી પીવા માટે વિચાર્યું. પરંતુ ત્યાં માણસોના ટોળાં હતા જે પોતાના જાનવરોને પાણી પીવડાવી રહ્યા હતા. માણસો સિવાય બે છોકરીઓ દેખાણી. જે ગરદન ઝુકાવી પોતાની બકરીઓ સાથે એક ઝાડની છાયામાં ઊભી હતી. એ રાહ જોતી હતી કે આ લોકો પાણી પીવડાવી લ્યે તો પછી અમે બકરીઓને પાણી પીવડાવીએ. એ બન્ને હઝરત શોએબ (અલયહિસ્સલામ)ની દીકરીઓ હતી. કેટલાકનું કહેવું છે કે તે હઝરત શોએબ (અલયહિસ્સલામં)ના ભાઈ યશીરની દીકરીઓ હતી.

જ્યારે હઝરત મુસા (અલયહિસ્સલામ)એ જોયું કે તેઓ ઊભી છે, તેમને પૂછ્યું કે, તમે કેમ પાણી પીવડાવતી નથી.

તેમણે કહ્યું કે, 'આ લોકો પાણી પીવરાવીને ચાલ્યા જશે ત્યારપછી અમે પીવરાવશું. અમારા વાલિદ ઝઈફ છે અને અમારાથી ડોલ ખેંચી શકાતી નથી. આ લોકો પાણી પીવરાવીને ચાલ્યા જશે તો બચેલું પાણી અમે અમારી બકરીઓને પીવરાવશું.'

આ સાંભળી હઝરત મુસા (અલયહિસ્સલામ)ને દયા આવી.

તેઓ અલ્લાહના ફઝલથી નવજવાન અને તાકતવર માણસ હતા. જે ડોલને કેટલાક માણસો સાથે મળીને ખેંચતા હતા, તે ડોલને હઝરત મુસા (અલયહિસ્સલામ) એકલા એજ ખેંચીને, તે છોકરીઓની બકરીઓને પાણી પીવરાવ્યું અને પછી નીચી નજર કરીને ઝાડની છાયામાં આવીને બેસી ગયા.

બન્ને છોકરીઓ ઘેર પહોંચી, તો હઝરત શોએબે (અલયહિસ્સલામે) પૂછ્યું, આજે બહુ વહેલી કેમ આવી ?

તેમણે કહ્યું, 'કોઈ મિસરી જવાન ત્યાં આવેલ હતો. તેણે અમને ઢોર ચરાવનારાઓના એહસાનથી બચાવ્યા અને અમારી બકરીઓને પાણી પીવરાવ્યું.'

હઝરત શોએબે (અલયહિસ્સલામે) તે મિસરી જવાનને બોલાવી લાવવા તે જ છોકરીને મોકલી. એ છોકરી શરમાતી શરમાતી હઝરત મુસા (અલયહિસ્સલામ) પાસે આવી અને કહ્યું, 'અમારા અબ્બાજાન આપને બોલાવે છે કે, તમે અમારી બકરીઓને પાણી પાયું તેનું ઋણ અદા કરી શકાય.'

હઝરત મુસા (અલયહિસ્સલામ) તરત જ ઊભા થયા અને આગળ આગળ છોકરી અને પાછળ પાછળ હઝરત મુસા (અલયહિસ્સલામ) ચાલવા લાગ્યા. માર્ગમાં પવનથી તેહમદનો એક છેડો ઊંચો થઈ ગયો અને પગનો થોડો ભાગ ખુલ્લો થઈ ગયો, જેથી હઝરત મુસા (અલયહિસ્સલામ)એ કહ્યું, 'તમે પાછળ ચાલો અને હું આગળ આગળ ચાલું છું.'

જ્યારે હઝરત મુસા (અલયહિસ્સલામ) હઝરત શોએબ (અલયહિસ્સલામ) પાસે પહોંચ્યા તો તેમને હઝરત શોએબે (અલયહિસ્સલામે) બધી હકીકત પૂછી હઝરત મુસા (અલયહિસ્સલામ)એ પોતાના મિસરથી ચાલ્યા આવવાથી લઈને અહીં પહોંચવા સુધી બધી વિગત વિસ્તારથી કહી સંભળાવી.

હઝરત શોએબે (અલયહિસ્સલામે) કહ્યું, 'બેટા. હવે કંઈ ફિકર

કરો નહીં અને સમજી લ્યો કે જાલિમોના પંજાથી બચી ગયા. એટલામાં તે છોકરી બોલી, અબ્બાજાન આપ એમને નોકરીમાં રાખી લ્યો, કારણ કે તમને એક તાકતવાન તેમજ ઈમાનદાર માણસની જરૂરત છે. હઝરત શોએબે (અલયહિસ્સલામે) કહ્યું, તેની તાકતનો હાલ તો તેં જોયો છે. પરંતુ તેની અમાનતદારીની સાબિતી શું છે ?

છોકરીએ પોતાના આગળ ચાલવાની હકીકત કહી સંભળાવી.

હઝરત શોએબ (અલયહિસ્સલામ) એ સાંભળી ખુશ થયા અને સમજી ગયા કે હઝરત મુસા (અલયહિસ્સલામ) એક શરીફ માણસ છે. તેમણે કહ્યું કે, ભાઈજાન હું ચાહું છું કે આ બેમાંથી એકના નિકાહ તમારી સાથે કરી દઉં, શરત એ કે તમે અમારા ત્યાં આઠ વરસસુધી રહો. અને મારું કામકાજ કરતા રહો. ખુદા ચાહશે તો હું તમને તકલીફ નહીં આપું. અગર દસ વરસ રહો તો તમારી મહેરબાની.

હઝરત મુસા (અલયહિસ્સલામ)એ કહ્યું કે, મુદત પુરી થયા પછી મારા ઉપર કોઈ જબરદસ્તી કરવામાં આવે નહિં, અને હું જે કંઈ કહું છું તે ઉપર ખુદા ગવાહ છે.

પછી હઝરત શોએબે (અલયહિસ્સલામે) જે છોકરી તેમને બોલાવવા ગઈ હતી અને જેનું નામ હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા) હતું તેના સાથે હઝરત મુસા (અલયહિસ્સલામ)ના નિકાહ કરી દીધા. તે હઝરત શોએબ (અલયહિસ્સલામ)ની નાની દીકરી હતી. થોડા સમય પછી એક પુત્ર થયો જેનું નામ હઝરત મુસા (અલયહિસ્સલામ)એ જીરસોમ રાખ્યું. સફુરા (રદિયલ્લાહો અન્હા) હાલ સુધી પોતાના માવતરે જ રહેતી હતી. હઝરત મુસા (અલયહિસ્સલામ) પોતાના સસરાના ધણને ચરાવવા લઈ જતા હતા.

જ્યારે તેમની મુદત પુરી થઈ ગઈ તો તેઓએ પોતાના વતન જવાની ઇચ્છાપ્રગટ કરી. આપ રજા આપો તો હું મારા બાલબચ્ચા સહિત મારા વતન જાઉં.

હઝરત શોએબે (અલયહિસ્સલામે) સફુરા (રદિયલ્લાહો અન્હા), જીરસોમ અને હઝરત મુસા (અલયહિસ્સલામ)ને રાજી ખુશીથી રૂખસત કર્યા. હઝરત મુસા (અલયહિસ્સલામ) પોતાના બાલબચ્ચા સાથે મિસર જવાના ઈરાદાથી આગળ ચાલ્યા જતા હતા. જુમ્આની રાત હતી, રાતનાં અંધારામાં આપ રસ્તો ભૂલીને જંગલ તરફ પહોંચ્યા. અંધારી રાત શરદીની ઋતુ બીવી-બચ્ચાનો સાથ અને જાનવરોનું ધણ સાથે આપ પરેશાન થઈ ગયા હતા. કોઈ ચીજ નજરે નહોતી પડતી કે જેથી તકલીફ દૂર થાય. જ્યાં આપે પડાવ નાખ્યો તે જગ્યા પહાડની તળેટીમાં હતી. શરદી બહુજ હતી. વાદળાં ઘેરાએલ હતાં. અંધારું એવું કે હાથને હાથ ન સૂઝે, શરદી એવી કે સહન ન થાય. હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા) ગર્ભવતી હતાં, મુદ્દત પણ પૂરી થવા આવી હતી, એ કારણે ફીકર પણ હતી. એટલે વિચાર્યું અહીં જ આગ સળગાવીને તેમાં શેકી તાપીને સવાર કરી નાખવી બેહતર થશે. આગ બાળવા માટે આપ ચકમકમાંથી તણખા ખેરવવા ખુબ ખુબ પ્રયાસ કર્યા પણ તણખા ઝર્યાજ નહીં કે આગ પણ બળી નહીં.

આપ એજ ફીકરમાં હતા કે 'કોહેતુર' (તુર નામનો પહાડ) તરફથી ચમક-આગના શોલા જેવી નજરે પડી. આપે ખુશ થઈને હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)ને કહ્યું, 'આ પહાડની જમણી તરફ મેં આગ જોઈ છે, હું હમણાં લાવું છું. જેથી શરદીથી બચવા આપણે ગરમી મેળવી શકીએ. તમે અહીં જ રોકાવ. શક્ય છે કે ત્યાં કોઈ માર્ગદર્શક મળી જાય. જો કોઈ માર્ગદર્શક નહીં હોય તો હું આગ તો તમારી પાસે લાવીશ જ.

આમ કહીને હઝરત મુસા (અલયહિસ્સલામ) 'તુર પર્વત' ઉપર ગયા. આ બાજુ હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)ને દર્દ શરૂ થયું; અને ઠંડીના કારણે તકલીફ થઈ. હઝરત મુસા (અલયહિસ્સલામ) જ્યારે પહાડ ઉપર પહોંચ્યા તો આગને બદલે 'નુરે ઈલાહીની રોશની'

મળી. અહીં નબુવ્વતની સનદ મળી. અલ્લાહ પાકથી વાતચીત કરી. અને ઈલાહી ફરમાન થયું કે, 'તમે જલ્દી મિસર જાઓ.' બની ઈસરાઈલની ઈસ્લાહ (સુધારણા) અને ફિરઔનને હિદાયત આપવાનું શરૂ કરો. મિસર જાવ અને કોઈપણ જાતનો ડર રાખશો નહીં. અમે (અલ્લાહ) તમારા નિગેહબાન છીએ. હઝરત મૂસા (અલયહિસ્સલામ) ત્યાંથી ખુદાનું ફરમાન મેળવીને પાછા આવ્યા. અને અહીં હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)ને પુત્ર અવતર્યો. જેનું નામ 'અલ અઝર' રાખ્યું. હઝરત મુસા (અલયહિસ્સલામ) 'કોહે તૂર' ઉપરથી ઉતર્યા ત્યારે બીવીની ગોદમાં એક બાળક જોયું. જેને જન્મ્યે હજી માત્ર થોડાક.કલાક જ થયા હતા. નબુવ્વત અને પુત્ર. આમ બેવડી ખુશી થઈ. હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)ને બધી હકીકતથી વાકેફ કર્યા. પછી આપ નબુવ્વતનું કાર્ય શરૂ કરવા મિસર તરફ રવાના થયા. બીવીને મદયન પાછા માવતરે મોકલી આપ્યા. કારણ કે આવા પ્રસંગે હઝરત મુસા (અલયહિસ્સલામ) સાથે રહેવું તેમના માટે બહુ મુશ્કેલ હતું.

હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)એ રાજીખુશીથી હઝરત મુસા (અલયહિસ્સલામ)ને મિસર જવા રજા આપી. હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)ને ખુદાને હવાલે કરી. હઝરત મુસા (અલયહિસ્સલામ) પોતાના વતન મિસર તરફ રવાના થઈ ગયા. માર્ગમાં તેમના ભાઈ હઝરત હારૂન (અલયહિસ્સલામ) મળી ગયા. તેમને સાથે લીધા. હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)ને પિતાના ઘેર આરામથી રહેતા રહેતા એક મુદત વીતી ગઈ. કોઈ એવું સાધન નહોતું કે એક બીજાના સમાચાર મળી શકે. એક અરસા પછી હઝરત મુસા (અલયહિસ્સલામ) બની ઈસરાઈલને ફિરઔનના પંજામાંથી છોડાવી લાવ્યા. જુદી જુદી જગ્યાએ રોકાતાં રોકાતાં છેવટે કયદમમાં રોકાયા. ત્યાં પાણી નહોતું. બની ઈસરાઈલ હઝરત મુસા (અલયહિસ્સલામ)થી ઝઘડવા લાગ્યા. આપે જમીન ઉપર અસા (લાકડી) જોરથી પછાડી, તેમાંથી બાર ઝરણાં પેદા થયાં. અહીં કૌમે 'અમાલીક' જે અઈસ બિન ઈસ્હાકની ઔલાદ

હતી અને બહુ જ ઝઘડાળુ હતી તેણે ઈસરાઈલીઓ ઉપર હુમલો કર્યો. તેઓનો વિચાર હઝરત મુસા (અલયહિસ્સલામ) અને ઈસરાઈલીઓને ડરાવીને નસાડી મુકવાનો હતો. પરંતુ અહીંથી હઝરત મુસા (અલયહિસ્સલામ)એ ખુદાના હુકમ પ્રમાણે યુશાને તેમના મુકાબલા માટે મોકલ્યો. અંતે બની ઈસરાઈલની જીત થઈ.

હઝરત મુસા (અલયહિસ્સલામ)એ ત્યાં એક કુરબાનગાહ બનાવી. આ જગ્યા હઝરત મુસા (અલયહિસ્સલામ)ના સાસરિયાના મુલક મદયનથી નજીક હતી. જ્યારે હઝરત મુસા (અલયહિસ્સલામ)ની ખબર બુઝુર્ગ શીર (હઝરત શોએબ (અલયહિસ્સલામ)ને) ને મળ્યા કે હઝરત મુસા (અલયહિસ્સલામ) કામયાબી સાથે પાછા આવ્યા છે અને કયદમમાં રોકાયા છે અને કુરબાનગાહ બનાવવાની પણ ખબર મળી. તો તેઓ હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા) અને તેના પુત્રો જીરસુમ અને અલઅઝરને સાથે લઈ હઝરત મુસા (અલયહિસ્સલામ) પાસે આવ્યા.

હઝરત શોએબે (અલયહિસ્સલામે) તેમને કહ્યું, ‘તમે કૌમે બની ઈસરાઈલમાં ઇન્સાફ-ન્યાય કરતાં થાકી જશો. તે પછી હઝરત મુસા (અલયહિસ્સલામ)એ યુશાને પોતાના પ્રતિનિધિ અને પોતાના પુત્ર અલ અઝરને તેનો વજીર મુકરર કરેલ. અને કૌમે બની ઈસરાઈલને લઈને ખુદાની આજ્ઞા મુજબ જુદા જુદા સ્થળે ફરતા રહ્યા. અને દરિયાએ લેરૂનની બીજી બાજુ ૧૨૦ વરસની ઉંમરે ઈન્તેકાલ થયો.

હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)નો વધારે અહેવાલ મળી શકેલ નથી. તેણે હઝરત મુસા (અલયહિસ્સલામ)ની હયાતિમાં ઈન્તેકાલ કરેલ, કે હઝરત મુસા (અલયહિસ્સલામ)ના ઈન્તેકાલ પછી પણ તે જીવતા હતા. તેમની ઉમર કેટલી થઈ, તેમની બીજી કારકિર્દી કેવી હતી. તે જાણી શકાયું નથી. પરંતુ જે હકીકત ગુજરી ગઈ છે તે ઉપરથી અનુમાન કરી શકાય કે હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)

બહુ અકલમંદ અને સમજદાર ઔરત હતી.

હઝરત ઈબ્ને મસઊદ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે, ત્રણ જણા ઇન્સાનોમાં **'અફઝલુન્નાસ'** થયા છે. બધામાં સમજદાર હઝરત અબૂબકર રદિયલ્લાહો અન્હો, જેમણે હઝરત ઉમર (રદિયલ્લાહો અન્હા)ને ખલીફા બનાવવામાં સમજદારી વાપરી અને સાહેબે યુસુફ (અલયહિસ્સલામ) એટલે અજીઝે મીસર, જ્યારે તેણે કહ્યું, **અકરમી મશવહુઅસા અંયર્ફઅના'**. તરજુમો–'તેને સારી રીતે ઇઝઝતથી રાખ કારણ કે તેનું વજુદ અમારા માટે ફાયદામંદ હોઈ શકે.' અને હઝરત મુસા (અલયહિસ્સલામ)ની બીવી, જેણે કહ્યું કે, **યા અબતસ જરહઝ ખીર મીનીસ તાજરતલ ક્વીયુલ અમીન.'** તરજુમો–'અય અબ્બાજાન ! આપ એમને નોકરીમાં રાખીલો. કેમકે આપના માટે બેહતર અને કુવ્વતવાળો જોઈએ.' એમાં શક નથી કે હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)ની બાબત ઈબ્ને મસઉદ (રદિયલ્લાહો અન્હા)નો અભિપ્રાય બહુ જ વ્યાજબી છે. હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)ની બીજી બહેન જે કુવા ઉપર મળી હતી તેનું નામ શરફીયાહ અથવા અબદા હતું. એ સિવાય હઝરત સફુરા (રદિયલ્લાહો અન્હા)ને બીજી પાંચ બહેનો હતી જે તૌરેતથી સાબિત છે. પરંતુ તેમના નામ મળી શક્યા નથી.

* * *

## હઝરત અલયસબાઅ (રદિયલ્લાહો અન્હા)
## (ઝવજએ હઝરત હારૂન અલયહિસ્સલામ)

હઝરત હારૂન (અલયહિસ્સલામ) બિન ઈમરાન હઝરત મુસા (અલયહિસ્સલામ)ના મોટા ભાઈ હતા. બધા કામોમાં તેઓ હઝરત મુસા (અલયહિસ્સલામ)ને સાથ-સહકાર આપતા હતા. અલ્લાહ તઆલાએ તેમને પણ નબુવ્વત અને રિસાલતનો મરતબો ઈનાયત કર્યો હતો અને નાના ભાઈ માટે એક મજબુત ટેકેદાર બનાવ્યા હતા.

હઝરત મુસા (અલયહિસ્સલામ) મદયનથી મિસર તરફ પાછા આવી રહ્યા હતા ત્યારે માર્ગમાં હઝરત હારૂન (અલયહિસ્સલામ)ની મુલાકાત થઈ હતી અને ત્યારથી જ તેઓ હઝરત મુસા (અલયહિસ્સલામ)ની સાથે હતા. તેમની પત્નીનું નામ અલયસબઅ હતું. નખશોનની બહેન અને અમીનાદાબની દીકરી હતા. પોતાના પતિના ફરમાબરદાર હતા. તે મીસરની રહેવાસી અને ખાનદાને બની અઝહારમાંથી હતી. આ ખાનદાને હઝરત મુસા (અલયહિસ્સલામ) અને હઝરત હારૂન (અલયહિસ્સલામ)ને સાથ આપ્યો હતો. તેઓ પોતાની કૌમના સરદાર હતા. ફિરઔનના વખતમાં ઇસરાઈલીયો ઉપર ખુબ જુલ્મ ગુજરતો હતો, છતાં પણ હઝરત અલયસબઅ (રદિયલ્લાહો અન્હા)ના ખાનદાને પોતાની કૌમમાં માન મરતબો જાળવી રાખ્યો હતો. હઝરત અલયસબા (રદિયલ્લાહો અન્હા)એ પોતાના પતિને આજીવન સાથ આપ્યો હતો, અને ખુદાપાકે તેને હઝરત હારૂન (અલયહિસ્સલામ)ની પત્ની થવાની ઈઝ્ઝત બખ્શી હતી તેને તેણે યથાર્થ કરી બતાવી. અલ્લાહતઆલાએ તેને ઔલાદની નેઅમત પણ અતા કરી હતી. તેને 'નદબ', 'અબહુ.' 'અલયગઝર' અને 'ઈતમીર' નામે ચાર પુત્રો અતા કર્યા હતા. આ પુત્રો પણ પોતાના માતા-પિતાની માફક સઆદતમંદ હતા અને હઝરત હારૂન (અલયહિસ્સલામ) અને હઝરત મુસા (અલયહિસ્સલામ)ના કહ્યાગરા હતા.

અલયગઝરે ફુતુઈલની એક દિકરી સાથે નિકાહ કર્યા હતા. તેનાથી એક પુત્ર 'ફીનહાસ' પૈદા થયો હતો. હઝરત અલયસબઅ (રદિયલ્લાહો અન્હા) ક્યાં સુધી જીવતા રહ્યા તે જાણી શકાયું નથી. વળી તે હઝરત હારૂન (અલયહિસ્સલામ) ની હયાતીમાં વફાત પામ્યા કે પછી અને ક્યાં દફન થયા તે તારીખની કોઈ કિતાબથી જાણી શકાયું નથી.

* * *

# હઝરત મેકલ બિન્તે તાલૂત (રદિયલ્લાહો અન્હા) (ઝવજએ હઝરત દાઊદ અલયહિસ્સલામ)

હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની પત્ની 'મીકલ' બની ઇસરાઈલના બાદશાહ તાલૂતની પુત્રી હતાં. જે (તાલુત) શમુઈલ નબીના અસર નીચે હતો. પોતાની રય્યતના એક સામાન્ય માણસ જેનું નામ 'શીઈ' હઝરત દાઊદ (અલયહિસ્સલામ) તેના પુત્ર હતા.

હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના નિકાહની હકીકત પણ જાણવા જેવી છે : ફલસ્તીનીઓનો એક શક્તિશાળી કબીલો હતો, 'જાલૂત' તેનો સરદાર હતો. આ કબીલો હમેશા બાદશાહ 'તાલુત'થી લડાઈ ઝઘડો કર્યા કરતો; તે એટલે સુધી કે 'તાલુત' આ કબીલા અને તેના સરદાર 'જાલુત'થી એટલો કંટાળી ગયો હતો કે તેણે કંટાળીને 'શમુઈલ' નબીથી સુલેહ કરી લીધી અને પોતાની સલતનતમાં જાહેરાત કરી કે, જે માણસ 'જાલુત'ને મારી નાખશે, તેને હું મારી દીકરી આપીશ અને તેની મહોરથીજ મારા મુલકમાં બધા ફરમાનો જારી કરીશ.

તાલુતને 'મીરાબ' અને 'મેકબ' નામે બે પુત્રીઓ હતી. બન્ને પોતાની ખુબસુરતી અને હુસ્નો જમાલ માટે આખા મુલકમાં મશહુર હતી. લશ્કરના ઘણા ખરા માણસોએ કોશિષ કરી. પણ કોઈ સફળ થયું નહીં. છેવટે હઝરત દાઊદે (અલયહિસ્સલામ) એ કામ પોતે કરશે એવી જાહેરાત કરી. એ દેખાવે લાલાશ પડતા રંગના અને ખુશ આંખોવાળા હતા. ઢોર ચરાવતા હતા. એમના પિતા એમને તાલુતની ખિદમતમાં લાવ્યા. શમુઈલ નબીએ ખુદાના હુકમથી તેમને દુઆ આપી.

હઝરત દાઊદ (અલયહિસ્સલામ) વગર તલવારે મેદાને જંગ માટે રવાના થયા. 'જાલુત'ને હેરત થઈ કે એ શું મારો મુકાબલો

કરશે. તેણે હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને ગણતરીમાંજ લીધા નહીં. કારણ કે તે નાના કદના દુબળા પાતળા માણસ હતા. હઝરત દાઊદ (અલયહિસ્સલામ) પોતાના સાથે એક થેલીમાં ત્રણ પત્થર લઈને ગયા હતા. હઝરત દાઊદે (અલયહિસ્સલામ) પત્થરને ગોફણમાં નાખીને જાલુતને નિશાન બનાવ્યો. પત્થરથી તેની આંખની ભમ્મર (નેણ) ફાટી ગઈ અને તે મરી ગયો.

તાલુતે ખુશીઓ મનાવી અને આ કામથી બની ઇસરાઈલ હઝરત દાઊદ (અલયહિસ્સલામ)થી મોહબ્બત કરવા લાગ્યા. પછી હઝરત દાઊદે (અલયહિસ્સલામ) તાલુતને તેનું વચન પુરું કરવા કહ્યું અને નિકાહ માટે માગણી કરી. પણ તાલુતની નિય્યત ફરી ગઈ કે તમે વગર મહેરના બાદશાહની પુત્રીથી શાદી કરવા ચાહો છો. પ્રથમ મારી દીકરીની મહેર અદા કરો. હઝરત દાઊદે (અલયહિસ્સલામ) કહ્યું કે તમે ત્યારે કોઈ શરત નહોતી કરી અને મારા પાસે કંઈ છે પણ નહીં. તેમજ મહેર માટે થોડું કરજ આપો અને તે હું ભરપાઈ કરવાની જવાબદારી લઉં છું.

તાલુતે કહ્યું, 'મુલકમાં જે તમારો ભાગ છે, તે મહેર નક્કી કરૂં છું. બની ઇસરાઈલે કહ્યું કે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) ઉપર જુલમ કરો નહીં અને જે વાયદો કરેલ છે તે પુરો કરો.' બની ઇસરાઈલનો હઝરત દાઊદ (અલયહિસ્સલામ) પ્રત્યેના આ પ્રેમથી પ્રેરાઈ તાલુતે કહ્યું; 'મારી પુત્રીને માલ-દોલતની જરુરત નથી. અમારા પહાડોમાં અમારા મુશરેકીન આશરો લઈને પડ્યા છે અને તેઓ અમને સુખેથી રાજ-કાજ ચલાવતા દેતા નથી. તેમને તાબે કરવાની અથવા તેમનો નાશ કરવાની સખત જરૂરત છે. તમે બહાદુર છો એ કામ તમે કરી શકો તેમ છો. તમે જાવ અને તેમનો મુકાબલો કરો અને જ્યારે તેઓમાંના બસો માણસોનાં માથાં વાઢીને અમારી સેવામાં લાવશો તો હું મારી મોટી દીકરી 'મેરબ'થી તમારા નિકાહ કરી દઈશ. આમ કરવામાં તાલુતનો ઉદ્દેશ એ હતો કે હઝરત દાઊદ

(અલયહિસ્સલામ) મારા હાથે નહિ, પરંતુ ફલસ્તીનીઓના હાથે માર્યા જશે.

આ ઉપરથી હઝરત દાઊદ (અલયહિસ્સલામ) 'જાલુત'ની બાકીની કોમમાં ઘુસી ગયા. તેઓ જેને મારતા તેનું માથું સાચવીને રાખતા અને રસ્સીમાં તેને પરોવી લેતા, જ્યારે બસો ખોપરીઓ પરોવાઈ ગઈ તો હઝરત દાઉદે તે ખોપરીઓ 'તાલુત' સમક્ષ રજુ કરી અને કહ્યું મારી પત્ની મને સોંપો. જ્યારે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) ના નિકાહનો સમય આવ્યો તો મખુલાતી અઝરઈલથી શાદી કરી દીધી.

તાલુતની નાની પુત્રી હઝરત 'મેકલ' હઝરત દાઊદ (અલયહિસ્સલામ)થી મોહબ્બત રાખતી હતી. તાલુતને તેની ખબર પડી. તો કહ્યું સારૂં છે. ફલસ્તીનીઓના હાથે બન્ને માર્યા જશે. છેવટે તેણે નાની દીકરી હઝરત 'મેકલ'થી હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને નિકાહ કરી દીધા અને એમનો હુકમ મુલ્કમાં શરુ કરી દીધો. તેથી રૈયત-બની ઇસરાઈલ હઝરત દાઊદ (અલયહિસ્સલામ) તરફ લાગણી બતાવવા લાગી. આ જોઈ તેના દિલમાં અદેખાઈની આગ લાગી ગઈ અને હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને ધોકાથી કતલ કરવાનો ઇરાદો કરી લીધો અને કોઈ સારી યુક્તિથી આ કામ પાર પાડવાના મનસૂબા ઘડવા લાગ્યો. એક દિવસે એ ઇરાદાથી જ (તાલુત) તેમના (હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના) મકાનમાં ઘુસ્યો, પરંતુ વફાદાર 'મેકલ' પોતાના બાપની બદદાનતની હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને જાણ કરી દીધી કે આજે રાતના તમને કતલ કરી દેશે.' હઝરત દાઊદે (અલયહિસ્સલામે) પૂછ્યું, 'મને કોણ કતલ કરશે ?' મેકલે જવાબ દીધો, 'મારો કૃતઘ્ની (નિમકહરામ) પિતા.' હઝરત દાઉદે (અલયહિસ્સલામે) કહ્યું, 'અગર એમ થશે તો હું ભાગી પણ નહીં શકું. ઠીક છે તમે મને શરાબ (દારૂ)ની એક મશ્કીઝા (મશક) મંગાવી આપો. હઝરત મેકલે પોતાના પ્યારા પતિ માટે એક નાની મશક

(મશ્કીઝો) મંગાવી આપી. હઝરત દાઊદે (અલયહિસ્સલામ) તે મશ્કીઝાને પોતાની જગ્યા ઉપર સુવાડી તેના ઉપર ચાદર નાખી. પોતે તે તખ્તનાં નીચે સંતાઈ ગયા. અર્ધી રાતે તાલૂત ઘરમાં દાખલ થયો અને હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના કતલનો ઇરાદો કર્યો. પોતાની પુત્રી હઝરત મેકલને પૂછ્યું, 'તારો પતિ ક્યાં છે ?' 'આ તખ્ત ઉપર સૂતા છે. તાલૂતે પૂરી તાકતથી તલવાર મારી. મશ્કીઝો ફાટી ગયો અને મશ્કીઝામાંથી શરાબ નીકળી. જ્યારે જાલીમને વાસ આવી તો બોલ્યો, 'અલ્લાહ હઝરત દાઊદ (અલયહિસ્સલામ) પર રહેમ કરે. શરાબ પીવાવાળો એનાથી વધીને કોઈ નહીં હોય.' સવારે એને ખબર પડી કે 'હું મારા ઇરાદામાં સફળ થયો નથી.' મેં હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને કતલ નથી કર્યા, પણ દારૂની મશકને ચીરી નાખી છે. એને અફસોસ થયો અને ત્યારબાદ હઝરત દાઊદ (અલયહિસ્સલામ) સમસ્ત ધરતીના (જમીનના) બાદશાહ થઈ ગયા. અલ્લાહ તઆલા ફરમાવે છે કે, **'યા હઝરત દાઊદ ઈન્ના જઅલ્ના ખલીફતન ફિલ્અર્દ.'**

એક દિવસે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) ઘરમાં બેઠા હતા. તાલૂતે છુપી રીતે આવીને ભાલાનો એક વાર કર્યો. વાર ખાલી ગયો અને દીવારમાં ઘૂસી ગયો અને હઝરત દાઊદ (અલયહિસ્સલામ) નાશી ગયા. પછી તેણે એવા કેટલાક માણસો નક્કી કર્યા જે આ કામ પતાવે.

જ્યારે રાત્રે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) ઘેર આવ્યા તો વફાદાર પત્ની હઝરત મેકલે કહ્યું, 'અગર આજ રાતના તમે બચી પણ જશો તો આવતી કાલ સુધીમાં માર્યા જવાના.' પછી હઝરત મેકલે હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને બારી વાટે ઉતારી દીધા. તેઓ રાતોરાત તે સરઝમીન ઉપરથી ચાલ્યા ગયા. એ રીતે કતલની આફતમાંથી ઉગરી ગયા.

મેકલે એક પૂતળું બનાવીને પલંગ ઉપર સૂવાડી દીધું અને તકીયાની જગ્યાએ બકરીની ખાલ મુકીને ઉપર ચાદર ઓઢાવી દીધેલ તાલૂતના જાસૂસો હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને પકડવા આવેલ. તેઓએ હઝરત મેકલને હઝરત દાઊદ (અલયહિસ્સલામ) બાબત પૂછ્યું તો તેણે કહ્યું કે, 'તેઓ બીમાર છે અને પલંગ ઉપર સૂતા છે.'

તાલૂતે હુકમ કર્યો કે, 'પલંગ સહિત ઉપાડી લાવો, હું મારા હાથે જ તેમને કતલ કરીશ.'

જાસૂસોએ આવીને જોયું તો પલંગ ઉપર એક પૂતળું પડ્યું છે અને સિરાણે બકરીના ઊનનો એક તકિયો પડ્યો છે. જાસૂસોએ બાદશાહને ખબર આપ્યા. તાલૂત પોતાની પુત્રી ઉપર ખૂબ નારાજ થયો, તેણે હઝરત મેકલને પૂછ્યું, 'તેં મને દગો કેમ આપ્યો ? ઘરમાંથી મારા દુશ્મનને જવા કેમ દીધો ?'

હઝરત મેકલે જવાબ દીધો, 'મને અહીંથી નીકળી જવા દો નહીંતર હું તમને કતલ કરી નાખીશ. હું ડરને લીધે કંઈ કરી શકી નથી.'

હઝરત દાઊદ (અલયહિસ્સલામ) ભાગીને 'રામી' નામના સ્થળે શમુઅલ નબી પાસે આવી ગયા. તાલુતે તેમનો પીછો કર્યો. જ્યારે તેમને ખબર પડી કે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) 'રામી' શમુઅલ નબી પાસે છે. તો થોડા માણસોને લઈને તે ત્યાં પુગ્યો. હઝરત દાઊદ (અલયહિસ્સલામ) અહીંથી પણ ભાગ્યા અને પોતાની જાન બચાવતા રહ્યા. ધીમે ધીમે તેમણે પોતાની એક ગિરોહ બનાવી લીધી. બીજી તરફ તાલુતે પોતાની પુત્રી અને હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની વફાદાર પત્ની હઝરત મેકલને જબરદસ્તી પોતાની રય્યતમાંના એક યુવાનને જેનું નામ ફલસતીઈલ હતું તેને દઈ દીધી.

હઝરત મેકલ પોતે આ વાતથી ખુશ નહોતી, પરંતુ હઝરત દાઊદ (અલયહિસ્સલામ)નો વિયોગ તેના માટે બહુ બોજારુપ સાબિત

થયો; તેને બેહદ સદમો લાગ્યો. આ વખત દરમ્યાન તાલુત અને તાલુતના મરણ પછી તેના ખાનદાનથી હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની લડાઈ બરાબર થતી જ રહી. હઝરત દાઊદ (અલયહિસ્સલામ) દિન-બ-દિન જોર પકડતા જતા હતા અને તાલુતની તાકાત ઓછી થતી, તે ત્યાં સુધી કે તેઓ કંટાળી ગયા હતા. તાલુત પછી સિપેહ સાલાર અનીરે તેના પુત્ર ઈશયુમતને બાદશાહ બનાવી દીધેલ હતો અને તે પણ હઝરત દાઊદ (અલયહિસ્સલામ)થી હમેશ માર જ ખાતો રહ્યો. છેવટે અનીરે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) પાસે પોતાનો કાસિદ મોકલ્યો કે અમારા સાથે સુલેહ કરી લીયો. રાજ્ય તમારું અને હું તમને મારી તાકતથી મદદ કરતો રહીશ. અને બધા જ ઇસરાઈલીયોને આપના તાબે કરવા દઈશ. હઝરત દાઊદે (અલયહિસ્સલામ) તેની દરખાસ્ત મંજુર ફરમાવી; પરંતુ એ શરતે કે તમે રૂબરૂ આવો અને તાલુતની પુત્રી હઝરત મેકલને પણ સાથે લાવો. ત્યારપછી હઝરત દાઊદે (અલયહિસ્સલામ) ઈશયુમત પાસે કાસિદ મોકલ્યો કે, મારી પત્ની હઝરત મેકલને ફલસતીનીઓના બસો માથાના બદલામાં મેળવી છે. તેને મારે હવાલે કરી દો. ઇસ્યુમતે તેજ વખતે પોતાના માણસો મોકલીને ફલસતીઈલ બિનલેસ પાસેથી હઝરત મેકલને તેડાવી લીધી. પરંતુ તેના નવા પતિને હઝરત મેકલની જુદાઈ પસંદ નહોતી; તે તેમના પાછળ બજુરમ સુધી રડતો રડતો આવ્યો. અનબીરે તેને કહ્યું કે તું પાછો ચાલ્યો જા. તારી કોઈ કોશિશ કામ નહીં આવે. છેવટે તે નિ:સાસા ભરતો પાછો ચાલ્યો ગયો અને હઝરત મેકલ હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની ખિદમતમાં રહેવા લાગી; પોતાનો વહાલો, બહાદુર પતિ આજે તમામ સરઝમીને બની ઇસરાઈલનો બાદશાહ છે, એ જોઈને મેકલની ખુશીનો પાર ન રહ્યો. તે એક ભાગ્યશાળી મલેકા તરીકે તેમના મહેલમાં પોતાના દિવસો પસાર કરતી હતી.

થોડા દિવસો પછી અનબીર અને ઈશયુમત પ્રજાના એક

કાવતરામાં માર્યા ગયા. હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને રંજ થયો. હવે તેઓ સ્વતંત્ર બાદશાહ બન્યા. જ્યારે આ સલતનત તેમને મળી ત્યારે તેમની ઉંમર ૩૦ વરસની હતી. તેમણે ૪૦ વરસ બાદશાહત કરી. બસરૂનમાં સાડા સાત વરસ યહૂદા અને યરૂસ્સલમમાં બધા બની ઇસરાઈલીઓ ઉપર ૨૩ વરસ. જ્યારે ફલસતીનીઓએ સાંભળ્યું કે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) બધા બની ઇસરાઈલીયોના બાદશાહ થઈ ગયા છે, તો તેઓ મોટા લશ્કર સાથે ચડી આવ્યા અને ફાનયુનની આજુબાજુ ફેલાઈ ગયા. હઝરત દાઊદે (અલયહિસ્સલામ) ૩૦ હજાર ઇસરાઈલીયોને એકઠા કરી પાછળથી હુમલો કરી દીધો; તેમને ઘેરી લઈને ખૂબ માર માર્યો અને પુષ્કળ માલે ગનીમત લઈને પાછા ફર્યા, આ ફતેહથી તેમને બહુ જ ખુશી થઈ. આ લોકો વાજા વગાડતા અને ખુશીયો મનાવતા શહેરમાં દાખલ થયા. જ્યારે હઝરત દાઊદે (અલયહિસ્સલામ) એક વિજેતાની હેસિયતથી શહેરમાં પ્રવેશ કર્યો, ત્યારે તેમની પત્ની હઝરત મેકલ બારીમાંથી જોઈ રહી હતી. તેણે જોયું કે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) બાદશાહ (પોતાના ખુદા આગળ) નાચતા-કુદતા આવી રહ્યા છે તો હઝરત દાઊદે (અલયહિસ્સલામ) શહેરમાં પહોંચીને કુરબાનીઓ કરી અને અલ્લાહતઆલાનો શુક્ર અદા કર્યો. જ્યારે પોતાના ઘરવાળાઓને બરકતો આપવા મહેલની અંદર આવ્યા તો હઝરત મેકલ (તેમની પત્ની) તેમના સ્વાગત માટે આગળ આવી અને તેણીએ કહ્યું, બની ઇસરાઈલનો બાદશાહ આજે કેવો શાનદાર લાગે છે, પરંતુ તાજુબ છે કે તેણે પોતાના નોકરો, લૉંડીયો વગેરે સામે એવી વાહિયાત હરકત કરી જે એક સામાન્ય માણસ કરે છે.' હઝરત દાઊદે (અલયહિસ્સલામ) કહ્યું, 'તે રબ, જેણે તારા બધા ઘરવાળાઓ અને તારા બાપના મુકાબલામાં મને પસંદ કર્યો અને બની ઇસરાઈલનો બાદશાહ બનાવ્યો, હું તો ખુદાની આગળ ખૂબ નાચીશ અને તેના સામે વધુ ઝલીલ થઈશ અને મારી નજરમાં મારા નફસને એનાથી

વધારે કમીનો બનાવીશ. પરંતુ તેં જે લોંડીયોની વાત કરી, તેના સામે બા-ઈઝઝત અને શાનદાર બનીને રહીશ. તે દિવસથી તે પોતાના પતિ તથા ખુદાની સામે ઝલીલ થઈ ગઈ. અને આ ગેરવર્તણૂંકનું પરિણામ એ આવ્યું કે તેના મરતા દમ સુધી હઝરત દાઊદ (અલયહિસ્સલામ)થી તેને કોઈ ઔલાદ થઈ નહીં. ઔલાદનું ન થવું એ હકીકતમાં એક મહાન નેઅમતથી મેહરુમી અને બદનસીબી છે.

* * *

## હઝરત અબીજીલ (રદિયલ્લાહો અન્હા)
## (ઝવજએ હઝરત દાઊદ અલયહિસ્સલામ)

તાલૂતના ખૌફથી હઝરત દાઊદ (અલયહિસ્સલામ) જ્યાં ત્યાં ફરતા હતા ત્યાં સુધી અલ્લાહ તઆલાએ હુકુમત અને નબુવ્વત અર્પણ કરી નહોતી. ત્યાં સુધી તેઓ ક્યાંય પણ પગ જમાવી પણ શક્યા નહીં. શમુઈલ નબી હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના તરફદાર હતા અને જ્યારે અલયસઆ બિન અખતુબ નબી પાસે પહોંચીને જ્યારે હઝરત દાઊદે (અલયહિસ્સલામ) પોતાની મજબૂરીઓ કહી સંભળાવી તો તેઓ પણ હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના મદદગાર બની ગયા. તે સિવાય અમુક સોની સંખ્યામાં નવજવાનોનું એક મંડળ પણ તેમની આગેવાની નીચે ઉભું થયું. તે હમેશા હઝરત દાઊદ (અલયહિસ્સલામ) માટે પ્રાણાર્પણ કરવા તૈયાર હતું. તે બધા બહાદુર, હિમ્મતવાન અને ખડતલ સૈનિકો જેવા હતા. તેઓ ગમે ત્યાં ગયા અને લડાઈના સંજોગો ઉભા થયા ત્યારે અલ્લાહ પાકે હમેશા તેમનેજ ગાલિબ રાખ્યા. એજ અરસામાં હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના મોટા હિમાયતી હઝરત શમુઈલ નબીનો ઈન્તેકાલ થયો.

આથી બની ઇસરાઈલ ખૂબ જ રડ્યા અને શમુઈલ નબીને તેમનાજ ઘરમાં દફન કર્યા. ત્યાંથી હઝરત દાઊદ (અલયહિસ્સલામ)

ફારાનના જંગલમાં ઉતરી ગયા. ત્યાં નાબાલ નામે એક માણસ રહેતો હતો, મઉનમા તે રહેતો હતો અને કરમલમાં તેનું મોટું કામકાજ હતું. તે દોલતમંદ પણ હતો, તેની પત્નીનું નામ અબીજીલ હતું. આ ઔરત બહુજ સમજદાર, ખુશ મીજાજ અને સ્વરૂપવાન હતી. તેના ઉમદા ચારિત્ર્યના કારણે તેની કદર કીંમત બહુ હતી અને તેને માન મરતબાથી રાખવામાં આવેલ હતી, પણ નાબાલ બહુજ સખત દિલનો તેમજ બદકાર હતો. તેનો સંબંધ કાલબ ખાનદાનથી હતો. તેણે અબીજીલનું દિલ ખુશ નહોતું કર્યું, છતાં તે નાબાલની ખેર ખ્વાહ હતી.

હઝરત દાઊદે (અલયહિસ્સલામ) ફારાનથી દસ યુવાનોને કરમલ નાબાલ પાસે મોકલ્યા; હઝરત દાઊદે (અલયહિસ્સલામ) તેમને કહ્યું કે, નાબાલને કહેજો કે તમારા ઢોરોના ધણ અને ચરાવનારા અમારા સાથે હતા. અમે તેમને કોઈ જાતની હરકત આવવા દીધી નથી. હવે તમારાથી બની શકે તો મહેરબાની કરીને તમારા ખાદિમો અને તમારા બેટા દાઉદને અતા કરો. નાબાલે એના જવાબમાં કહેવરાવ્યું કે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) યશીનો દીકરો કોણ છે ? ઘણા નોકરો પોતાના આકાએથી બગાડીને ભાગી જાય છે. શું અમે અમારા રોટી પાણી અને અમારા ઢોર, જેમને ઓળખતા નથી કે તેઓ કોણ છે, તેમને કોઈ કારણ વગર કેમ દઈએ.

તે દશ યુવાનો પાછા આવ્યા. નાબાલનો આવો ઉદ્ધત જવાબ સાંભળી હઝરત દાઊદે (અલયહિસ્સલામ) બધાને પોતપોતાની તલવારો બાંધવાનો હુકમ આપ્યો કે તૈયાર થઈ જાવ. હઝરતે પોતે પણ તલવાર કમ્મરે બાંધી. ચારસો જવાનો રવાના થયા અને બસો સરસામાન પાસે રોકાયા. આ જવાનોમાં નાબાલના ધણવાળા પણ હતા. તેમાંના એકે તરત જ આગળ જઈને અબીજીલને ખબર આપી કે, હઝરત દાઊદે (અલયહિસ્સલામ) પોતાના માણસ મોકલીને અમારા આકાને મુબારકબાદીનો પયગામ મોકલ્યો હતો.

પરંતુ તેણે બહુ ગેરવર્તાવ કર્યો. જો કે હઝરત દાઊદે (અલયહિસ્સલામ) અમને કોઈ જાતનું નુકસાન નહોતું કર્યું. તેમણે તો અમારા સાથે ભલાઈ જ કરી હતી, હવે અમારા આકા અને તેમના ઉપર બલા નાઝિલ થવાની છે, તમે કોઈ બચાવનો માર્ગ વિચારો. હઝરત દાઊદ (અલયહિસ્સલામ)નો રોબ અને જલાલ એવો છે કે તેમના સામે કોઈ વાત સુદ્ધાં નથી કરી શકતું. તેઓ જે ચાહે છે કરે છે, અબીજીલ આ સાંભળી તરત જ ઉભી થઈ ગઈ. તેણે બસો રોટલી, બે શરાબના મશકીઝા, પાંચ બકરાનું ગોશ્ત અને ખાવાની બીજી ઘણીઈ વસ્તુઓને ખચ્ચર ઉપર લાદીને પોતાના માણસોને રવાના કર્યા અને પાછળ પોતે ગઈ, તે પોતાના પતિથી છુપી રીતે રવાના થઈ અને તેણે હઝરત દાંઊદ (અલયહિસ્સલામ) અને તેમના માણસોનું સ્વાગત કર્યું. હઝરત દાઊદે (અલયહિસ્સલામ) અબીજીલને કહ્યું, 'જે કંઈ આ જંગલમાં છે. અમે કોઈપણ જાતના સ્વાર્થ વગર તેનું રક્ષણ કર્યું છે, કોઈપણ વસ્તુને નુકશાન કર્યું નથી. પરંતુ નાબાલે નેકીનો બદલો બદીથી આપ્યો. પોહ ફાટવા સુધી હું એક જાનદારને પણ છોડી મુકું તો ખુદા હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના દુશ્મનોની સાથે એ જ પ્રમાણે કરે. બલકે એનાંથી વધુ. અબીજીલ ખચ્ચર ઉપરથી ઉતરી હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના કદમોમાં પડી ગઈ અને અરજ કરી, મારા આકા, ફક્ત મારા ઉપર જ એ ગુનાહની જવાબદારી રાખો. આપની આ લોંડી આપના કાનમાં કંઈક અરજ કરવા ચાહે છે, આપ રજા આપો. મહેરબાની કરીને તેની અરજ સાંભળો. પછી આ મુંજબ અરજ કરી, 'હે આકા, એ નાલાયક માણસની વાતોમાં ઓછું ન લગાડો, દિલ ઉપર રંજ ન લાવો. એનું નાબાલ (એહમક-મૂર્ખ) જેવું નામ છે, તેવી જ તેની લાયકાત છે. તેની વાતો કે વર્તાવ ઉપર ધ્યાન નહીં આપવા હું આપને અરજ કરૂં છું. મેં આપના સંદેશ વાહકોને જોયા જ નહોતા, નહીંતર આ બાબત બનત જ નહીં. હવે આપની આ લોંડી જે કંઈ ભેટો આપની ખિદમતમાં લાવી છે, તેને કબુલ કરો અને આપના જવાનોમાં તે વહેંચી આપો અને આ લોંડીની

બદતમીઝીથી દરગુજર ફરમાવો. ખુદા આપનો મદદગાર છે અને રહેશે. ખુદા જ્યારે હુઝુરને બની ઇસરાઈલનો સરદાર બનાવવાની મહેરબાની કરે, ત્યારે આપની આ કનીઝને યાદ કરશો એવી વિનંતી છે.' હઝરત દાઊદ (અલયહિસ્સલામ) અબીજીલને કહ્યું, બની ઇસરાઈલનો ખુદા મુબારક અને મહેરબાન છે. જેણે તને મારા સ્વાગત માટે મોકલેલ. તું પોતે મુબારક છો અને તારી બુદ્ધિ બહુ સારી છે, કેમકે તેં મને ખુનરેજી અને બદલો લેવાથી બચાવી લીધેલ છે. જો તું જલ્દી આવી ન હોત તો નાબાલનો એક જાનવર પણ બચવા પામત નહીં.'

હઝરત દાઊદે (અલયહિસ્સલામ) પછી ભેટ સોગાતોનો સ્વીકાર કર્યો અને અબીજીલને જવાની રજા આપી.

અબીજીલે ઘરે આવી તો જોયું કે નાબાલ તો દારૂના નશામાં ચકચૂર છે. અબીજીલે તેને કંઈ પણ કહ્યું નહીં અને જઈને સૂઈ ગઈ. સવારે જ્યારે નાબાલનો નશો ઉતરી ગયો ત્યારે અબીજીલે તેને બધી વાતથી વાકેફ કર્યો. આ બધું સાંભળી તેનું સખત દિલ નરમ પડી ગયું અને તે પુતળાની માફક ખામોશ થઈ ગયો. તે દિવસથી તે ચુપ થઈ ગયો. અને એ જ હાલતમાં દસેક દિવસ પછી તે મરણ પામ્યો. જ્યારેં હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને આ સમાચાર મળ્યા, તો તેમણે ખુદાનો શુક્ર અદા કર્યો. તેણે (નાબાલે) હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની બેઈઝ્ઝતી કરી હતી તેનો બદલો તેને મળી ગયો. પછી હઝરત દાઊદે (અલયહિસ્સલામ) અબીજીલને નિકાહનો પયગામ મોકલતાં અબીજીલે સિજદામાં પડી ખુદાનો શુક્ર અદા કર્યો અને આગંતુકોને કહ્યું, 'આ લોંડી પોતાના આકાના ગુલામોના પગ ધોવા હાજર છે.' પછી અબીજીલ એક ખચ્ચર ઉપર સવાર થઈ અને પાંચ નવજવાન છોકરાઓને પણ સાથે લઈને હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની ખિદમતમાં પહોંચી. તે પોતાના ભાગ્ય ઉપર બહુજ ખુશ હતી.

હઝરત દાઊદે (અલયહિસ્સલામ) તરત જ તેને પોતાના

નિકાહમાં લઈ લીધી, અને આગળ વધીને 'યઝીરએલ'નો પ્રદેશ લઈ લીધો. 'યઝીરએલ'માં હઝરત દાઊદે (અલયહિસ્સલામ) એક 'અખનુ અમ' નામની ઔરત સાથે નિકાહ કર્યા. અહીંથી બન્ને પત્નીઓને સાથે લઈને હઝરત દાઊદ (અલયહિસ્સલામ) રવાના થયા. તાલુત તે અરસામાં તેમની જ શોધમાં હતો. ક્યાંક ક્યાંક બન્ને વચ્ચે 'ઝડપ' પણ થઈ જતી હતી, પરંતુ તાલૂતનો દાવ સીધો નહોતો પડતો. હઝરત દાઊદે (અલયહિસ્સલામ) કેટલીકવાર તાલૂત ઉપર સરસાઈ મેળવી હતી અને જો હઝરત દાઊદ (અલયહિસ્સલામ) ઇચ્છતે તો તેને કતલ પણ કરી શકતા હતા, તેવી તક સાંપડવા છતાં તેમણે તાલૂતને દરેક વખતે છોડી દીધો હતો. હઝરત દાઊદ (અલયહિસ્સલામ) તાલુતના મલીન ઇરાદા અને તેના પરિણામથી બે ખબર નહોતા, તેઓ સમજતા હતા કે લાગ મળ્યે તાલુત મને (હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને) છોડવાનો નથી માટે શ્રેષ્ઠ માર્ગ એ છે કે, મારે ફલસ્તીનીઓની ધરતી ઉપર કાયમી વસવાટ કરવો; પરિણામે તાલુત મારાથી નિરાશ થઈ જશે અને બની ઇસરાઈલની હદમાં મને નહીં જુએ તો શાંત થઈ જશે અને મને પણ રાહત મળી જશે. હઝરત દાઊદ (અલયહિસ્સલામ) પોતાની બન્ને પત્નીઓને લઈને બાદશાહ મઉકના પુત્ર અખીશની પનાહ (આશ્રય)માં આવી ગયા. તેમના સાથીઓ પણ પોતાના બાલ બચ્ચાઓ સહિત સાથે હતા. અખીશ 'જાત' નામે એક સ્થળે રહેતો હતો. તાલુતને ખબર પડી કે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) નાશીને 'જાત' તરફ જઈ રહ્યા છે; એ સાંભળીને તે પૂર્ણ ઠંડો પડી ગયો. હઝરત દાઊદે (અલયહિસ્સલામ) અખીશને દરખાસ્ત કરી કે, મને તમારા મુલકમાં કોઈ સ્થળ આપો કે હું ત્યાં વસવાટ કરી શકું. અખીશે હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને 'સકલા જ શહેરમાં આબાદ થવા કહ્યું.' હઝરત દાઊદ (અલયહિસ્સલામ) ત્યાં એક વરસ અને ચાર મહિના રહ્યા. ત્યાંથી હઝરત દાઊદ અલયહિસ્સલામ અને તેમના સાથીઓએ 'જશુરીયુન' 'જઝુરીયુન'

અને 'અમાલી ક્યુન' ઉપર હુમલા કર્યા. એ લોકો સોરના માર્ગથી લઈને મીસરની હદ સુધી પહેલાથી જ વસેલા હતા.

હઝરત દાઊદ અલયહિસ્સલામે તે ધરતીનું કચ્ચરઘાણ બોલાવેલ અને 'જશોર' બાદશાહની પુત્રીને પોતાની પત્ની તરીકે અપનાવેલ અને ખુબ જ માલે ગનીમત લઈને 'સકલાજ' પાછા આવી ગયા. આ પછી બહુ ટૂંક સમયમાં ફલસતીનીઓએ બની ઇસરાઈલીઓથી લડવા માટે પોતાનું લશકર એકઠું કરવાનું શરૂ કર્યું. હઝરત દાઊદ અલયહિસ્સલામે અખીશને કહ્યું કે, બની ઇસરાઈલીયો સાથેની લડાઈમાં તમારે પણ મને સાથ દેવો પડશે. બન્ને સંમત થયા. ફલસતીનીઓનું લશ્કર 'અફીક'માં એકઠું થયું અને બની ઇસરાઈલીઓ એ 'યઝીરએલ'ની ધરતી ઉપર એક ઝરણા પાસે પડાવ નાખ્યો. પરંતુ ફલસતીનીઓની સરદારે હઝરત દાઊદ અલયહિસ્સલામ અને તેમના લશ્કરને અખીશની સાથે જોયા તો તેને ઠીક લાગ્યું નહીં. તેણે કહ્યું કે, આ ઈબરાનીયોનું અહીં શું કામ છે ?' એવું ન થાય કે લડાઈના ટાંકણે જ આ લોકો અમારાથી બેવફાઈ કરે.' તેથી અખીશે હઝરત દાઊદ અલયહિસ્સલામને બોલાવીને કહ્યું કે, 'અમારા અમીરો તમારા લોકોથી રાજી નથી. આપ આપના ઠેકાણે જાઓ નહીંતર આ લોકો વધારે નારાજ થશે. સવારે તમે બધા પાછા ચાલ્યા જજો. તેથી હઝરત દાઊદ (અલયહિસ્સલામ) પાછા ફરી ગયા. પરંતુ આપ ત્રીજા દિવસે સકલાનેજ પહોંચે તે પહેલાં તો 'અમાલીકી'ઓએ ઉત્તર તરફથી ચડાઈ કરી સકલાજને આગ લગાડી દીધી હતી અને બધી ઓરતનો કેદી બનાવીને લઈ ગયા, કોઈને કતલ કર્યા નહોતા. આ કેદીઓમાં હઝરત દાઊદ અલયહિસ્સલામની બન્ને પત્નીઓ પણ કેદી બનાવવામાં આવી હતી. હઝરત દાઊદ (અલયહિસ્સલામ) બહુજ પરેશાન થયા, એક નવી મુસીબતનો સામનો હતો. આ બધી મુસીબતો હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના કારણે જ આવી છે માટે તેમને જ શિક્ષા કરવી જોઈએ. એમ કેટલાક લોકો કહેવા લાગ્યા. હઝરત દાઊદે

(અલયહિસ્સલામ) તેમને દિલાસો આપીને શાંત પાડ્યા. ત્યારબાદ અલસઈ (અઝીમબક)ના પુત્ર અને અબી આથર કાહીનની સલાહથી તેમજ એક અમાલીકીની મદદથી પોતાની જમાત (લશ્કર) સાથે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) તેમના ઉપર (અમાલીકીઓ ઉપર) તુટી પડ્યા. સવારથી સાંજ સુધીમાં તેમને સાફ કરી નાખ્યા; તેમાંથી ૪૦૦ માણસો જાન બચાવીને નાશી ગયા. આ રીતે હઝરત દાઉદે (અલયહિસ્સલામે) પોતાની તમામ ઔરતો અને બધો સરસામાન પાછો લઈ લીધો. તેમની કોઈ પણ વસ્તુ ઓછી થઈ નહીં. પોતાની બન્ને પત્નીયોને પણ છોડાવી બધા સકલજ પાછા આવ્યા. અહીં થોડા દિવસ આરામ કરી, ત્યાંથી રવાના થઈ 'યહૂદાહ'ના ગામો ઉપર ચઢાઈ કરી અને 'જસરૂન'માં આવ્યા. ત્યારે અખનુઅમ અને હઝરત અબીજીલ બન્ને પત્નીયો સાથે હતી. બધા સાથીઓના બાલબચ્ચા પણ સાથે હતા. યહૂદાહના લોકોએ બધાનું સ્વાગત કર્યું ને પોતાના ખાનદાનના બાદશાહ બનાવ્યા. (હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને) અને તેમને સાવલ (તાલુત)ના મરણના ખબર આપ્યા. જસરૂનમાં હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને ત્યાં ઘણાં સંતાનો થયાં. પહેલા છોકરાનું નામ 'ખનુઅમ' તે 'નીરાઈલ'ના પેટે પૈદા થયો હતો. બીજો પુત્ર 'અકીલાબ' 'અબીજીલ'ના પેટે અવતર્યો હતો. ત્રીજો પુત્ર 'અસલુમ' તે તલમી બાદશાહ 'જસુર'ની પુત્રી 'મેહકા'ના પેટથી હતો. ચોથાનું નામ 'ઓદીના' તેની માતાનું નામ 'હજીયત' હતું. પાંચમો પુત્ર 'સફતીયા' તેની માતાનું નામ 'અબીતાલ' હતું. છઠ્ઠો 'શરઆમ' તેની માતાનું નામ 'અજલતા' હતું. પરંતુ એ જાણી શકાયું નથી કે 'હજીયત', 'અબીતાંલ' અને 'અજલતા' ને હઝરત દાઊદે (અલયહિસ્સલામ) પોતાના નિકાહમાં ક્યારે લીધી હતી અને તેઓ ક્યાંની રહેવાસી હતી. પરંતુ લાગે છે કે ઘણે ભાગે એ ઔરતો જસરૂનની જ હશે, જેમને આપની 'પત્નિ'યો બનવાની ઈઝ્ઝત હાસિલ થઈ હતી, એ પછી બની ઇસરાઈલીયોના અલગ અલગ કબીલાઓના સરદારો હઝરત દાઊદ

(અલયહિસ્સલામ) પાસે આવ્યા અને બધાએ સર્વાનુમતે હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને પોતાના બાદશાહ સ્વીકાર્યા, અને તેમને યરૂસલમ લઈ ગયા. જસરૂનથી યરૂસલમમાં આવી હઝરત દાઊદે (અલયહિસ્સલામ) વખત જતાં સંજોગાનુસાર બીજી પત્નિયો અને લોંડીયો બનાવી. તેમનાથી હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને ત્યાં પુત્ર-પુત્રીઓ થયાં. તેમના અગીઆર પુત્રોના નામ આ પ્રમાણે છે : શમુ, સોબાઅ, તાસન, સુલેમાન, બરઅલયુ, નફજ, બફીહ, અલયસઅ, અલયદાઅ, અલીફત અને ચાર પુત્રીઓ થઈ હતી.

* * *

## હઝરત તસબઅ (રદિયલ્લાહો અન્હા)
## (ઝવજએ હઝરત દાઊદ અલયહિસ્સલામ)

હઝરત 'તસબઅ' (રદિયલ્લાહો અન્હા) હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની તે પત્નીઓમાંથી છે. જેના સાથે આપે જરૂનથી યરૂશલમ આવીને નિકાહ કરેલ હતા. આપના સુપુત્ર હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની ખુશ-કિસ્મત માતા તે જ આ 'તસબઅ' (રદિયલ્લાહો અન્હા) છે. જેમના પતિ અને પુત્ર બન્નેને અલ્લાહની મહેરબાનીથી તમામ દુનિયાની બાદશાહત મળી હતી, એક સ્ત્રી માટે આનાથી વધીને ઈઝ્ઝતની બીજી કઈ વાત હોઈ શકે ? પહેલાં તેઓ એક ગરીબ સિપાહીના પત્નિ હતા. તેમના પિતાનું નામ 'અલઆમ' અને પતિનું નામ 'ઓરયા' હતું. આ માણસ દારુલ ખલીફાના હુકમથી ઘણી લડાઈઓ લડ્યો હતો. કિસ્મતની વાત છે કે 'ઓરયા' એક લડાઈમાં માર્યો ગયો. ત્યારપછી હઝરત 'તસબઅ' (રદિયલ્લાહો અન્હા)ને અલ્લાહપાકે હઝરત દાઊદ અલયહિસ્સલામની માનીતી બીવી બનવાની ઈઝ્ઝત અતા કરી, ઘણી સુંદર અને અક્કલમંદ ઓરત હતી. તેનું ઘર હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના મહેલ પાસે હતું. થોડા વખત

પછી બની અમુનના મુકાબલા (સામના) માટે યુઆબ સિપેહ-સાલારની કમાન્ડમાં શાહી ફોજ મોકલવામાં આવી. તેમાં 'ઓરયા' પણ હતો. તે બહાદુરીથી લડ્યો પણ કઝા આવી પહોંચી હતી; કેટલાયને માર્યા પછી પોતે પણ પડ્યો. મેદાને જંગમાંથી ખબર આવ્યા કે 'ઓરયા' માર્યો ગયો છે. આ સમાચાર સાંભળીને હઝરત 'તસબઅ' (રદિયલ્લાહો અન્હા)ને બહુ રંજ થયો. તેણે કેટલાક દિવસો સુધી શોક પાળ્યો. હઝરત દાઊદે (અલયહિસ્સલામ) તેને બોલાવીને આશ્વાસન આપ્યું. શોક પૂરો થયા પછી હઝરત દાઊદે (અલયહિસ્સલામ) નિકાહનો પયગામ મોકલ્યો. હઝરત તસબએ (રદિયલ્લાહો અન્હા) તે મંજુર કર્યો અને ખુશી ખુશી હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના ઝનાનામાં દાખલ થઈ ગઈ. થોડા દિવસો પછી તેને એક પુત્ર અવતર્યો. જે બીમાર થઈને હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની દુઆઓ છતાં-સાત દિવસ પછી ઇન્તેકાલ કરી ગયો. હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને તેનાથી ખૂબ પ્રેમ હતો, હઝરત દાઊદે (અલયહિસ્સલામ) સબ્ર કર્યો અને પોતાની પત્નિને પણ દિલાસો આપ્યો. થોડા સમય પછી હઝરત 'સુલેમાન'નો જન્મ થયો. હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) માતા અને પિતા બન્નેનો લાડકવાયા હતા. નાતન નબીએ ખબર આપી કે, અલ્લાહ તઆલાને હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) બહુ મેહબૂબ છે અને તેનું નામ 'યદીબદીયા' રાખ્યું છે. 'યદીબદીયા' એટલે 'મેહબૂબે ખુદા.'

હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને તેમની પત્નિથી બહુ જ મોહબ્બત હતી, તેના નાઝ ઉઠાવવામાં આપ કશી કચાશ રાખતા નહોતા. અને તેના પુત્ર સુલેમાન (અલયહિસ્સલામ)થી પણ તેમને ખુબ જ પ્રેમ હતો. એક વખતે હઝરત 'તસબએ' હઝરત દાઊદ (અલયહિસ્સલામ) પાસે વચન લઈ લીધું કે, તેમના (હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના પછી તેમના તખ્તો-તાજનો માલિક અને બની-ઇસરાઈલનો બાદશાહ (હઝરત) સુલેમાન (અલયહિસ્સલામ) બનશે. હઝરત દાઊદે (અલયહિસ્સલામ) પોતાની હયાતિમાં જ હઝરત

સુલેમાન (અલયહિસ્સલામ) માટે પ્રમુખપદ અને વલી અહદનો બંદોબસ્ત કરી દીધો. તેમના પછી બાદશાહ હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) થશે તેમ નક્કી થયું. આ બંદોબસ્ત તસબઅના માટે બહુ જ ખુશીનો હતો અને તે તેમના ઉજ્જવળ ભાવિની એક નિશાની રૂપ હતું.

હઝરત દાઊદ અલયહિસ્સલામ બહુજ ઝઈફ (વૃદ્ધ) થયા તો અમુક શુભેચ્છકોએ તેમની સેવા માટે એક કુંવારી છોકરીને રાખવી તેમ નક્કી કરી. બની ઇસરાઈલમાંથી એક સ્વરુપવાન અને યુવાન છોકરી મળી ગઈ. તેનું નામ 'શુખમનત અબી શાગ' હતું. તેને બાદશાહની ખિદમત અને ખબરગીરી માટે મુકરર કરવામાં આવી. એક તરફ હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની આવી હાલત હતી, ત્યારે બીજી તરફ તેમનો ખુબસૂરત પુત્ર ઉદીના (ઓદીના) બગાવત પર ઉતરી આવ્યો અને ૫૦ માણસોને એવી રીતે તૈયાર કર્યા. જે આખા રાજ્યમાં ઉદીનાને બાદશાહ તરીકે જાહેર કરે અને રાજ્યમાં તેની આણ ફેલાય તે માટે પ્રયાસો કરે, પોતાની સવારી માટે એક ખાસ ગાડી તૈયાર કરાવી. તેની આ કોશિષમાં વગદાર લોકોનો એક સમુહ તેની તરફેણમાં હતો; તે એટલે સુધી કે યુઆબ અને અબીતીર કાહેન જેવા પણ તેની સાથે હતા. પરંતુ નાતન નબી અને સદુક કાહીન અને હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના જુના સાથીઓએ તેને સાથ આપ્યો નહીં અને સુલેમાન માટે તખ્ત અને હુકુમત માટે પોતાને ટેકો જાહેર કર્યો. એક દિવસ 'ઉદીના' એ ઘણી બધી કુરબાનીઓ કરી અને પોતાના ભાઈઓ અને યહૂદા-ખાનદાનના લોકોને જે શાહી ખાનદાનના નોકર હતા તે બધાને દા'વત દીધી. પણ નબાયા કાહીન અને નાતન નબી અને હઝરત દાઊદ (અલયહિસ્સલામ) અને હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ના બહાદુર સાથીઓને તેડાવેલ નહીં. આ એક મહત્ત્વનો બનાવ હતો, તેના પ્રત્યે બેદરકારી કરવાથી ઘણી મોટી ખરાબીઓ પેદા થવાની પૂરેપૂરી સંભાવના હતી. નાતન નબીએ હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની માતા જે બહુ જ બુદ્ધિશાળી

ઔરત હતી, તેનો સંપર્ક સાધી તેને કહ્યું, 'હજીમતનો પુત્ર ઉદીના બંડખોર બન્યો છે અને તેણે રાજ્ય માટે પોતાનો દાવો જાહેર કર્યો છે. તેની શાયદ આપને ખબર નથી. હવે તમે તમારી અને હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની સલામતિ ઇચ્છતા હો તો તમે હિંમત કરીને હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની સેવામાં હાજર થઈ અરજ કરો કે, 'મારા આકા, મારા સરતાજ શું તમેં આ લોંડીને પ્રતિજ્ઞા પૂર્વક વચન નથી આપ્યું કે આપના પછી આપનો પુત્ર હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) બાદશાહત કરશે અને તેજ તખ્ત ઉપર બેસશે. જ્યારે આજે પરિસ્થિતિ એ છે કે ઉદીના હકુમત કરી રહ્યો છે. હુઝુરને શાયદ પોતાનું વચન યાદ નહીં હોય." નાતન નબીએ કહ્યું કે તમે જ્યારે હઝરત દાઊદ (અલયહિસ્સલામ) સાથે આ પ્રમાણે અરજ અહેવાલ કરતા હશો તો હું તમારી પાછળ હઝરત દાઊદ (અલયહિસ્સલામ) સમક્ષ આવી પહોંચીશ અને તમારી વાતને ટેકો આપીશ. અક્કલમંદ હઝરત તસબઅ (રદિયલ્લાહો અન્હા) હિમ્મત કરીને તે જ વખતે તૈયાર થઈ અને હઝરત દાઊદ (અલયહિસ્સલામ) જેવા રોબ-પ્રભાવશાળી બાદશાહ પાસે પહોંચી ગઈ. 'શુઅમંનત અબી સાગ' જે બાદશાહની ખિદમતગુઝાર હતી, હાજર હતી. તેના સિવાય બીજું કોઈ નહોતું.

હઝરત તસબએ (રદિયલ્લાહો અન્હા) આગળ વધીને તાઝીમનો સિજદો કર્યો. બાદશાહે કહ્યું, 'ઉભી થા અને શું કહેવા માગે છે તે કહે.' તેણે બહુ ખુબીની સાથે બાદશાહને તેમના વચનની યાદ આપી. અને ઉદીના (ઓદીના)ની દાવતે આમ અને તેમાં નાતન નબી, હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) વગેરેને જાણી બુઝીને આમંત્રણ આપ્યું નહીં વગેરે હકીકતો બાદશાહની સેવામાં રજૂ કરી અને કહ્યું, બધા બની ઇસરાઈલની નજરો બાદશાહ સલામત તરફ લાગેલી છે અને હુઝુરના હુકમનો ઇન્તેજાર છે. એવું ન થાય કે, હુઝુરના પછી આ લોંડી અને હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) ઉપર આફત તુટી

પડે અને તેઓને ગુનેગાર બનાવી દેવામાં આવે. એટલામાં નાતન નબી પણ આવી પહોંચ્યા. બાદશાહને જાણ કરવામાં આવતાં તેમને અંદર બાદશાહ પાસે બોલાવવામાં આવ્યા. હઝરત તસબઅ (રદિયલ્લાહો અન્હા) તે વખતે ત્યાંથી ધીમેથી ખસી ગયા. નાતન નબીએ પણ આવીને હઝરત તસબાએ (રદિયલ્લાહો અન્હા) જે કંઈ કહ્યું હતું, તેની વાતને ટેકો આપ્યો અને ઉદીના જે કંઈ કરી રહ્યો છે, તે હુઝુરના હુકમથી કરે છે કે પોતાની ખુશીથી તે પૂછ્યું અને હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ને કહ્યું કે, "હવે વખત આવી ગયો છે કે આપ આપનું વચન પૂરું કરો."

હઝરત દાઊદે (અલયહિસ્સલામ) તસબઆ (રદિયલ્લાહો અન્હા)ને યાદ કરી અને તેણી તેજ વખતે હાજર થઈ. અદબથી હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની સામે ઊભી રહી.

હઝરત દાઊદે (અલયહિસ્સલામ) કહ્યું, હું ખુદાના કસમ ખાઈને કહું છું કે તારો પુત્ર હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) મારા પછી બાદશાહ બનશે અને ગાદી ઉપર તે જ બેસશે. હું આજે જ તેનો બંદોબસ્ત કરી દઉં છું. આ સાંભળીને તરતજ તે જમીન ઉપર પડીને શુક્ર અદા કરવા પોતાની પેશાની જમીન ઉપર રાખી દીધી. પછી ઊભી થઈને કહેવા લાગી, 'યા અલ્લાહ, મારા આકા, મારા બાદશાહ દાઊદ હમેશા સલામત રહે.' પછી હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને તખ્તનશીન કરવાની કારવાઈ શરૂ થઈ. હઝરત દાઊદે (અલયહિસ્સલામ) નાતન નબી અને નયાબા તથા સદુક કાહીનને સંબોધીને કહ્યું,

'તમે હમણાં જ મારા નોકરોને સાથે લઈને હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને મારા ખાસ ઘોડા ઉપર નીચે હજયુન (દરિયા) સુધી લઈ જાઓ. ત્યાં સદુક કાહીન અને નાતન નબી એનાં માથામાં તેલ લગાડે કે તે બની ઇસરાઈલનો બાદશાહ કબુલ કરવામાં આવે. અને પછી વાજા વગાડતા ઉપર આવો અને હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) મારા તખ્ત ઉપર બેસે અને બધા નાદ બોલાવે કે

'બાદશાહ સુલેમાન ઝીંદાબાદ' આ આજ્ઞા મુજબ દરેક કારવાઈ કરવામાં આવી. બઈતસબાઅની તરકીબ અને પ્રયત્નોથી બધું સહી સલામત પાર ઉતર્યું.

ઉદીનાને જ્યારે આ બધી ખબર પડી તો તે ડરના માર્યો નાશી ગયો. થોડા વખત પછી હઝરત દાઊદ (અલયહિસ્સલામ)નો ઈન્તેકાલ થયો. અને હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) સ્વતંત્ર બાદશાહ બની ગયા. પછી ઉદીના બિન હજીયના હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની માતા તસબઆ (રદિયલ્લાહો અન્હા)ની ખિદમતમાં હાજર થયો. તસબઆ (રદિયલ્લાહો અન્હા)એ પૂછ્યું, 'શું તુ સુલેહ માટે આવેલ છો ?'

તેણે કહ્યું, 'હા અને આપથી બીજી વાત કરવી પણ છે. આપ રજા આપો તો કહું. 'તસબએ (રદિયલ્લાહો અન્હા) કહ્યું, 'જે કંઈ કહેવું હોય કહો.' તેણે કહ્યું, 'એ તો આપને ખબર છે કે, હુકુમતનો હક્ક મારો હતો અને બનીઈસરાઇલીઓ મારી તરફેણમાં હતા. પરંતુ ખુદાને જે મંજુર હતું તે થયું. હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) બાદશાહ થયા તેની મને શિકાયત નથી; પરંતુ હવે એક અરજ છે અને તેનો ઈન્કાર કરવામાં ન આવે અને તે એ કે અબી સાગ શમુનીયતના નિકાહ મારા સાથે કરી દેવામાં આવે. તમે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને ભલામણ કરીને આ કામ કરાવી દો, મને આશા છે કે તમે મારી આ દરખાસ્ત રદ નહીં કરો."

હઝરત તસબઆ (રદિયલ્લાહો અન્હા)એ કહ્યું કે, "હું તારા માટે બાદશાહ પાસેથી અબી સાગ સમુનીયતને માગીશ."

ત્યારબાદ હઝરત તસબએ (રદિયલ્લાહો અન્હા) હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) પાસે આવ્યા. હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) સ્વાગત માટે ઉભા થયા અને પોતાની બાજુમાં ખુરશી ઉપર બેસાડ્યા.

હઝરત તસબઅ (રદિયલ્લાહો અન્હા)ને કહ્યું, 'મારા મહેરબાન માતાજી ફરમાવો. હું આપની વાતને રદ નહીં કરૂં.'

હઝરત તસબએ (રદિયલ્લાહો અન્હા) કહ્યું કે, "અબી સાગે

સમુનીયતના તમારા ભાઈ ઉદીનાથી નિકાહ કરી આપો. તો મને ખુશી થશે." આ સાંભળી હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને ગુસ્સો આવ્યો. તેમણે ઉદીનાનું નામ સાંભળીને કહ્યું કે, "તમે ફક્ત અબી શમુનીયતને જ ઉદીના માટે શા માટે માગો છો સાથે બાદશાહત પણ માગો કારણ કે તે હકદાર છે, મોટો ભાઈ છે.' અને તે હકદાર પણ થઈ શકે છે.' પછી હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) કહ્યું, ઉદીનાએ મારા વિરુદ્ધ તમને જે કંઈ વાત કરી છે. તે કોઈ નવી ચળવળના હિસાબે તો નથી કરીને ! તો તેને ખુદા સમજે અને એનાથી વધુ બદલો લે. પરંતુ હું ખુદાના કસમ ખાઈને કહું છું કે તે આજેજ કતલ કરી નાખવામાં આવશે. અફસોસ તમે તેની ચાલાકીને ઓળખી ન શક્યા.

હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) 'નબાયા'ને ઉદીનાને ખલાસ કરી નાખવા માટે મોકલ્યો. તેણે જઈને ફક્ત એક જ વારમાં તેનું કામ પતાવી દીધું. હઝરત તસબઅ (રદિયલ્લાહો અન્હા) ઉદીનાની આ દરખાસ્તમાં પણ વિરોધ અને નવા હિલચાલના બીજ વવાયેલાં છે તે સમજી શકી નહોતી. અને પિતાના મરણ પછી નવા કારસ્તાન ઉભા કરી પોતાનું ધાર્યું કરવા માગે છે, તેની પણ હઝરત તસબઅ (રદિયલ્લાહો અન્હા)ને જાણ નહોતી. હવે હઝરત તસબઅ (રદિયલ્લાહો અન્હા)ને ખાત્રી થઈ ગઈ કે અલ્લાહ પાકે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને હઝરત દાઊદ (અલયહિસ્સલામ)થી પણ વધારે સમજ અતા કરી છે. તે પોતાના લાયક પુત્ર માટે ખુશીમાં ફુલી નહોતી સમાતી. આખરે એક દિવસ એ બધી ખુશીઓ ખતમ થઈ અને તે પોતાના પ્યારા પુત્રને છોડીને પોતાના પતિ પાસે પહોંચી ગઈ; જ્યાંથી કોઈ પાછું નથી ફરતું. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઇલયહે રાજેઊન.

* * *

# બિન્તે ફિરઔન

## (જવઝએ અવ્વલ-હઝરત સુલેમાન અલયહિસ્સલામ)

પિતા હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ની વફાત પછી અને વિરોધનો ખાતમો કર્યા પછી હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની બાદશાહત સ્થિર થઈ અને બની ઇસરાઈલમાં તેમની હુકુમતના પાયા મજબુત થયા. પછી તેમણે મિસરના બાદશાહ ફિરઔનને ત્યાં પોતાના નિકાહ માટે પયગામ મોકલ્યો. તેની એકની એક પુત્રી માટે તેને બહુ જ પ્રેમ હતો અને તે ચાહતો હતો કે કોઈ સારા ઠેકાણે તેનો નિકાહ થાય.

જ્યારે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)નો પયગામ મળ્યો તો તે બહુ જ ખુશ થયો અને તેણે તે કબૂલ કરી લીધો. હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) નિકાહ કરીને પોતાની પત્નીને હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના ઘેર લાવ્યા; કેમકે તે વખત સુધી હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ના રહેવા માટે કોઈ ખાસ મકાન નહોતું અને તે સમય સુધી કુરબાનીઓ કરવા માટેની પણ કોઈ અલગ વ્યવસ્થા નહોતી.. કારણ કે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની આ પત્નીના પિતા ફિરઔને જરઝ ઉપર ચઢાઈ કરીને તેને (કુરબાનગાહને) આગમાં ભસ્મીભૂત કરી નાખી હતી અને જે કીનઆનીઓ ત્યાં રહેતા હતા તેમને પણ ખલાસ કરી નાખ્યા હતા અને જે કંઈ માલે ગનીમત મળ્યું હતું, તેમાંથી ઘણો માલ પોતાની પુત્રીને દહેજમાં આપ્યું હતું.

હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) યરૂસલમને શહેર પનાહ (અમનની જગ્યા, સલામતીનું શહેર) બનાવવાની વિધિ કરી અને કેટલીક કુરબાનગાહો પણ બનાવી અને પોતાની પત્નીયો માટે ખાસ મહેલ બનાવ્યો. જ્યારે તે તૈયાર થઈ ગયો ત્યારે ફિરઔનની પુત્રી

હઝરત દાઊદ (અલયહિસ્સલામ)ના શહેરથી પોતાની સરસામાન સહિત અહીં આવીને રહી. આ બધી ઈમારતો મુલકે શોરના બાદશાહ હીરામની મદદથી તૈયાર થઈ હતી. તેણે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને ઘણું બધું સોનું, ઈમારતી લાકડું, કારીગરો અને મઝદુરો વગેરે પૂરા પાડ્યા હતા. હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને ત્યાં એ ઔરત બિન્તે (ફિરઔન)ના પેટે બે દીકરીઓ થઈ હતી. એકનું નામ તાકત હતું અને 'અનબીયાદાબ' જે હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) બની ઇસરાઈલમાં મુકરર કરેલ બાર મનસબદારોમાંથી એક હતો, તેને પરણી હતી. બીજી પુત્રી બખમતના નિકાહ પણ હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ના એક મનસબદાર 'અખમઅઝ'થી થયા હતા.

એક પુત્ર 'રાહબ આમ' હતો, જે પોતાના પિતા પછી ગાદી વારસ બન્યો અને બની ઇસરાઈલનો સરદાર થયો. પરંતુ તેનું રાજ્ય વહીવટ બહુ ખરાબ હતું અને તે જાલિમ હતો, ઇતિહાસકારો લખે કે તે બિલ્કીસના પેટથી હતો. પરંતુ તે તારીખી બનાવ નથી. એ પત્નીનું નામ ક્યાંય મળી શક્યું નથી કે તેની વધારે હકીકત પણ મળતી નથી. કિતાબ-સલાતીન અવ્વલ-તૌરેત બાબ ૧૧માં લખેલ છે કે એ પત્ની સિવાય હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની બીજી ત્રણ સો પત્નીયો હતી; પરંતુ એ ધારણાથી વિરુદ્ધ છે. બીજા કોઈ ઇતિહાસકારોએ પણ કોઈ હવાલા કે સાબિતીથી નથી લખ્યું, પરંતુ એ શક્ય છે કે, બધી લૉંડીયો, મામાઓ અને પત્નીયો બધાનો એ ગણતરીમાં સમાવેશ થતો હોય, આ સિવાય હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની એક બીજી પત્ની 'જરાદહ'ના હાલાત મળ્યા છે; જે આ નીચે આપેલા છે.

* * *

# જરાદહ
## (જવઝએ હઝરત સુલેમાન અલયહિસ્સલામ)

જરારહ (જરાદહ) સેદુનના બાદશાહની પુત્રી હતી. તેના બાળપણની હકીકત મળી શકી નથી, કે તેની માતાનું નામ પણ મળ્યું નથી. "જરાદહ" ખૂબસૂરત ઓરત હતી અને તે બહુ લાડકોડમાં ઉછરી હતી. જરાદહ પોતાના પિતાને હદથી વધારે ચાહતી હતી. હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) સાથે નિકાહ થયા પછીની જે હકીકત ઇતિહાસમાં લખાએલ છે તે અહીં લખીએ છીએ.

ઇતિહાસકાર ઈબ્ને જરીર તીબરી વહબ બિન મનબાના હવાલાથી લખે છે કે, હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) સાંભળ્યું કે, દરિયાના ટાપુઓમાં એક સેદુન નામે શહેર છે, તેનો બાદશાહ ભારે રોબ અને દબદબાવાળો છે. તેના સુધી કોઈ પહોંચી શક્યું નથી. કારણ કે તેનું રહેઠાણ દરિયાની વચ્ચે છે.

હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને અલ્લાહ પાકે જમીન અને દરિયા બધા ઉપર કુદરત આપી હતી. આપ સવારી સાથે અને પોતાના લશ્કર સહિત હવા મારફત સેદુન પહોંચી ગયા. આ લશ્કરમાં જીન્નાત અને માણસો બન્ને હતા. આ બધાએ હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ના હુકમથી સેદુન ઉપર હુમલો કર્યો. બાદશાહ માર્યો ગયો. અને જે કંઈ માલ-દૌલત આ ટાપુ ઉપર હતી તે બધું માલે ગનીમતમાં મળ્યું. આ બાદશાહની એક પુત્રી હસીન જમીલ હતી. તે અજોડ હતી. હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) તેને પસંદ ફરમાવી, આપે તેને ઇસ્લામ કબુલ કરવા કહ્યું, તેણે તેમ કર્યું પણ ખરૂં પરંતુ ખરા દિલથી નહીં.

હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) બીજા માલ અસ્બાબ સાથે પોતાની રાજધાનીમાં લાવ્યા. હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) તેને

પોતાના તરફ વાળવા ખૂબ પ્રયાસ કર્યો. પરંતુ તે હમેશાં ગમગીન રહેતી હતી. હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) સામે કદી પણ ખુશ દેખાઈ નહોતી અને તે શોક-વિલાપ કર્યા કરતી.

હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) એક દિવસે તેને કહ્યું, અફસોસ તેં આ તારી કેવી હાલત બનાવી રાખી છે. તારો ગમ દૂર થતો જ નથી, તેનું કારણ શું ?"

તેણે કહ્યું, મને મારા પિતાની યાદ અને મારા વતનની આબાદી અને તેની થયેલી બરબાદી તે બધાની યાદ મારા દિલ ઉપરથી હટતી નથી, એટલે જ ગમગીન રહું છું.

હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) કહ્યું, "એના બદલામાં તને અલ્લાહે બીજો મુલક આપેલ છે, જે તેના કરતાં મોટો છે અને એવો બાદશાહ આપ્યો છે, જે પણ તેના કરતાં મોટો છે અને બધાથી વધીને મોટી નેઅમત છે કે ઇસ્લામનો માર્ગ બતાવ્યો, જે બધાથી બેહતર છે.

શાહઝાદીએ કહ્યું, "એ બધું સાચું છે, પરંતુ મને જ્યારે મારો બાપ યાદ આવે છે તો બેઈખત્યાર મારા દિલ ઉપર ગમના વાદળ છવાઈ જાય છે. પછી તેણે પોતાના બાપનું ગમ ભૂલવા માટે તેણે ઘણા વિચારો પછી પોતાના બાપનું એક બાવલું (પૂતળું) બનાવરાવ્યું. હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)થી છાની રીતે. તે પૂતળું હુબહુ તેના પિતાના જેવું હતું. તેને તેણે તેના પિતા પહેરતા હતા તેવા જ વસ્ત્રો પણ પહેરાવ્યા. જ્યારે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) સવારે તેના ઘેરથી જતા તે પછી તે શાહઝાદી પોતાની લોંડીયો સાથે તેને સિજદો કરતી. સવાર-સાંજ તેમનો એ દસ્તૂર બનાવ્યો હતો. પોતાને ત્યાં બુતપરસ્તી કરતી હતી તેમ અહીં પણ આ રીતે બુતપરસ્તી શરૂ કરી દીધી. ચાલીસ-૪૦ દિવસ સુધી હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને તેની ખબર ન પડી. પણ આ ખબર હઝરત

સુલેમાન (અલયહિસ્સલામ)નાં.સાચા દોસ્ત અને ભલું ઇચ્છનાર વઝીર બરખયાનકને મળ્યા. આ ખેરખ્વાહ વઝીર હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ના મહેલમાં જ્યાં જવું હોય ત્યાં વગર રજાએ જઈ શકે તેવી તેને છુટ હતી. એક દિવસ તે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયો અને અરજ કરી.

અય અલ્લાહના નબી ! હું બહુ વૃદ્ધ થઈ ગયો છું. મારી ઉંમરનો મોટો ભાગ પસાર થઈ ચૂક્યો છે અને હવે તો મારા દિવસો ભરાઈ ગયા છે. મારી એ તમન્ના છે કે હું કોઈ જગ્યા ઉપર ઊભો રહી પહેલાના અંબીયાઓના ઔસાફ (ખૂબીયો) જે આમ લોકો જાણતા નથી, તે તેમને બતાવું.

હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) તેમને સંમતિ આપી. બધા લોકોને આસિફની તકરીર સાંભળવા એકઠા કર્યા.

આ ફાઝિલ (વિદ્વાન) શખ્સ ખુશ બયાન ખતીબ (એક સુંદર વક્તા) તરીકે ઊભો થયો અને જે નબીયો થઈ ગયા છે તેમની ખૂબીઓ અને ભલાઈઓ બયાન કરવા લાગ્યો. જ્યારે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)નો નંબર આવ્યો તો આસિફે કહ્યું,

"હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) પોતાના બચપણમાં બહુ જ પરહેઝગાર અને સહનશીલ હતા. તેઓ બચપણથી જ બધાજ ફેસલા બેહતર કરનારા હતા. બધા જ મકરૂહાતથી દૂર રહેનારા હતા. આમ હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ના બચપણનું બયાન કરીને આસિફે ખુત્બો પૂરો કર્યો.

હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) તે ઉપરથી મનમાં વિચારતા જ રહ્યા કે, આસિફે બધી વાતો મારા બચપણની જ કરી. મારી ખૂબીઓમાં મારા બચપણને જ કેમ સાંકળ્યો ? છેવટે એજ વિચારમાં ને વિચારમાં તેઓ આસિફના મકાને પહોંચ્યા અને આસિફને પૂછ્યું. તેં હરનબીના જીવનના દરેક ભાગ ઉપર પ્રકાશ નાખ્યો, તેમની દરેક

હકીકતને બેહતર બતાવી તે ઠીક કર્યું. પરંતુ મેં જે કંઈ કારેખૈર કર્યા છે, તે બધાને તમે છોડી જ દીધા, તો તેનું કારણ શું ?

આસિફે જવાબ દીધો. કસૂર માફ કરવામાં આવે. આપના દોલત ખાનામાં એક ઔરતની ખાતર ૪૦ દિવસથી ગેર ખુદાની પરિશ્તીશ થઈ રહી છે અને આપને તેનું ઈલ્મ નથી.

હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને ખૂબ જ નવાઈ લાગી. તેમણે કહ્યું,

'મારા ઘરમાં ?'

આસિફે કહ્યું, "જી હા, તમારા ઘરમાં." હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને એ જાણીને ખૂબજ રંજ થયો.

તેજ વખતે પોતાના મહેલ ઉપર પહોંચ્યા અને તે પૂતળાને તોડી નાખ્યો અને તે શાહજાદી અને તેના સાથીઓને આ ગુનાહની એવી કડક સજા કરી કે ત્યાર પછી કદી પણ તેમની હિમ્મત ન થઈ અને હમેશ માટે તેનો સંબંધ કાપી નાખ્યો અને મહેલ બહાર કાઢી મૂકી અને પાક સાફ લિબાસ પહેરી, તહારતને કામિલા સાથે બહુજ આજીજીથી સિજદામાં પડીને બારગાહે ઈલાહીમાં માફી માગી ગુનાહોથી તૌબા કરી. ખુદા પાકે આપનો ઉઝર કબૂલ ફરમાવ્યો અને કસૂરની માફી આપી અને જરાદાહે પોતાના ગુનાહની સજા ભોગવી.

તીબરી, ઈબ્ને અસ્તર અને સાહિબે રૌદતસ્સફા વગેરે એ પણ આ હકીકતનું વિગતવાર વર્ણન કરેલ છે. પણ યાકુબીને ફક્ત એટલું લખ્યું છે કે તેમની પત્નીઓમાંથી એક પત્નીએ પોતાના પિતાની તસવીર બનાવીને તેની પૂજા શરૂ કરી અને મહેલની દાસીઓએ પણ તેનું અનુકરણ કર્યું : જ્યારે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને ખબર પડી તો બધાને મહેલ બહાર કાઢી મૂકેલ.

* * *

# હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)
# (મલકએસબા)
# (ઝવજએ હઝરત સુલેમાન અલયહિસ્સલામ)

હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) અને હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)નો કિસ્સો તો બહુ જ મશહૂર છે. કુતુબે આસમાની અને ઇતિહાસના ગ્રન્થોમાં તેનો ઉલ્લેખ મળે છે. હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) પોતાના હુસ્નો-જમાલ તેમજ શાહી વૈભવ અને ઠાઠ માઠને લઈને અજોડ હતી. કેટલાક ઇતિહાસકારો તેની વંશાવલી આ પ્રમાણે બતાવે છે : બિલ્કીસ બિન્તે યશરઅ બિનહારિષ, બિન કૌસ, બિન સૈફી બિન સબા બિન વશહબ બિન યઅરબ બિન કત્તહાન અને કેટલાક એ તરફ ગયા છે કે બિન્તે બશરહ બિન તબગઝીલ અઝઆર બિન તબઅ ઝીલ અલમનાર બિન તબઅઝીલ રાઈશ છે અને તેનું લકબ હાદદ છે અને કેટલાકે કહ્યું કે, બિલ્કીસના બાપનું નામ હારિષ બિન સબા છે. કોઈએ તેને શેબાનની પુત્રી ગણાવી છે અને અમુક લેખકોએ શરાહીલની પુત્રી બતાવી છે. પરંતુ પહેલી વંશાવલી પ્રમાણભૂત છે. ઘણા ખરા તેની માતાનું નામ "જનૈયા" બતાવે છે. તેનું નામ રવાહા અથવા રીહાના બિન્તે સકન હતું. વળી કોઈએ તે બલકંમા બિન્તે ઉમરૂ બિન અમારજન બતાવેલ છે.

હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ના પિતાનો જીન્નાતોથી મેળ થયો તે સંબંધે એમ કહેવાય છે કે, તે (બિલ્કીસના પિતા) યમનના ચાલીસ સુબાઓનો એક વૈભવશાળી અને પ્રભાવશાળી બાદશાહ હતા તેના બરાબરીનો બાદશાહ દૂર દૂર સુધીમાં પણ કોઈ ન હતો. તે કહેતો કે મારી બરાબરી કરી શકે તેવો કોઈ નથી. તે પોતાની હિંમત બુલંદી, શાનો શૌકત વગેરે કારણોને લઈને ઈન્સાનોમાં વિવાહ નહોતો કરતો. શિકાર કરવામાં સમય પસાર કરતો અને જીન્નાતોને

કેદ કરી પછી તેમને છોડી મૂકવા એ તેની દિલચસ્પીનો વિષય હતો. એક દિવસે જીન્નાતોના બાદશાહે ઈન્સાની રૂપમાં આવીને તેનો શુક્ર અદા કર્યો. એ બાદશાહે આ મળેલ તકને ગનીમત સમજી જીન્નાતોના બાદશાહ પાસે તેની દિકરી માટે દરખાસ્ત મૂકી અને તેણે તે માગણી માન્ય રાખી.

એક બીજી હકીકત આ રીતની પણ જણાવવામાં આવી છે કે, તે એક દિવસ શિકાર માટે ગયો. તેણે એક કાળો અને સફેદ સાપ જોયા, જે બન્ને લડી રહ્યા હતા અને કાળાએ સફેદ ઉપર જીત મેળવી. ઉમરૂએ હુકમ આપ્યો કે, કાળા સાપને મારી નાખવામાં આવે અને સફેદને ત્યાંથી ઉપાડી લેવામાં આવે. તે સાપ ઉપર પાણી નાખવામાં આવ્યું તો તેમાં પ્રાણ આવ્યા. ઉમરૂ તેને પોતાના ઘેર લાવ્યો. એક દિવસે તે એકલો બેઠો હતો ત્યારે ત્યાં એક હસીનોજમીલ નવજવાનને જોયો. તે ડરી ગયો, તો તે જવાને કહ્યું કે ડરો નહીં, હું તે જ સાપ છું. જેને આપે નજાત અપાવી. હું એ એહસાનનો બદલો માલ-દૌલત અને ઈલ્મેતીબ આપને આપીને ચુકવવા માગું છું અને શુક્ર ગુજારૂં છું કે આપે મારી જાન બચાવી.

બાદશાહે જવાબ આપ્યો કે, માલ-દૌલતની મને જરૂરત નથી અને ઈલ્મેતીબ બાદશાહો માટે જરૂરત વગરની વસ્તુ છે. પરંતુ જો તમારે કોઈ પુત્રી હોય તો તેના નિકાહ કરી આપો. તે નવજવાને કહ્યું, સારૂં. પરંતુ તે માટે એક શરત છે કે, તેના કોઈ કામકાજમાં તમારે દખલ કરવી નહીં, અગર જો દખલ કરવામાં આવશે તો જુદા થઈ જવાનો તેનો હક્ક રહેશે અને તે જુદી થઈ જશે. બીજી શરત એ કે, બેહરેનથી એડન સુધીનો કિનારાનો પ્રદેશ તેને આપી દેવો. બાદશાહે એ શરતો કબૂલ કરી અને જનૈયા સાથે તેનો નિકાહ થઈ ગયો અને જનૈયાથી એક પુત્ર થયો.

જનૈયાએ તેને આગમાં નાખી દીધો. બાદશાહ હેબતાઈ ગયો. પરંતુ શરતને કારણે કંઈ પણ બોલ્યા વગર સબ્ર કરીને બેસી રહ્યો.

અમુક સમય પછી ફરી એક પુત્ર અવતર્યો, જનૈયાએ બાદશાહના સામેજ તેને કુતરા આગળ નાખી દીધો. આ વખતે પણ બાદશાહ શરતને કારણે કંઈ પણ કહી શક્યો નહીં.

એક દિવસ બાદશાહના મનસબદારોમાંથી એકે નાફરમાની કરી. તેથી બાદશાહે લશ્કરને તૈયારીનો હુકમ કર્યો. અને રવાના થયો. જનૈયા પણ સાથે હતી. જંગલમાંથી પસાર થતા હતા. ત્યારે બધાએ જોયું કે, પાણીની મશકોમાંથી પાણી વહી રહ્યું છે અને સફરનો બધો સામાન પણ પાણી અને કીચડને લીધે ખરાબ થઈ રહ્યો છે. આ જોઈ બધાએ પોતાની હારનો યકીન કરી લીધો અને તેમને એમ પણ લાગ્યું કે, આ કામ જનૈયાના ઇશારાથી થઈ રહ્યું છે અને તેમાં જીન્નાતોની શરારત જણાય છે. આ બાબત બાદશાહ સહન કરી શક્યો નહીં અને સામે આવીને બેસી ગયો અને જમીન તરફ ઈશારો કરીને કહેવા લાગ્યો. અય જમીન, મે મારા પુત્રને આગમાં નાખવાથી સબ્ર કર્યો, મારા પુત્રને કુતરાને ખવરાવી દેવા વખતે પણ સબ્ર કર્યો. પરંતુ હવે તેણે સફરમાં પાણી વગેરેની તકલીફ અને પરેશાનીમાં નાખેલ છે. જેથી અમે હાલાકીમાં આવી ગયા છીએ. મલેકાએ સસ્મિત જવાબ આપ્યો. આપે સબ્ર કર્યો હોત તો સારૂં થાત. એટલે કે આપનો દુશ્મન આપનો વજીર બનેલ છે. તેણે દગો કર્યો છે. ખોરાક અને પાણીમાં ઝેર મેળવેલ છે અને તેની પરીક્ષા માટે તે બચેલા પાણીમાંથી થોડું પાણી પીવાનું વજીરને કહીને જુઓ તે ઉપરથી બાદશાહે વજીરને તે પાણીમાંથી થોડું પાણી પીવા હુકમ કર્યો. વજીરે ઈન્કાર કર્યો. બાદશાહે તરત તલવારથી તેનું માથું કાપી નાખ્યું. પછી મલકાએ કહ્યું, તમારા પુત્રને મેં એક અન્નાને હવાલે કર્યો હતો. (અન્ના-દાયા-દૂધ પીવરાવનાર), પરંતુ તે ઈન્તેકાલ કરી ગયો છે અને પુત્રી હજી જીવતી છે, એટલામાં એક છોકરી જમીનમાંથી નીકળી જે હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) હતી. પછી મલેકા પોતાના ધણીથી અલગ થઈ અને નજરથી ગાયબ અલોપ થઈ ગઈ.

પછી બાદશાહે આગળ વધીને દુશ્મન ઉપર ફતેહ મેળવી. ત્યાર પછી હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ની માનો તો કંઈ પણ પત્તો લાગ્યો નહીં. બાદશાહે પોતાનો મુલક હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ને હવાલે કર્યો. અને પિતા પછી તે તખ્તો તાજની માલિક બની કેટલાક લેખકોનો મત છે કે લડાઈમાંથી પાછા ફર્યા પછી બાદશાહ વસિયત કર્યા વગર મરણ પામ્યો. પ્રજાએ પોતાના બાદશાહના અવસાન પછી વિરોધ કર્યો. એક જુથે હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)થી તો બીજા જુથે બાદશાહના ભત્રીજાથી બયઅત કરી. (બયઅત-વફાદારીનો કોલ) પ્રજાની સ્થિતિ દિન પ્રતિદિન કથળવા લાગી. હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ના કાકાના દિકરાથી પ્રજા તંગ આવી ગઈ હતી. તે જ અરસામાં તેણે (કાકાના દીકરાએ) હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ને તેડું મોકલ્યું, હઝરત બિલ્કીસે (રદિયલ્લાહો અન્હા) જવાબમાં કહેવરાવ્યું કે, તારે મારા પાસે આવવું જોઈએ અને હઝરત બિલ્કીસે (રદિયલ્લાહો અન્હા) બે માણસોને હથિયારથી સજ્જ કરી તૈયાર રાખ્યા અને તેમને સૂચના આપી દીધી કે તે જેવો આવે કે તરત જ તેને મોકો આપ્યા વગર ખતમ કરી દેવો અને જેવો તે મહેલમાં આવ્યો કે તરત જ યોજના મુજબ તેને કતલ કરી નાખ્યો. પછી હઝરત બિલ્કીસે (રદિયલ્લાહો અન્હા) બધા વઝીરોને તેડાવ્યા અને કહ્યું કે, તમારામાંથી કોઈ એવો નથી જે એ જાલિમના જુલમો સિતમથી પ્રજાને છુટકારો અપાવે. પછી તેણે બધાને તેનું માથું બતાવ્યું અને કહ્યું કે, હવે તમે એવા માણસને પસંદ કરો, જેને તમે તમારો બાદશાહ બનાવી શકો. બધાએ એકી અવાજે કહ્યું કે, અમે તમારા સિવાય કોઈને પસંદ નથી કરતા.

એક કથન એવું પણ છે કે, તેણે પોતાના કાકાના દીકરાને નિકાહનો પયગામ મોકલ્યો, તો જાણીને તે બહુ ખુશી થયો અને તેણે જવાબ આપ્યો કે મને આશા ન હોતી કે તમે રાજી થશો. તેથી મેં હિમ્મત કરી નહીં, મેં તમારા તરફ દરખાસ્ત મોકલી નહીં. હઝરત

બિલ્કીસે (રદિયલ્લાહો અન્હા) કહ્યું, હું આપને ઈન્કાર કેવી રીતે કરી શકું ? આપતો મારાથી બેહતર ખાનદાનમાંથી છો. હવે તમે મારી કૌમના માણસોને એકઠા કરો અને મારી સગાઈનો પયગામ તેમને આપો. તેથી તેણે હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ની સુચના મુજબ કર્યું. હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ના સગા સંબંધીઓને તેણે પૂછ્યું, તેમણે તે મંજુર રાખ્યું અને નિકાહ થઈ ગયા. રાતનો થોડો વખત ગુજરી ગયો, તો હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) દુલ્હન બનીને તેના પાસે પહોંચી અને તેને એટલો બધો શરાબ પીવરાવ્યો કે તે બેહોશ થઈ ગયો. ત્યારે તેનું માથું કાપીને પોતાના મહેલમાં પાછી ચાલી ગઈ અને હુકમ કર્યો કે તેનું માથું મારા મહેલના દરવાજા ઉપર લટકાવી દેવામાં આવે. જ્યારે પ્રજાને આ વાતની ખબર પડી તો બધાએ સાથે મળીને તેને મલેકા બનાવી દીધી. હવે તે આસપાસના તમામ પ્રદેશની સ્વતંત્ર મલેકા બની ગઈ.

કેટલાક ઇતિહાસકારોનું માનવું છે કે તેનો પિતા સ્વતંત્ર બાદશાહ નહોતો. પણ તે એક બાદશાહનો વઝીર હતો. તે બાદશાહ બદકાર હતો, આથી પ્રજા તેના કામોથી કંટાળી ગઈ હતી.

આખરે હઝરત બિલ્કીસે (રદિયલ્લાહો અન્હા) પોતાની ચાલાકીથી તેને કતલ કરી નાખેલ અને પોતે મલેકા બની ગયેલ. તેની આ કાર્યદક્ષતાથી આખી પ્રજાનું તે આકર્ષણ બની ગઈ અને બધાએ ખુશીથી અને એકીમતે હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ને બાદશાહ તરીકે સ્વીકારી લીધી. હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) બુદ્ધિશાળી હતી. તખ્ત ઉપર બેસતાંની સાથે જ તેણે બાદશાહી શાનો શૌકત વધારી દીધી.

લશ્કર પણ વધારવામાં આવ્યું અને રાજ્યની હદો પણ દૂર દૂર સુધી વધી ગઈ. કેટલાક ઇતિહાસકારોનું કથન છે કે, હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ની સલ્તનતમાં ઘણાં શહેરો અને ગામડાં આબાદ હતા, ૪૦ હજારનું જંગી લશ્કર તેની પાસે હતું. તેના વઝીરો અને

મુખ્ય અમલદારોની સંખ્યા ત્રણસો જેટલી હતી. કેટલાક ઇતિહાસકારોએ અતિશયોક્તિ ભર્યા વર્ણનો લખ્યા હોય એવું જણાય છે અને તે વર્ણનોને એક અફસાનાથી વધીને કંઈ ન કહી શકાય.

હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ના તખ્તનું કુરઆનશરીફમાં બયાન છે કે, "તે સોના-ચાંદીનો તખ્ત હતો. જેમાં બહુ કીમતી હીરા-જવાહીરાત જડેલાં હતાં." તે તખ્તને સાત મકાનોની અંદર રાખવામાં આવ્યું હતું અને તેના ઉપર સાત પરદા પડેલા હતાં. એ સાત મકાનો એક પછી એક બનેલા હતા અને સૌથી અંદરના મકાનમાં એ તખ્ત રાખેલ હતું. તે તખ્તનો આગળનો ભાગ સોનાનો હતો અને તેના ઉપર લાલ યાકુત અને લીલા ઝમર્રૂદ (હીરા) જડેલા હતા. પાછલો ભાગ ચાંદીનો હતો, તે પણ જવાહિરાતથી જડેલો હતો. ચાર પાયામાંથી એક લાલ યાકુતનો, બીજો ઝર્દ (પીળા) યાકુતનો ત્રીજો લીલા ઝમર્રૂદનો અને ચોથો સફેદ મોતીઓ જડેલ હતો. બેસવાની જગ્યા સોનાની હતી. આ મહેલમાં સૂરજના કિરણો જે જગ્યાએથી દાખલ થતા હતા ત્યાં એક ઝરૂખો બનાવેલ હતો અને કહેવાય છે કે તેના બનાવવામાં બિલ્કીસે ત્રીસ લાખ અશરફીઓ ખર્ચ કરી હતી અને તેણી ત્યાંથી સૂરજની પૂજા કરતી હતી.

હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ના દરબારમાં હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ના આવવા અને ઇસ્લામ કબૂલ કરવા સંબંધે ઇતિહાસકારોએ નોંધ્યું છે કે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) કોઈ લડાઈમાં રોકાએલ હતા. ત્યારે લશ્કરમાં પાણીની તંગી પડી. તપાસ કરવા છતાં આજુબાજુમાં દૂર દૂર સુધી પાણીનો કૂવો કે ઝરણું દેખાયું નહીં. આપે હુદહુદને યાદ કર્યો. પરંતુ હુદહુદ હાજર નહોતો. આપની રજા વગર તેની ગેરહાજરીથી આપ નારાજ થયા. "શું બાબત છે કે હુદહુદ હાજર નથી ? તે ક્યાં અલોપ થઈ ગયો છે ? તેની જરૂરત એ માટે હતી કે તે તપાસ કરી આવે કે પાણી ક્યાં મળશે ?" થોડા સમયમાં હુદહુદ આવી પહોંચ્યો. તેણે આવીને હઝરત સુલેમાન

(અલયહિસ્સલામ)ને કહ્યું, "હું આજે એવા ખબર લાવ્યો છું, જેની આપને ખબર નથી. મુલકે સબાની આ વાત છે. ત્યાં એક ઔરત હુકૂમત ચલાવે છે, તેની પાસે લશ્કર, અમલદારો, એશ આરામના બધા સાધનો છે, તેની પાસે એક કીમતી તખ્ત પણ છે. જેના ઉપર તે બેસે છે, તેનું નામ હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) છે. પરંતુ તે અને તેના લોકો સૂરજને પૂજે છે." હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) કહ્યું, અમારે જોવું છે કે તું સાચો છે કે જૂઠો. જા અને મારો આ કાગળ તેના તખ્ત ઉપર નાખી દે અને તું સંતાઈને જો કે તે શું કરે છે અને તેના પ્રધાનો તેને શું જવાબ આપે છે અને તરત જ હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) ઈબરાની ભાષામાં એક ટૂંકો કાગળ લખીને હુદહુદને આપ્યો.

તે કાગળ આ પ્રમાણે હતો.

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ.**

આ કાગળ સુલેમાન તરફથી મોકલવામાં આવે છે, મારા પાસે તરત આવી જાવ અને અભિમાન ન કરો."

હુદહુદે તે કાગળ હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની આજ્ઞા મુજબ હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ના તખ્ત ઉપર નાખી દીધો. તેણે તે વાંચ્યો, પછી પોતાના સરદારોને વાત કરી કે તમારો શો મત છે ? હું હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) પાસે જાઉં કે નહીં. હું તમારી સલાહ વગર કોઈ ફેસલો નથી કરતી; સરદારોએ જવાબ દીધો, "અમે બધા બહાદૂર છીએ. લડવા તૈયાર છીએ. હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)નો કોઈ ડર નથી. છતાં તમે જે નક્કી કરો તે યોગ્ય જ હશે. હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) બહુ બુદ્ધિશાળી હતી, તેણે કહ્યું, હું માનું છું કે લડાઈ બહુ ખતરનાક હોય છે, તેનું પરિણામ સારૂં હોતું જ નથી. વિજેતા બાદશાહ પરાજિત શહેર, ગામ કે મુલકને બરબાદ કરી નાખે છે. આબરૂદાર લોકોને બેઆબરૂ કરે છે. અગર હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) વિજય મેળવશે તો તે

આપણા તમામ પ્રદેશને ઉલટ-પલટ કરી દેશે. સારા અને આબરૂદાર માણસોની ફજેતી કરી તેમને બેઆબરૂ કરી મૂકશે. આ બધું વિચારીને મારૂં માનવું છે કે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)થી સમાધાન કરી લેવું જ યોગ્ય છે." પહેલીજ વારના તેડાવવાથી જવું ઉચિત નથી. પરંતુ તેના જવાબમાં ભેટ-સોગાદો સાથે એલચી-પ્રતિનિધિને મોકલવો તે ઠીક ગણાશે. તેથી હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની દરેક બાબતની ખબર પડી જશે. બધા સરદારોને એ વાત પસંદ પડી. તેજ વખતે કીમતી ભેટ-સોગાતો સાથે પ્રતિનિધિઓને રવાના કર્યા, તેમણે માન્યું હતું કે કીમતી માલ-સામાન જોઈને હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) ઠંડા પડી જશે, પરંતુ તેમને ક્યાં ખબર હતી કે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) તો ફક્ત શાહજાદીને ઇસ્લામમાં લાવવાનો જ ઇરાદો રાખતા હતા.

તોહફા વગેરેથી તેમને કોઈ દીલચશ્પી ન હોતી. હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) ફરમાવ્યું, "મારા પાસે અલ્લાહનું દીધેલું બધું જ કંઈ છે. માલથી તમે મારી સહાય કરવા ઇચ્છતા હો તો એવી ભેટોની મને આવશ્યકતા નથી, તમારી દૌલત તમને મુબારક. જાવ અને બિલ્કીસને કહો કે જલ્દી હાજર થાય. નહીંતર હું એવું લશ્કર મોકલીશ કે તેનો સામનો નહીં થઈ શકે અને હું તેમને ઝલીલ કરીને કાઢી મુકીશ, એ સાંભળી એલચીઓ તો રવાના થઈ ગયા. તેમના ગયા પછી હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) પોતાના દરબારીઓને કહ્યું, તમારામાંથી કોઈ એવો છે જે બિલ્કીસના અહીં આવવા પહેલાં તેના તખ્તને અહીં મારા સમક્ષ લઈ આવી શકે ? એક શક્તિશાળી યુવાને કહ્યું, આપનો દરબાર વિસર્જન થાય તે પહેલાં હું તે તખ્ત લાવી આપું છું.

આસિફ બિન બરખ્યા, જે તાકાતવાન અને ઈમાનદાર હતો અને તે ઈસ્મેઆઝમ પણ જાણતો હતો, તેણે આપને કહ્યું કે, હું પલક ઝબકતાની સાથે જ હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)નો તખ્ત

ઉપાડી લાવું છું અને તેના આ કહેવા સાથે જ તખ્ત હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) પાસે હાજર થઈ ગયો. હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) નજર કરી તો તખ્ત સામે જ હતો. ખુદાની ઈનાયતનો શુક્ર અદા કર્યો. અને પછી ફરમાવ્યું, "આ તખ્તમાં કોઈ એવા ફેરફાર કરી નાખો કે જેથી બિલ્કીસ તેને ઓળખી શકે નહીં કે આ તખ્ત મારો છે અને તે ઉપરથી બિલ્કીસની અક્કલની પણ કસોટી થઈ જશે કે તે તખ્તને ઓળખી શકે છે કે કેમ ? જો તે ઓળખી નહીં શકે તો હું કહી શકીશ કે દુનિયાની ચીજોને ઓળખવાનો આ હાલ છે, તો ખુદાની ઝાત-સીફાતને ઓળખવામાં ગલતી કરી હોય તે સ્વાભાવિક છે.

હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ને જ્યારે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)નો બીજો સંદેશો મળ્યો કે તરત તે રવાના થવાની તૈયારીમાં લાગી. અને શહેનશાહી ઠાઠ સાથે તે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની સેવામાં હાજર થઈ. આપે તેને દરબારમાં આવવા ફરમાવ્યું. જ્યારે તે દરબારમાં હાજર થઈ તો હઝરતે તે તખ્ત બતાવીને હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ને પૂછ્યું, "શું તમારો તખ્ત પણ આવોજ છે ?" હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) ભૂલ ખાઈ ગઈ. તે તખ્તને ઓળખી ન શકી. તેણે જવાબ આપ્યો, "હા, મારો તખ્ત પણ આવો જ છે !" પછી હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ને કહેવામાં આવ્યું. "આ તમારોજ તખ્ત છે." એટલે હઝરત બિલ્કીસે (રદિયલ્લાહો અન્હા) માફી માગવાના અંદાઝમાં કહ્યું, હુઝુર મને શું અજમાવો છો. અમને તો પહેલાથી જ ખબર પડી ગઈ હતી કે આપ નામદાર બંહુ શક્તિશાળી છો, તે ઉપરાંત ખુદાતઆલાના પસંદ ફરમાવેલા પણ છો. અને અમે તો અહીં આવ્યા પહેલાજ આપના ફરમાબરદાર બની ચૂક્યા છીએ.

ત્યાર પછી હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) તેને ગયરૂલ્લાહની ઇબાદત કરવાની મનાઈ કરી અને મુસલમાન બની જવાની દરખાસ્ત કરી, હઝરત બિલ્કીસે (રદિયલ્લાહો અન્હા) રાજી ખુશીથી તૌબા કરી

અને ઈમાન લાવી અને ઇસ્લામને સ્વીકાર્યો. હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ની બીજી પરીક્ષા લીધી. તે એ રીતે કે તેમણે એક મહેલ બનાવરાવ્યો. જેના સહેનમાં પાણીનો એક હોજ બનાવ્યો હતો. એ હોજમાં રંગબેરંગી માછલીઓ રાખવામાં આવી અને ઉપરથી તેને એક સ્વચ્છ બીલોર અથવા સફેદ કાચથી તેને મઢી દેવામાં આવેલ. તેના ઉપરથી બધા આવન-જાવન કરતા હતા. એકવાર આપ સહનમાં તખ્ત ઉપર બેઠા હતા અને હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ને અંદર આવવા હુકમ કર્યો. કાચ અથવા બીલોરમાંથી પાણીના તરંગો અને તેની અંદર માછલીઓને તરતી જોઈ, હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) સમજી કે હોજ છે, એટલે તેણે મોળિયાં (પાંચીયા) ઊંચા કર્યા. જેથી તેની પીંડલીઓ ખુલી ગઈ. હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) કહ્યું કે, આ હોજ કાચથી ઢાંકેલું છે. મોળિયાં ઊંચા કરવાની જરૂરત નથી, હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ની બેઅકલી હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) પાસે જાહેર થઈ જવાથી તે સહેજ ભોંઠી પડી, તેને ક્ષોભ થયો અને હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને કહ્યું, આ વખતે મે ભૂલ કરી, તેવી જ રીતે મેં મારા નફસ ઉપર પણ જુલમ કર્યો અને તેથી જ હું ખુદાને ઓળખવાથી મેહરૂમ રહી છું, પરંતુ હવે હું, હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની હિદાયતથી અલ્લાહ તઆલા ઉપર ઈમાન લાવું છું. ઇતિહાસકારો જણાવે છે કે, હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) સાથે નિકાહ કરી લીધેલ અને આપ તેનાથી મોહબ્બત કરતા હતા.

એક અરસા સુધી હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) ત્યાં રહી પછી આપે તેને તેના મુલક યમન મોકલી આપી અને દર માસે તેની મુલાકાતે જતા અને ત્રણ દિવસ ત્યાં રોકાતા. તારીખે ગઝીદાના કર્તા લખે છે કે, હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ના પેટે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ને ત્યાં એક પુત્ર પેદા થયો, જેનું નામ

"રજબઅમ" હતું. તે પોતાના પિતાની વફાત પછી તેના તખ્તો તાજનો વારસદાર બન્યો. તારીખે અનહમીસેના લેખકે "હયાતુલ હેવાન"ના હવાલાથી લખ્યું છે કે, હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)થી જે પુત્ર પૈદા થયો તેનું નામ આપે દાઊદ રાખ્યું હતું અને હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ની રાજધાનીનું શહેર "મારબ" નામે ઓળખાતું, જે યમનના એક ભાગ "સનઆ"માં હતું.

કુરઆને શરીફ અથવા બીજી આસ્માની કિતાબોમાં હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ના નિકાહ હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)થી થવાનું વર્ણન ક્યાંય મળતું નથી અને એ કંઈ જરૂરી પણ નથી. ખુદાતઆલાએ આવા કિસ્સાઓ કુરઆનશરીફમાં ઇબ્રત અને બોધ માટે ફરમાવેલ છે. પરંતુ કેટલાક ઇતિહાસવેત્તાઓએ નિકાહ થવા ઉપર ભાર દીધો છે. જ્યારે કેટલાકોએ લખ્યું છે કે જ્યારે હઝરત બિલ્કીસે (રદિયલ્લાહો અન્હા) ઇસ્લામ કબૂલ કર્યો અને તે ઇમાન લઈ આવી તો હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) તેને કહ્યું કે "તું નિકાહ કરી લે, કેમકે ઇસ્લામમાં નિકાહ આવશ્યક છે. તેથી તેણે કહ્યું કે, જો એમજ હોય તો મારા નિકાહ હમદાનના બાદશાહ ઝાતબઆથી કરાવી આપો. તેથી તેનો નિકાહ હમદાનના બાદશાહથી કરાવી દીધો. અને હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ને તેના વતન યમનમાં મોકલી આપી અને તેના ધણીને પણ હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)નો શરીક અને તે મુલકનો હાકિમ બનાવી દેવામાં આવ્યો. ઝાતબએ ઘણા કીલ્લા બનાવરાવ્યા. તેમાં સલખીન, મરાફાઅ, ફલયુત, હિન્દા વગેરે છે. પરંતુ આ કથન પ્રમાણભૂત નથી. મજકૂર કિલ્લા હઝરત બિલ્કીસે (રદિયલ્લાહો અન્હા) પોતાની મરજીથી બનાવરાવ્યા હતા. હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)ની વફાત પછી પણ યમનમાં રાજ કરતી હતી. પરંતુ અમુક લેખકોનો મત છે કે, હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) હઝરત સુલેમાન (અલયહિસ્સલામ)થી પહેલાં મરણ પામી

હતી અને "તદમોર"માં દફન થઈ હતી. પરંતુ હવે તેની કબરનું નામ નિશાન નથી. "ખાકમેં ક્યા સૂરતે હોંગી જો પિન્હાં હો ગઈ." હદીષ શરીફમાં છે, "ઈન્ન અહદા અબવય બિલ્કીસાકાન જીનીયા" એટલે કે "બિલ્કીસના મા અને બાપમાંથી એક જીન્ન હતો." (તારીખુલ અલખમીસ જીલ્દ પહેલી હી. સ. ૧૩૦૨ મિસરમાંથી પ્રકાશિત થયેલ.)

હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) જવાનીમાં બહુ જ હસીન ખૂબસૂરત, અક્કલમંદ યુક્તિબાજ હતી. પોતાના પિતાના સ્થાને જ્યારે હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા) ગાદી ઉપર બેઠી તો તે જમાનાના દસ્તૂર મુજબ બીજા બાદશાહો એ પણ તેને માન્ય રાખી. રાજકારભાર સંભાળીને હઝરત બિલ્કીસે (રદિયલ્લાહો અન્હા) નક્કી કર્યું કે તે અઠવાડિયામાં એકજ વખત દરબાર ભરશે. તે લોકોથી પરદો પણ કરતી હતી. તેણે એવી વ્યવસ્થા રાખી હતી કે દરબારમાં તે લોકોને જોઈ શકતી પણ લોકો તેને જોઈ શકતા નહીં. તેની હયબત અને જલાલનો એ હિસાબ હતો કે માણસો તેના પાસે નજર નીચી રાખીને ઉભા રહેતા. અરજદાર પ્રથમ સામ્રાજ્ઞીને સિજદએ તાઝીમ બજાવી લાવતો અને પછી પોતાની અરજ કરતો, તે સાંભળ્યા પછી તે તેનો નિકાલ કરતી. રાજ્યના કામકાજથી ફુરસદ મળતાં તે સાત ઓરડાના પોતાના મકાનના છેલ્લા ઓરડામાં જતી રહેતી અને તે સમયે બધા દરવાજા બંધ થઈ જતા. સેંકડો પહેરેગીરો રાત-દિવસ પહેરો ભરતા.

દહદ બિન મતબાએ કહ્યું છે કે, ઇસ્લામ લાવ્યા બાદ હઝરત બિલ્કીસે (રદિયલ્લાહો અન્હા) સાત વરસ સાત માસ બાદશાહી કરી. ત્યારબાદ તેનો ઈન્તેકાલ થયો. તેને શામના એક શહેર જેનું નામ 'મુદમર' છે, તેની દિવાલ નીચે તેને દફન કરવામાં આવી. એના મદફન (કબર)ને વલીદ બિન અબ્દુલ મલીક બીન મરવાનના જમાના સુધી કોઈ જાણતું નહોતું.

અબુ મુસા બિન જસરનું કથન છે કે, હું વલીદ બિન અબ્દુલ

મલીકની ખિલાફતના જમાનામાં મને 'મુદમર' શહેરમાં મોકલવામાં આવ્યો. મારા સાથે વલીદનો શાહજાદો અબ્બાસ બિન વલીદ પણ હતો. અમે 'મુદમર' પહોંચ્યા કે તરત જોરદાર વરસાદ વરસાદવા લાગ્યો. તેના કારણે શહેરની કેટલીક દિવાલો પડી ગઈ. એક દિવાલ પડી જતાં તેના નીચે એક તાબુત (એવી પેટી જેમાં મડદું રાખવામાં આવે છે.) જેવું દેખાયું. જેની લંબાઈ લગભગ ૩૦ ગજ જેટલી હતી, તે કેસરિયા રંગના પત્થરનું હતું. તે પત્થર ઉપર નીચેના જેવું લખાણ હતું.

'આ નેકબખ્ત બીબી બિલ્કીસનો તાબુત (કબર) છે, જે હઝરત સુલેમાન (અલયહિસ્સલામ) બિન દાઊદની પત્ની હતાં. તેઓ સન ૨૦ જુલુસ-સુલેમાનીમાં ઇસ્લામમાં દાખલ થયા હતા અને આસુરાના દિવસે હઝરત સુલેમાને (અલયહિસ્સલામ) તેમનાથી નિકાહ કરેલ. અને સન ૨૭ જુલુસ-સુલેમાનીના રબીઉલ અવ્વલના એક રવિવારે તેમની વફાત થઈ.'

એમ કહેવાય છે કે, મુદમર શહેરની એક દિવાલ નીચે હઝરત બિલ્કીસ (રદિયલ્લાહો અન્હા)ની દફન વિધિ રાત્રે એવા સમયે થઈ કે તે વિષે ત્યાં હાજર રહેલા સિવાય બીજા કોઈને ભાગ્યે જ તેની જાણ હશે. અબુ મુસા કહે છે કે, અમે તે તાબુતનો પરદો ઉઠાવ્યો, તો તેમાં અમને એક એવી લાશ દેખાણી કે તેને જાણે આજકાલમાં જ દફન કરેલ હોય. અમે અમારી આંખોથી આ વસ્તુ જોઈ છે. આ હકીકત ખલીફા વલીદને લખી મોકલી આપી. ત્યાંથી હુકમ આવ્યો, 'તે તાબુતને તેની અસલ સ્થિતિમાં અને તેજ જગ્યાએ રહેવા દેવામાં આવે અને તેના ઉપર આરસ પત્થરનો મકબરો બનાવી દેજો.

* * *

# હઝરત અલયસબાત (રદિયલ્લાહો અન્હા) (ઝવજએ હઝરત ઝકરિયા અલયહિસ્સલામ)

હઝરત ઝકરિયા અલયહિસ્સલામ-બૈતુલ મુકદસના ઈમામ અને નબી હતા. તેમની પત્નીનું નામ અલયસબાત હતું. તેમની વંશાવલી દાદાના તરફથી હારૂન બિન ઈમરાનથી અને નાના તરફથી યયુઝાથી મળે છે. અલયસબાતના બાપનું નામ ફાકુઝ હતું. ફાકુઝની બીજી પુત્રી 'હન્ના' હતી. બન્ને બહેનો વાંઝણી હતી. પરંતુ વૃદ્ધાવસ્થામાં હન્નાને 'મરયમ' નામની પુત્રી અવતરી હતી. અને અલય સબાતના પેટે હઝરત યાહ્યા (અલયહિસ્સલામ) જન્મ્યા હતા.

હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ) અને તેમના પત્ની બન્ને સત્યવાન, પ્રમાણિક અને ફરમાબરદાર હતા. તેઓ પોતાનો ઘણો ખરો સમય અલ્લાહની ઈબાદતમાં પસાર કરતા હતા. નિઃસંતાન હોવાનો રંજ તેમના દિલ ઉપર હંમેશા રહેતો. હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ) બહુ વૃદ્ધ થઈ ગયા હતા. વૃદ્ધાવસ્થાના કારણે કમર ઝુકી ગઈ હતી. શરીરમાં હાડ-ચામ સિવાય કંઈ જ નહોતું. 'મારે કોઈ ઔલાદ નથી.' હંમેશા તેમને તે વિચાર સતાવતો. બનવાકાળ એક દિવસ મરયમના હુજરા (ઓરડા)માં તેમણે કમોસમી ફળ જોયો. તેમણે મરયમને પૂછ્યું કે, 'આ ફળો તારા પાસે ક્યાંથી ?' મરયમે જવાબ આપ્યો. 'ખુદા પાસેથી જે તેને સાચા દિલથી ચાહે છે, તેને તે (ખુદા) બેહિસાબ આપે છે. તે ઉપરથી તેમને ધ્યાનમાં આવ્યું કે, જે કમોસમી ફળ આપી શકે છે, તે વૃદ્ધાવસ્થામાં ઔલાદ પણ જરૂર આપી શકે છે, તેઓ બૈતુલમુકદસમાં જઈને નમાઝે હાજત માટે ખુદા સમક્ષ ઉભા થઈ ગયા. હાલતે નમાઝમાં દિલ ભરાઈ આવ્યું, આપે આજીજીથી દુઆ માગી, 'અય રબ ! હું તારા પાસે સવાલ કરીને કદિ પણ મેહરૂમ રહ્યો નથી. હવે હું એ હાલાત ઉપર પહોંચી ગયો છું

કે, બદનમાં હાડકાં સિવાય કંઈ જ નથી. મારી પત્ની નિ:સંતાન છે. હું તારા પાસે ઈલ્તીજા કરૂં છું કે, મને એક નેક અને સાલેહ ફરઝંદ અતા ફરમાવ, જે મારા પછી મારો જાનશીન અને યાકુબ અને ઇસરાઈલી વંશનો વારસદાર બને.

નબુવ્વત અને બુઝર્ગીનો ઇસરાઈલને વાયદો કરવામાં આવ્યો હતો. ફરિશ્તા મારફત ખુશખબરી મળી કે, અમે તમને એક પુત્ર અતા કરશું, જેનું નામ યાહયા (યુહન્ના) હશે. આ અગાઉ એ નામનું કોઈ થયું નથી; અને તે ખુદાનો મકબુલ બંદો હશે. તે આ કોમની કથળેલી હાલતને દુરસ્ત કરશે. પાકબાઝ અને સાચી વાત કહેનારો હશે. દુનિયાના લોભ-લાલચથી તે પર હશે.

હઝરત ઝકરીયા અલયહિસ્સલામને આ સાંભળી પોતાની ઝઈફીનો અને પત્નીના વાંઝિયાપણાના વિચારથી આશ્ચર્ય થયું. 'આપે પૂછ્યું.' એ કેમ બની શકશે ? અમે બન્ને ઘરડા છીએ અને મારી પત્ની વાંઝણી છે. ફરિશ્તાએ જવાબ આપ્યો, ' અલ્લાહ તઆલા માટે એ બધું બહુ આસાન છે.'

હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ)એ તેની નિશાની માટે પૂછતાં ફરિશ્તાઓએ જવાબ આપ્યો. 'જ્યારે વખત આવશે તો આપની જીભ ત્રણ દિવસ સુધી ખુદબખુદ બંધ થઈ જશે. આ ખુશખબરી સાંભળી હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ) ઘેર આવ્યા, તેઓ બહુ ખુશીમાં હતા. તેમણે બધી હકીકત હઝરત અલયસબાત (રદિયલ્લાહો અન્હા)ને કહી સંભળાવી. થોડા સમય પછી તેમની જીભ એકાએક બંધ થઈ ગઈ, ત્રણ દિવસ સુધી મૂંગા થઈ ગયા, કોઈથી વાત કરી શક્યા નહીં. તેઓ સમજી ગયા કે અલ્લાહ પાક મારા ઉપર ફઝલ કરવાવાળો છે. અલયસબાત થોડા સમય પછી હામેલા (ગર્ભવતી) થયા. પાંચ મહિના સુધી તો હમલ (ગર્ભ) છુપાવતા રહ્યા, તેઓ બેહદ ખુશ હતા. એક તરફ અલયસબાત ગર્ભવતી હતા, તો બીજી તરફ બયતુલમુકદસમાં હઝરત મરયમ (રદિયલ્લાહો અન્હા)ને પુત્રની બશારત

આપવામાં આવી અને તે (મરયમ) માણસોથી સંતાતી ફરતી હતી અને થોડાજ વખતમાં તે બૈતુલમુકદ્દસમાંથી પોતાની માસી અલયસબાત પાસે આવી ગઈ. ઘરમાં દાખલ થતાં જ તેણે સલામ કરી. મરયમના સલામનો અવાજ અલયસબાતના કાને પડ્યો તો તેને એવું લાગ્યું કે જાણે છોકરો પેટમાંથી ઉછળીને પડ્યો; આ ઉપરથી હઝરત અલયસબાતે (રદિયલ્લાહો અન્હા) હઝરત મરયમ (રદિયલ્લાહો અન્હા)ને કહ્યું કે, તમે પણ હામેલા લાગો છો ? મુબારક થાય. હું માનું છું કે, મારા પેટમાંનું બચ્ચું, તમે આવ્યા તેથી, મારા પેટમાંના બચ્ચાના સ્વાગત માટે ઉછળ્યું છે."

હઝરત મરયમે (રદિયલ્લાહો અન્હા) અલ્લાહનો શુક્ર અદા કર્યો. હઝરત મરયમ (રદિયલ્લાહો અન્હા) આવી તે અરસામાં હઝરત અલયસબાત (રદિયલ્લાહો અન્હા)ને છઠ્ઠો મહિનો હતો અને બાકીના ત્રણ મહિના પૂરા થાય તે પહેલાં જ હઝરત મરયમ (રદિયલ્લાહો અન્હા) અહીંથી ચાલી ગઈ.

હઝરત અલયસબાત (રદિયલ્લાહો અન્હા)ને પુત્ર પેદા થયો તેથી તેના સગાં-સંબંધીઓ બહુ ખુશી થયાં. તેઓ પિતાના નામથી ઝકરિયા નામ રાખવા ચાહતા હતા. પરંતુ અલ્લાહતઆલાના હુકમ મુજબ માતા-પિતાએ તેનું નામ યાહ્યા (યુહન્ના) રાખ્યું. બધાને આશ્ચર્ય થયું કે આ નામ તો ક્યારેય સાંભળ્યું નથી. તેજ વખતે તે બાળક બોલવા લાગ્યું. આ જોઈ બધાને નવાઈ લાગી અને ઘર ઘર તેની ચર્ચા થવા લાગી.

હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ) અને તેમના પત્ની તે સમયે યરૂસલમમાં રહેતા હતા. આ તે જમાનો હતો કે જ્યારે યહૂદી સલ્તનત આથમી ચૂકી હતી. રોમન બાદશાહો તેમના ઉપર હકુમત કરતાં હતા. રોમન ગવર્નર ત્યાં રહેતો હતો. તે વખતના ગવર્નરનું નામ હીરોડોસ હતું. એ બહુ ઝાલિમ હતો. તેને જો ખબર પડી હોત કે છોકરો પેદા થયો છે તો તે તેની કતલ કરાવી નાખત.

હઝરત યાહયા પેદા થયા તો હઝરત અલયસબાત (રદિયલ્લાહો અન્હા) 'જબરૂત' શહેર મૂકીને વહાલા પુત્રને લઈને યહુઝાના પહાડોમાં એક પહાડમાં આશરો લેવા ત્યાં ચાલી ગઈ કે શાયદ જાન બચી જાય. ચાલીસ દિવસ પછી હઝરત અલયસબાન વફાત પામી, તેમની જીંદગીએ વફા ન કરી. યાહયાને એકલો મૂકીને અને તેને ખુદાને સોંપીને આખેરતમાં સીધાવી ગઈ.

હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ) પણ શહીદ થઈ ચુક્યા હતા. હવે તે પહાડોમાં હઝરત યાહયાના સિવાય ખુદાના કોઈ મદદગાર નહોતું; આમને આમ તેઓએ કેટલાક વરસ વીતાવ્યા અને જવાન થઈને ત્યાંથી નીકળ્યા. લોકોને વાએઝ, નસીહત કરતા હતા. એક ઓરતની ચઢામણીમાં આવીને જાલિમ હીરોડોસે આપને બેકસૂર શહીદ કરી નાખ્યા. માથું વાઢીને એક થાળીમાં રાખીને બાદશાહ સમક્ષ રજૂ કર્યું, આ રીતે હઝરત અલયસબાત (રદિયલ્લાહો અન્હા) હીરોડોસે અને ઝકરિયાના નુરેનઝર હઝરત યાહયાની હત્યા કરીને તેમના વંશનો ખાતમો કરી નાખ્યો. આ જમાનામાં હઝરત ઈસા પણ વાઅઝ અને નસીહત કરી રહ્યા હતા.

* * *

## હઝરત હન્ના (રદિયલ્લાહો અન્હા)
## (ઝવજએ હઝરત ઈમરાન અલયહિસ્સલામ)

હઝરત અલયસબાત (રદિયલ્લાહો અન્હા)ની બહેનનું નામ હન્ના હતું. એ પણ ફાકુઝની પુત્રી હતી. અને તેમના પતિ સુલેમાન બિન દાઉદની ઔલાદમાંથી હતા. અને તેમનું નામ ઈમરાન બિન માસાન હતું. હન્ના જ્યારે બહુ ઘરડી થઈ અને ઔલાદથી નાઉમ્મીદ થઈ ત્યારે પોતાની હાલત ઉપર અફસોસ કરતી હતી. તે સ્વયં કહ્યા કરતી કે અલ્લાહપાકે મને પણ ઔલાદ આપી હોત તો વાંઝિયાપણાનું

આ મહેણું ટળી ગયું હોત અને સગા-સંબંધીઓમાં પણ સુર્ખરૂ રહી શકી હોત. એક દિવસ તેઓ આ વિચારોમાં ડુબેલા હતા. ત્યારે તેમની નજર એક ઝાડની નીચે પડી. જોયું તો એક એકલવાયું પક્ષી ઝાડની છાયામાં પોતાના બચ્ચાને મહેનત કરીને ઘણા પ્રેમથી તેને ખવરાવતું હતું. તે જોઈને તેમના દિલમાં વિચાર આવ્યો કે જો અમને પણ ખુદાએ ઔલાદ અતા ફરમાવી હોત તો ! પછી ખુદા પાસે દુઆ કરી, 'અય અલ્લાહ ! મને પણ ઔલાદ અતા ફરમાવ અને આપે માનતા માની કે, જો મને ઔલાદ થશે તો તેને હું બૈતુલમુકદ્દસ માટે વકફ કરી દઈશ. તેના ખાદિમોમાં શામિલ કરી દઈશ.

અલ્લાહપાકે તેમની દુઆ કબૂલ કરી. થોડા દિવસો પછી તે હામેલા થઈ. તેણે રિવાજ પ્રમાણે જુનેન (ગર્ભમાંનું બાળક જે હજી પેદા થયું નથી)ને નઝરે અલ્લાહમાં લખી દીધું. પરંતુ એ ખબર નહોતી કે જુનૈન પુત્ર છે કે પુત્રી. જો પુત્ર પેદા થાય તો મા-બાપ બૈતુલમુકદ્દસની ખિદમત માટે વકફ કરી દેતા અને તે જવાન થાય ત્યાં સુધી ત્યાં જ રહેતો. જવાન થયા પછી તેની મરજી ઉપર હતું કે, તે કનસીયાનો ખિદમતગાર તરીકે ચાલુ રહે અથવા પોતાની ફરજથી અલગ થઈ જાય. પરંતુ તે મોહર્રર (મોહર્રર એટલે જેના સંબંધે લખાણ થઈ ગયું હોય તે) માત્ર છોકરાઓ જ થઈ શકતા. છોકરીઓ નહીં. ગર્ભવતી થયા પછી હન્નાએ પોતાના પતિ ઈમરાનને પોતાની માનતાની વાત કરી.

હઝરત ઈમરાને (અલયહિસ્સલામ) કહ્યું, અફસોસ ! તમે આ શું સમજીને કર્યું. તમને ક્યાં ખબર છે કે પુત્ર છે કે પુત્રી. બાબત એમ છે કે, છોકરી કનસીઆની ખિદમત માટે અનુકૂળ નથી.

આ સાંભળી હઝરત હન્ના (રદિયલ્લાહો અન્હા) વિચારમાં પડી ગઈ. દીકરો કે દીકરી અવતરે તે પહેલાં જ હઝરત ઈમરાન (અલયહિસ્સલામ)નું અવસાન. થયું.

સમય પૂરો થયે હન્નાને પુત્રી અવતરી અને પુત્રી બૈતુલ

મુકદ્દસની ખિદમત માટે યોગ્યતા ધરાવતી નથી અને દીકરીને રાખવાનો કાયદો પણ નહોતો. હન્નાને તો વિશ્વાસ હતો કે છોકરો પેદા થશે. તેને બહુ અફસોસ થયો અને તેણે હસરતથી ખુદાની બારગાહમાં અરજ કરી કે, મારા ત્યાં તો છોકરી જન્મી છે; હવે હું મારી માનતા કેવી રીતે પૂરી કરું ? તું જાણે છે કે પુત્રી પુત્રના બરાબર નથી હોતી. મેં તેનું નામ મરયમ (આબેદા) રાખ્યું છે. હું એને અને એની ઔલાદને તારી પનાહમાં આપું છું.

મરયમની રઝાઅત (બાળકને દૂધ પીવરાવવાની મુદ્દત) પૂરી થઈ તો બની ઇસરાઈલના રિવાજ મુજબ તેને હેકલમાં કાહિનો (ખુદ્દામ) પાસે મોકલી દેવામાં આવી. તેની દેખભાલ કોણ કરશે તે બાબત વાતચીત થઈ તો હઝરત ઝકરીયા (અલયહિસ્સલામ) એ હું તેનો વધારે હકદાર છું. એની માસી હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ)ની બીવી તેની દેખભાળ કરશે પણ એ કોઈએ માન્ય રાખ્યું નહીં. છેવટે કુરઆ (ચીઠ્ઠી)થી નક્કી કરવામાં આવતાં હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ)નું નામ નીકળ્યું. તેથી મરયમ હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ)ને સુપરત થઈ.

હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ)એ તેના માટે એક અલગ ઓરડાની વ્યવસ્થા કરી. અલ્લાહે મરયમને પસંદ ફરમાવી હતી. ગેબથી તેના માટે ખાવા-પીવાનું પણ આવતું હતું. મરયમ જવાન થઈ ગઈ.

એક દિવસ હઝરત મરયમ (રદિયલ્લાહો અન્હા) ગુસલ કરી, પાકસાફ થઈ તેના ઓરડામાં બેઠી હતી. એક હસીન યુવકના સ્વરૂપમાં હઝરત જીબ્રઈલ (અલયહિસ્સલામ) દેખાયા તેમને હઝરત મરયમ (રદિયલ્લાહો અન્હા)ને કહ્યું.

'ખુદા તને એક ભાગ્યશાળી ફરઝંદની ખુશખબરી આપે છે.'

હઝરત મરયમે (રદિયલ્લાહો અન્હા) જવાબ દીધો કે, 'ન તો હું કોઈ મરદ પાસે ગઈ છું કે ન હું બદકાર છું; પછી મને પુત્ર કેમ કરીને થશે ?'

'હઝરત જીબ્રઈલે (અલયહિસ્સલામ) કહ્યું, 'ખુદા તને એમજ પુત્ર દેશે.' પછી નજીક આવી તેમના કુરતાના ગીરેબાનમાં દમ કરી દીધું. (ફૂંક મારી) હઝરત મરયમ (રદિયલ્લાહો અન્હા) ગર્ભવતી થઈ ગઈ. પછી બદનામીના ડરથી પોતાના કાકાના પુત્ર યુસુફ સાથે પોતાની માસીને ત્યાં ચાલી ગઈ.'

પછી ત્રણ મહિના બાદ બાદશાહના હુકમથી ઈસ્મનવેશી માટે હીરોડોસની સત્તા હેઠળ રહેલ યરોસલમ આવી અને બૈતુલલહમમાં હઝરત ઇસા (અલયહિસ્સલામ) પૈદા થયા.

જ્યારે આપ પેદા થયા ત્યારે સૂકેલી ખજુરીઓમાં ખજુરના ઝુમખા દેખાવા લાગ્યા. પરંતુ યહૂદના લોકો આ ચમત્કાર જોવા છતાં હઝરત મરયમ (રદિયલ્લાહો અન્હા)ને ભલું બુરૂં કહેતા, ઠપકો આપતા કે તારી માતા હન્ના તો પાક દામન હતી. તેં આ શું કર્યું ? હઝરત મરયમે (રદિયલ્લાહો અન્હા) કહ્યું કે, 'આ બાળકને જ પૂછી જુઓ.' લોકોએ કહ્યું, 'આ દૂધ પીતું બાળક શું કહી શકશે !' ત્યારે હઝરત ઈસા (અલયહિસ્સલામ) જે દૂધ પીતા બાળક હતા. સ્વયં બોલી ઊઠ્યા, 'હું ખુદાનો બરગુઝીદા (પસંદ કરાયેલ) નબી છું. મારી વાલેદા પાક દામન છે.' તેથી બધાને આશ્ચર્ય થયું અને હઝરત મરયમ (રદિયલ્લાહો અન્હા) ઉપરનો આક્ષેપ દૂર થયો. પણ યહૂદોએ આ વાતને દબાવી દીધી. તે એ માટે કે ક્યાંક લોકો તેને ચાહવા ન લાગે. અને હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ) ઉપર તહોમત લગાવીને તેમને કતલ કરવાનો મનસૂબો (યોજના) બનાવ્યો. તેઓ (હઝરત ઝકરીયા) જંગલમાં એક ઝાડની અંદર (થડમાં) છૂપાઈ ગયા. યહૂદીઓએ કરવતથી તે ઝાડને કાપી નાખ્યું. જેથી હઝરત ઝકરિયા (અલયહિસ્સલામ)ના બે કટકા થઈ ગયા. આમ તેઓ નિર્દોષ હોવા છતાં, માર્યા ગયા. ત્યાર પછી હીરોડોસને નજુમીઓ મારફત ખબર પડી કે આ છોકરો યહૂદીઓનો બાદશાહ બનશે અને યહૂદીઓને બીજી કોમોથી છોડાવશે. તેમણે હઝરત ઈસા (અલયહિસ્સલામ)ને

કતલ કરવાની યોજના બનાવી.

ખુદાપાકે ફરિશ્તા મારફત યુસૂફને હુકમ કર્યો કે, છોકરો અને તેની માતાને લઈને મિસર ચાલ્યા જાવ. એક અરસા સુધી હઝરત ઈસા (અલયહિસ્સલામ) પોષણ પામતા રહ્યા. જ્યારે તેમણે સાંભળ્યું હીરોડોસ મરણ પામ્યો છે, તો યુસૂફ માતા-પુત્ર બન્નેને લઈને વતન પાછા આવ્યા અને પોતાના ગામ 'નસારા'માં રહ્યા. એ કારણે ઈસાઇઓ નસારા પણ કહેવાવા લાગ્યા. જ્યારે હઝરત ઈસા (અલયહિસ્સલામ) સમજદાર અને હોંશિયાર થઈ ગયા તો યહૂદીયોને જાતજાતના મોજીઝા (ચમત્કારો) બતાવીને હિદાયત કરવા લાગ્યા અને પોતાના બાર હવારિયોને લઈને યહૂદીઓની હિદાયત માટે ઘેરથી નીકળી પડ્યા. યહુદીયોને તેમનાથી નારાજી થઈ અને એ નારાજી દુશ્મનીમાં ફેરવાઈ ગઈ, તે એટલે સુધી કે બાદશાહ પલાતુસને હઝરત ઈસા (અલયહિસ્સલામ)ના કતલ માટે ઉશ્કેરી દીધો અને હઝરત ઈસા (અલયહિસ્સલામ)ને એક જગ્યામાંથી પકડીને લઈ ગયા. અલ્લાહપાકે તેમનામાંથી જ એક જણને મસીહની (હઝરત ઈસા (અલયહિસ્સલામ)ની) સૂરત જેવો બનાવી દીધો, અને હઝરત ઈસા (અલયહિસ્સલામ)ને આસમાન ઉપર બોલાવી લીધેલ. તે માણસને યહૂદીઓએ ખુબ તકલીફો આપીને મારી નાખ્યો. તે વખતે હઝરત ઈસા (અલયહિસ્સલામ)ની ઉંમર ૩૩ વરસની હતી અને આ બનાવ ઈસકંદરના ૩૩૬ વરસ પછી બન્યો. આ દરમ્યાન હન્ના પણ મરણ પામી હશે. તેમના વિષે વધુ હકીકત પ્રાપ્ત થઈ શકી નથી. અઝવાજે અંબિયા માટે જે જે કિતાબોની મદદ લેવામાં આવી છે, તે તમામ આધાર-ગ્રંથોની નોંધ આ નીચે આપેલ છે.

* * *

| નંબર | કિતાબનું નામ | કઈ ભાષામાં છે ? | લેખકનું નામ | ક્યાંથી પ્રગટ થઈ ? | કિતાબની ટૂંકી હકીકત-પરિચય |
|---|---|---|---|---|---|
| ૧. | કુરઆને શરીફ | અરબી | કલામુલ્લાહ | મીરઅલી મેહબુબ | તારીફથી બેનિયાઝ |
| ૨. | તફસીર લુબાબુલ તાવીલ માઅરૂલ તફસીરે ખાઝન | અરબી | મહીયુસ્સતા અલા-ઉદીન અતિબિન મહંમદ ઈબ્રાહીમ બગદાદી અલમારૂફ બિન ખા'ઝન | મકતબા તકદીમુલ અલીમીયા મીસર ઈ.સ. ૧૩૩૨ | મશ્હુર તફસીર છે. |
| ૩. | તફસીર સિરાજુલ મુનીર | અરબી | અલ્લામા મોહંમદ શરબીના ખતીબ | મતબઆ બુલાક, મીસર હી. સ. ૧૨૯૯ | મશહુર તફસીર છે. |
| ૪. | તફસીર રૂહુલ મઆની | અરબી | અબુલફઝલ શહા-બુદીન, સૈયદ મહેમુદ અલવસી બગદાદી. | મતબઆ અમીરીઆ બુલાક મિસર હી. સ. ૧૩૦૧ | બારમી સદીની લખેલી છે. પણ બહુ જ જામે તફસીર છે. |
| ૫. | તફસીરે હક્કાની | ઉર્દૂ | શમશુલ ઉલમા અબ્દુલ હક્ક સાહબ દહેલવી | મતબા અનસારી મુજતબાઈ | ઉર્દૂ ભાષામાં અજોડ તફસીર છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. | મુદ્રાહમાતુલ કુરઆન ફી મુબ્હાતુલ કુરઆન | અરબી | અલ્લામા જલાલુદ્દીન સુયુતી | મતબા મેમનીયા, મીસર હી. ૧૩૦૯ | લેખકનું નામ કીતાબની ખુબીની ગવાહી છે. |
| ૭. | અમદતુલ કારી, શરહ સહી બુખારી | અરબી | અલ્લામા બદરૂદીન મહેમુદ બિન આહમદ હનફી | દારૂલ તબાઅત અલ આમરી ઇસ્તંબુલ હી. સ. ૧૩૦૮ | આ શરહે સહીહ બુખારીની છે કાબીલે કદ્ર છે. |
| ૮. | મજમુઆ, કુતુબ મુકદ્દસ તૌરેત, ઇંજીલ, ઝબૂર વગેરે. | જમીએ બરતાનીયા | જમીએ બરતાનીયા, કાયમ ઈ. સ. ૧૮૦૪ | મતબુઆ ઓક્સફર્ડ યુનિવર્સિટી ઈ. સ. ૧૮૬૯ | અપ્રાપ્ય છે. બહુ જ સારો ભાષાંતર છે. |
| ૯. | કિતાબુલ દીવાનુલ મતબા માઅરૂફ બ તારીખે ઈબ્ને ખલ્દુન | અરબી | ઈબ્ને ખલ્દુન અલ મગરબી | — | આધારભૂત ગ્રંથ છે. |
| ૧૦. | તારીખે કામિલ ઈબ્ને અરબી ... | અરબી | અબ્દુલહસનઅલી બીન મોહમ્મદ શેખાની ઈબ્ને અસીર બરાઝી | મતબા મિસર | મશ્હૂર માઅરૂફ પ્રમાણ ભૂત કિતાબ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧. | તારીખુલ રસુલવરા મલુક માઅરૂફ બતારીખે તીબરી | અરબી | અમલ્લામા તીબરી ઈ.સ. ૧૮૮૧-૮૨ | હોલેંડ | ફ્રાન્સમાં એક કમિટીએ તૈયાર કરીને પ્રગટ કરી. ૮૫૭ હીજરીમાં |
| ૧૨. | તારીખે ગુઝીદા | ફારસી | હમીદુલ્લાહ બિન અબૂબકર | મતબા બ્રેલબીડન હોલેંડ ઈ. સ. ૧૯૧૦ | કલમી નુસ્ખો બહુ જ સારા અક્ષરોમાં લખાએલું તેની ફોટો કોપી |

ઉપર બાર કિતાબોના નામ લખ્યા છે. બીજી દસ કિતાબો અને તેમનું વર્ણનં સ્થળ સંકોચને લઈને લખ્યાં નથી. તેમાંથી એક કિતાબ કલકત્તામાં ફારસીમાં જામે તવારીખ અઝ ફકીરમહમદ વલદ રઝા. રહેવાસી રાજપુર. ઈ.સ. ૧૮૬૩માં લખાયેલ છે, તે હવે અપ્રાપ્ય છે. ક્યાંય મળતી નથી.

* * *

બઝમે રૂકનુદ્દીન નકશબંદી મુજદ્દિદી, અહમદાબાદ

પ્રકાશિત

હુઝુરે અકરમ નબીયે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સીરતે પાક પર ગુજરાતી ભાષામાં અણમોલ પુસ્તકો

*

## શવાહિદુન્નબુવ્વત

મહાન બુઝુર્ગ હઝરત મૌલાના અબ્દુર્રહમાન જામી નકશબંદી (રહમતુલ્લાહ અલયહ)ની રૂહાની કલમે લખાયેલ

ગુજરાતી ભાષામાં : બીજી આવૃત્તિ

ગુજરાતી અનુવાદ : જનાબ હાફિઝ ઇસ્માઈલ નબીપુરી સાહબ

હદિયા રૂ. ૧૦૦-૦૦ (પોસ્ટેજ ખર્ચ રૂ. ૪-૦૦ અલગ)

---

હઝરત અલ્લામા મુઈન વાઈઝુલ કાશફી (રહમતુલ્લાહ અલયહ)ની રૂહાની કલમે લખાયેલી

## મઆરીજુન્નબુવ્વત

(બીજી આવૃત્તિ)

ગુજરાતી સલીસકર્દા : જનાબ મઝહર અલ્વી સાહબ

કિંમત રૂ. ૧૨૦-૦૦ (પોસ્ટેજ ખર્ચ ૪-૦૦ અલગ)

**અમારા આગામી નવા પ્રકાશનો**

**ટુંક સમયમાં પ્રગટ થશે ઇન્શાઅલ્લાહ**

# હઝરાતુલ કુદસ

**હિસ્સા - ૧ (ગુજરાતી લિપિયાંતર)**

: લેખક :

હઝરત અલ્લામા બદરૂદ્દિન સરહિન્દી નકશબંદી મુજદ્દિદી

(રહમતુલ્લાહ અલયહ)

અમીરૂલ મોઅમિનીન હઝરત સૈયદના અબુબક્ર સિદ્દીક રદિયલ્લાહો અન્હોથી લઈને હઝરત ખ્વાજા બાકીબિલ્લાહ નક્શબંદ રહમતુલ્લાહ અલયહ સુધીના નક્શબંદી બુઝુર્ગોના તથા દીને ઇસ્લામના ચારે ખુલ્ફાએ રાશેદીન રીદવાનુલ્લાહે અલયહીમ અજમઈનના રૂહપરવર હાલાત.

---

# આદાબે બંદગી

હજ્જતુલ ઇસ્લામ અલ્લામા ઇમામ મોહંમદ ગિઝાલી રહમતુલ્લાહ અલયહ લિખિત હિદાયતુલ હિદાયાનું ગુજરાતી લિપિયાંતર.

## અખ્લાકી બુક ડીપોના પ્રકાશનો

| | |
|---|---|
| ૧. સીરતે મુજદ્દિદે આઝમ (સીરતે હઝરત મુજદ્દિદ અલ્ફેસાની રહમતુલ્લાહ અલયહ) | કિં. રૂ. ૧૮-૦૦ |
| ૨. હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ (રહમતુલ્લાહ અલયહ) (આવૃત્તિ બીજી) | કિં. રૂ. ૧૫-૦૦ |
| ૩. હઝરત સલમાન ફારસી (રહમતુલ્લાહ અલયહ) | કિં. રૂ. ૧૨-૦૦ |
| ૪. યહુદી કૌમ અને આપણે | કિં. રૂ. ૧૬-૦૦ |
| ૫. હઝરત ખ્વાજા ગરીબનવાઝ (રહમતુલ્લાહ અલયહ) | કિં. રૂ. ૨૦-૦૦ |
| ૬. હઝરત બાબા ફરીદ ગંજશકર (રહમતુલ્લાહ અલયહ) | કિં. રૂ. ૧૨-૦૦ |
| ૭. સીરતે હઝરત અલી રદિયલ્લાહો અન્હો | કિં. રૂ. ૫૨-૦૦ |
| ૮. સીરતે હઝરત ફારૂકે આઝમ રદિયલ્લાહો અન્હો | કિં. રૂ. ૪૦-૦૦ |
| ૯. સીરતે ગૌસુલ આઝમ રદિયલ્લાહો અન્હો | કિં. રૂ. ૩૨-૦૦ |
| ૧૦. શહીદે કરબલા | કિં. રૂ. ૨૪-૦૦ |
| ૧૧. તિબ્બે નબવી અને આધુનિક સાયન્સ | |
| આવૃત્તિ બીજી ભાગ-૧ | કિં. રૂ. ૧૨-૦૦ |
| આવૃત્તિ બીજી ભાગ-૨ | કિં. રૂ. ૧૨-૦૦ |
| આવૃત્તિ બીજી ભાગ-૨ | કિં. રૂ. ૧૨-૦૦ |
| ૧૨. બહારે શરીઅત ભાગ ૧ થી ૮ | દરેકની કિંમત અલગ |

(પોસ્ટેજ ખર્ચ અલગ)

**બઝમે રૂકનુદીન નકશબંદી મુજદ્દિદી. અહમદાબાદ**

**ઇલ્મેદીન તથા રૂકનેદીન શીખવા અને સમજવા માટે અમારા દીની પુસ્તકો વાંચો અને અન્યોને વાંચવાની ભલામણ કરો.**

| | | |
|---|---|---|
| ૧. | શવાહિદુન્નબુવ્વત (બીજી આવૃત્તિ) | કિં. રૂ. ૧૦૦-૦૦ |
| ૨. | મઆરીજુન્નબુવ્વત (બીજી આવૃત્તિ) | કિં. રૂ. ૧૨૦-૦૦ |
| ૩. | મેઅરાજુલ મુઅમિનીન | કિં. રૂ. ૫૦-૦૦ |
| ૪. | શહેનશાહે નક્શબંદ હઝરત ખ્વાજા બહાઉદ્દિન શાહ | કિં. રૂ. ૩૮-૦૦ |
| ૫. | સીરતે હઝરત બાયઝીદ બુસ્તામી | કિં. રૂ. ૨૦-૦૦ |
| ૬. | સીરતે હઝરત સિદ્દીકે અકબર (રદિયલ્લાહો અન્હો) | કિં. રૂ. ૬૦-૦૦ |
| ૭. | કિતાબુસ્સિયામ (રોઝાની કિતાબ) | કિં. રૂ. ૨૫-૦૦ |
| ૮. | આદાબે મુરીદીન | કિં. રૂ. ૧૬-૦૦ |
| ૯. | ગુજરાતના ઇતિહાસની એક ઝલક (યાદે ઐયામ) | કિં. રૂ. ૨૦-૦૦ |
| ૧૦. | તોહફએ આખિરત (ચોથી આવૃત્તિ) | કિં. રૂ. ૮-૦૦ |
| ૧૧. | અઝવાજે અંબિયા | કિં. રૂ. ૨૫-૦૦ |

**પ્રાપ્તિ સ્થાન**

૧. **બઝમે રૂકનુદીન નકશબંદી મુજદ્દિદી**
ત્રણ દરવાજા, ભઠીયારગલી પાસે, અહમદાબાદ - ૩૮૦ ૦૦૧.

૨. **અખ્લાકી બુક ડીપો**
ઠે. પાંચ હાટડી, મુ. મોડાસા, જી. સાબરકાંઠા.

૩. **ડાયમંડ સાયકલ એન્ડ મોટર કું.**
૬, મ્યુનિસિપલ મારકેટ, મિરઝાપુર, અહમદાબાદ - ૧.

**તમારા શહેરના જાણીતા પુસ્તક વિક્રેતાઓને ત્યાંથી અમારા પુસ્તકો અવશ્ય માંગો.**

૭૮૬/૯૨

# વિનંતી

બિરાદરાને ઇસ્લામ, અસ્સલામો અલયકુમ,

અમારી સંસ્થા તરફથી **દીને ઇસ્લામ વિશે ઓલીયા અલ્લાહ** તથા **બુઝુર્ગોની રૂહાની કલમ** વડે લખાયેલા અરબી-ઉર્દૂ ફારસી ભાષાના પુસ્તકોનું ગુજરાતી લિપિયાંતર અથવા અનુવાદ કરાવીને છેલ્લા ઘણા વર્ષોથી તેમનું નિરંતર પ્રકાશન કરવામાં આવે છે.

અમારી આપ સૌને નમ્ર વિનંતી છે કે

★ અમારી સંસ્થા દ્વારા પ્રકાશિન પુસ્તકો ખરીદ કરો.

★ તમે પોતે પણ વાંચો અને ઘરના તમામ સભ્યોને, મિત્રોને, સંબંધીઓને વાંચવાની પ્રેરણા આપો.

★ વાંચીને, વિચારીને, સમજીને ઇસ્લામી શરીઅત તથા સુન્નત તરીકા પ્રમાણે જીવનશૈલી અપનાવો,

★ તમારા ઘરમાં, ડ્રોઇંગ રૂમમાં, સ્ટડી રૂમમાં, ઓફિસમાં એક નાની સરખી લાયબ્રેરી બનાવો, અને તમારા ઘરની શોભા વધારો.

★ અને દીને ઇસ્લામના પ્રચાર અને પ્રસારમાં નિખાલસ્તાથી અમારી મદદ કરો.

અલ્લાહતઆલા સૌને ઇસમેદીન-રૂકનેદીન શીખવાની, સમઝવાની તથા તેના પર અમલ કરીને સિરાતે મુસ્તકીમ પર ચાલવાની નેક તૌફિક આપે. આમીન

---

હાજી ઉસ્માનભાઈ હસનભાઈ કુરેશી નકશબંદી મુજદિદી
સદર,

ડૉ. સાદિક યુ. કુરેશી નકશબંદી મુજદિદી
એમ.ડી. (મેડીસીન) સેક્રેટરી

**બઝમે રૂકનુદ્દીન નકશબંદી મુજદ્દિદી**